વર્ષઃ 6 અંકઃ 20

16-30 એપ્રિલ, 2026 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



# નક્સલ-મુક્ત નવું ભારત



**31 માર્ચ, 2026** નક્સલમુક્ત ભારતનું સપનું સાકાર થયું... પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારની મજબૂત રાજકીય ઈચ્છાશક્તિ અને વિકાસલક્ષી વિઝનને કારણે દેશભરમાં શાંતિ અને વિશ્વાસનું વાતાવરણ મજબૂત થયું છે.

ઈ-કૉપી માટે આ QR કોડ સ્કેન કરો.



પીએમ નરેન્દ્ર મોદીની અપીલ

# ફિટનેસ પર ધ્યાન આપો; ખાંડ અને તેલનો વપરાશ ઘટાડો

*'મન કી બાત' કાર્યક્રમ માટે દર મહિને દેશના વિવિધ ભાગોમાંથી અસંખ્ય સંદેશાઓ પ્રાપ્ત થાય છે. આ દર્શાવે છે કે છેવાડાના વિસ્તારોના લોકો પણ કેટલા ઉત્સાહથી આ કાર્યક્રમ સાંભળે છે. જનતા તરફથી મળતા સૂચનો એ સ્પષ્ટ કરે છે કે આ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ સંવાદનો એક સહિયારો મંચ છે. લોકો દ્વારા શેર કરવામાં આવેલા વિચારો અને અનુભવો આ કાર્યક્રમને વધુ સારો બનાવવાના પ્રયત્નોને પ્રેરણા આપે છે. 29 માર્ચના રોજ પ્રસારિત થયેલા ઍપિસોડમાં, પીએમ નરેન્દ્ર મોદીએ ફિટનેસ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ખાંડ તથા તેલનો વપરાશ ઘટાડવા સહિતના અનેક મહત્વના વિષયો પર વાત કરી હતી. અહીં તેના મુખ્ય અંશો પ્રસ્તુત છે..*

- **ગલ્ફ રાષ્ટ્રોનો આભાર:** હાલમાં, આપણા પડોશમાં એક ભીષણ સંઘર્ષ ચાલી રહ્યો છે. આપણા દેશના લાખો-કરોડો પરિવારોના સંબંધીઓ આ દેશોમાં વસવાટ કરે છે. હું ગલ્ફ દેશોનો ખૂબ જ આભારી છું, કારણ કે તેઓ ત્યાં વસતા 1 કરોડથી વધુ ભારતીયોને દરેક સંભવ મદદ પૂરી પાડી રહ્યા છે.
- **અફવાઓથી સાવધ રહો:** હું મારા તમામ સાથી નાગરિકોને સતર્ક રહેવા અને અફવાઓથી ગેરમાર્ગે ન દોરાવા અપીલ કરું છું. સરકાર દ્વારા આપવામાં આવતી સતત માહિતી પર જ વિશ્વાસ રાખો અને તેના આધારે જ પગલાં ભરો.
- **રાષ્ટ્રની શક્તિ:** હંમેશની જેમ, મને વિશ્વાસ છે કે જેવી રીતે આપણે ભૂતકાળના સંકટોને આપણા 140 કરોડ દેશવાસીઓની શક્તિથી પાર કર્યા છે, આ વખતે પણ આપણે સૌ સાથે મળીને આ મુશ્કેલ પરિસ્થિતિમાંથી વિજયી બનીને બહાર આવીશું.
- **જલ સંચય અભિયાન:** છેલ્લાં 11 વર્ષોમાં, 'જલ સંચય અભિયાન'એ જનજાગૃતિમાં મોટો વધારો કર્યો છે. આ અભિયાન હેઠળ, દેશભરમાં અંદાજે 50 લાખ કૃત્રિમ વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર્સ બનાવવામાં આવ્યા છે.
- **અમૃત સરોવર:** અમૃત સરોવર અભિયાન હેઠળ, લગભગ 70,000 'અમૃત સરોવર' (જળાશયો) બનાવવામાં આવ્યા છે. ચોમાસાની સીઝન શરૂ થાય તે પહેલા આ જળાશયોની સફાઈ અને જાળવણીની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.
- **સંસ્કૃતિ અને વારસો:** 'જ્ઞાન ભારતમ્' સર્વેક્ષણ આપણી ભવ્ય સંસ્કૃતિ અને સમૃદ્ધ વારસા સાથે અભિન્ન રીતે જોડાયેલું છે. તેનો ઉદ્દેશ્ય દેશભરમાં હાલમાં સચવાયેલી હસ્તપ્રતોની માહિતી એકત્રિત કરવાનો છે. આ સર્વેક્ષણમાં ભાગ લેવા માટે 'જ્ઞાન ભારતમ્' એપ એક મુખ્ય માધ્યમ તરીકે કામ કરે છે.
- **માય ભારત:** 'માય ભારત' સંસ્થા રાષ્ટ્ર નિર્માણની જવાબદારી નિભાવવામાં મોટી ભૂમિકા ભજવી રહી છે. આ સંસ્થા દેશના યુવાનોને વિવિધ હકારાત્મક પ્રવૃત્તિઓ સાથે સક્રિયપણે જોડી રહી છે.
- **જે રમશે તે ખીલશે:** હું અવારનવાર કહું છું કે, "જે રમશે તે ખીલશે". મને એ જોઈને આનંદ થાય છે કે આપણા દેશના યુવાનો હવે એવી રમતોને પણ અપનાવી રહ્યા છે જે પહેલા એટલી લોકપ્રિય નહોતી.
- **રોગમુક્ત રહો:** દરેકે પોતાની ફિટનેસ પર ધ્યાન આપવું જ જોઈએ. તમારી ખાંડની માત્રામાં ઘટાડો કરો. આપણે રસોઈ તેલના વપરાશમાં પણ 10%નો કાપ મૂકવાની જરૂર છે. આ નાના પ્રયત્નો દ્વારા, તમે સ્થૂળતા અને જીવનશૈલી સંબંધિત રોગોથી મુક્ત રહી શકો છો.
- **સાગરના યોદ્ધા:** આપણા માછીમાર ભાઈઓ અને બહેનો માત્ર સાગરના યોદ્ધા જ નથી; તેઓ 'આત્મનિર્ભર ભારત'નો મજબૂત પાયો પણ છે. માછીમારોને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા વ્યાપક સહાય પણ મળી રહી છે. આજે, મત્સ્યોદ્યોગ અને સમુદ્રી શેવાળની ખેતીના ક્ષેત્રમાં નવી નવીનતાઓ ઉભરી રહી છે. આપણા માછીમાર ભાઈઓ અને બહેનો આત્મનિર્ભર બની રહ્યા છે.
- **કરોડો વૃક્ષો:** 'એક પેડ મા કે નામ' અભિયાન દરમિયાન જનભાગીદારીની ભાવના સ્પષ્ટપણે જોવા મળે છે. આ પહેલ હેઠળ દેશભરમાં લાખો-કરોડો વૃક્ષો વાવવામાં આવ્યાં છે.
- **સોલર પેનલ્સ:** સોલર પેનલ્સ હવે રહેણાંક મકાનોની છત પર મોટી સંખ્યામાં લાગેલી જોઈ શકાય છે. થોડાં વર્ષો પહેલા સુધી તે ભાગ્યે જ જોવા મળતી હતી, જે માત્ર અમુક ઘરો પર જ દેખાતી હતી. જો કે, આજે 'પીએમ-સૂર્ય ઘર: મુક્ત બિજલી યોજના'ની અસર દેશના દરેક ખૂણે જોવા મળી રહી છે.

'મન કી બાત' સાંભળવા માટે
આ QR કોડ સ્કેન કરો.

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

વર્ષ: 6 | અંકઃ 20 | 16-30 એપ્રિલ, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ @NISPIBIndia

# અંદરના પાનાં પર...




**કવર સ્ટોરી**

છેલ્લાં 12 વર્ષોમાં, રાષ્ટ્રીય સુરક્ષાના ક્ષેત્રમાં ભારતે નક્સલવાદ અને માઓવાદી હિંસા સામેની લડાઈમાં નિર્ણાયક તબક્કો સફળતાપૂર્વક પાર કર્યો છે. કાયદાનું શાસન પ્રસ્થાપિત થયું છે. જે વિસ્તારો ક્યારેક 'રેડ કોરિડોર' તરીકે ઓળખાતા હતા તે હવે વિકાસ અને 'ગ્રીન ગ્રોથ'ના હબમાં પરિવર્તિત થયા છે. દાયકાઓ જૂના આ જોખમને નિર્ધારિત સમયમર્યાદામાં વ્યવસ્થિત રીતે નાબૂદ કરીને, 31 માર્ચ, 2026 સુધીમાં 'નક્સલ-મુક્ત ભારત'નો સંકલ્પ એક ઐતિહાસિક સિદ્ધિમાં પરિણમ્યો છે. | 12-24

**નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટ**




પીએમ નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના જેવરમાં નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું | 30-31

**પીએમ મોદીનું ગ્લોબલ સ્ટેજ પર સંબોધન**

## જાહેર હિત સર્વોપરી



પીએમ મોદીએ સંસદનાં બંને ગૃહોને સંબોધિત કર્યાં; જણાવ્યું: 'નવું ભારત' પ્રતિકૂળતાઓને તકોમાં બદલવાની ક્ષમતા ધરાવે છે | 37-39


સમાચાર સાર | 4-5

વ્યક્તિત્વઃ દાદાસાહેબ ફાળકે
ભારતીય સિનેમામાં આત્મનિર્ભરતા લાવનારા વિઝનરી | 6

જાહેર સેવકોઃ વિકસિત ભારતના શિલ્પીઓ
18મો સિવિલ સર્વિસીસ ડે, 21 એપ્રિલ | 7-11

રાષ્ટ્રીય નીતિઃ નવા ભારતના રાજકારણનો પાયો
પીએમ મોદીએ TV9 સમિટ 2026ને સંબોધિત કરી | 25-27

સુધારેલી ઉડાન યોજના અને ભારત ઔદ્યોગિક વિકાસ યોજના
કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો | 28-29

શિક્ષણઃ તકો ઊભી કરવા માટેનું એક મહત્વનું સાધન
રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અક્ષય પાત્ર કાર્યક્રમમાં ભોજન પીરસ્યું | 32-33

સશક્ત ગામડાં, સશક્ત પંચાયતોઃ ટકાઉ વિકાસ માટે મજબૂત પાયો
પંચાયતી રાજ દિવસ અને સ્વામિત્વનાં 6 વર્ષ | 34-36

'ટીમ ઈન્ડિયા' પશ્ચિમ એશિયા સંકટનો સંયુક્ત રીતે સામનો કરશે
પીએમ મોદીએ યુદ્ધનાં સંકટ અંગે મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી | 40-41

સ્પોર્ટ્સ ક્રાંતિ માટે એક મજબૂત રોડમેપ
ફ્લેગશિપ 'ખેલો ઈન્ડિયા' પહેલનો એક દાયકો પૂર્ણ. | 42-45

રાષ્ટ્રનો સાર વિશ્વ વારસામાં સમાયેલો છે
વિશ્વ વારસા દિવસ પર વિશેષ લેખ | 46-47

ભારતની એઆઈ અને સેમિકન્ડક્ટર પ્રગતિથી સમગ્ર માનવજાતને ફાયદો થશે
પીએમ નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાતઃ રૂ. 20,000 કરોડથી વધુની ભેટ | 48-50



પ્રકાશક અને મુદ્રકઃ કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુંઃ રૂમ નંબર- 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

# સંપાદકની કલમે...

# ભારતમાંથી લાલ આતંકનો સફાયો

## આદિવાસી વિસ્તારોમાં અવિરત વિકાસ થશે

સાદર નમસ્કાર!

ભારતને 'લાલ આતંક'ના પંજામાંથી મુક્ત કરવા માટે ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલું અભિયાન સફળ રહ્યું છે. બાર રાજ્યોમાં ફેલાયેલા 'રેડ કોરિડોર'માં વર્ષોથી કાર્યરત એક સમાંતર વ્યવસ્થા, ત્યાંના યુવાનોને ગેરમાર્ગે દોરીને અને હિંસા ફેલાવીને વિકાસમાં અવરોધ ઊભો કરી રહી હતી. આજે, કેન્દ્ર સરકારની સ્પષ્ટ વ્યૂહરચના અને સતત પ્રયત્નોને કારણે, આ વિસ્તારોમાં એક નવો યુગ શરૂ થઈ રહ્યો છે - એક એવો યુગ જે વિકસિત અને આત્મનિર્ભર ભારતના સંકલ્પ સાથે જોડાયેલો છે.

નક્સલવાદનો સામનો કરવા માટે સંવાદ, સુરક્ષા અને સંકલનની ત્રિ-પાંખીય વ્યૂહરચના અપનાવવામાં આવી હતી. પરિણામ સ્વરૂપ, 2024થી માર્ચ 2026 સુધીમાં, 706 નક્સલીઓ માર્યા ગયા છે, 2,218ની ધરપકડ કરવામાં આવી છે અને 4,839એ શરણાગતિ સ્વીકારી છે; તદુપરાંત, સેન્ટ્રલ કમિટી અને પોલિટ બ્યુરોના તમામ ટોચના સભ્યોનો સફાયો કરવામાં આવ્યો છે. એક તરફ કડક કાર્યવાહી દ્વારા હિંસા પર કાબૂ મેળવવામાં આવ્યો છે, તો બીજી તરફ રસ્તાઓ, ટેલિકોમ્યુનિકેશન, શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને નાણાકીય સર્વસમાવેશકતા જેવાં ક્ષેત્રોમાં નવી પહેલ દ્વારા વિકાસને તાજી ગતિ આપવામાં આવી છે.

આજે, તે પ્રદેશો - જે ક્યારેક ડર અને અસુરક્ષાનું પ્રતીક હતા - ત્યાં સ્થિરતા, વિશ્વાસ અને નવી શક્યતાઓના દ્વાર ખુલ્યા છે. છત્તીસગઢનું બસ્તર આ પરિવર્તનનું એક આકર્ષક ઉદાહરણ બનીને ઉભર્યું છે, જ્યાં હવે દરેક ગામમાં શાળાઓ અને રમતગમતની સુવિધાઓ સ્થાપિત કરવા ઉપરાંત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે અભિયાન ચાલી રહ્યું છે. 'બસ્તર ઑલિમ્પિક્સ' અને 'બસ્તર પંડુમ' જેવી ઈવેન્ટ્સ સામાજિક પુનઃનિર્માણ અને નવેસરથી જાગેલા આત્મવિશ્વાસનું પ્રતીક બની છે. આ પરિવર્તન માત્ર એક પ્રદેશ પૂરતું મર્યાદિત નથી; પરંતુ તે તમામ વિસ્તારોમાં સ્પષ્ટપણે દેખાય છે જે એક સમયે 'લાલ આતંક'થી ગ્રસ્ત હતા. આ પરિવર્તન 'વિકસિત ભારત 2047' માટે એક મજબૂત પાયો નાખે છે - એક એવું વિઝન જેમાં દરેક પ્રદેશ અને દરેક નાગરિક સમાન તકો સાથે આગળ વધી શકે છે. આ અમારા વર્તમાન અંકની કવર સ્ટોરી છે.

તદુપરાંત, વ્યક્તિત્વ વિભાગમાં દાદાસાહેબ ફાળકે વિશે વાંચો. કેન્દ્રીય કેબિનેટના નિર્ણયો, વિશ્વ વારસા દિવસ, ફ્લેગશિપ ખેલો ઇન્ડિયા યોજનાના એક દાયકાની પૂર્ણાહુતિ, 21 એપ્રિલે 18મો સિવિલ સર્વિસીસ દિવસ, અક્ષય પાત્રના 5 અબજ ભોજન વિતરણ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિની સહભાગિતા, પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ અંગે પીએમ નરેન્દ્ર મોદીનું સંસદમાં સંબોધન અને તેમના પખવાડિક કાર્યક્રમો અન્ય મુખ્ય આકર્ષણ છે. આ ઉપરાંત, મેગેઝિનના અંદરના પાના પર 'મન કી બાત', જ્યારે 22 એપ્રિલે ઉજવવામાં આવતા વિશ્વ પૃથ્વી દિવસ પર બેક કવર પર વિશેષ સામગ્રી પણ આ અંકનો ભાગ છે.

આપ પોતાના સૂચનો અમને મોકલતા રહો

(ધીરેન્દ્ર ઓઝા)

**હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**




### સરકારી યોજનાઓ અને પહેલને લગતી સામગ્રી અત્યંત નોંધપાત્ર છે

હું 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' મેગેઝિનનો નિયમિત વાચક છું. આ મેગેઝિનમાં પ્રકાશિત થતી સામગ્રી, ખાસ કરીને વિવિધ સરકારી યોજનાઓ અને પહેલને લગતી માહિતી મને અત્યંત તથ્યપૂર્ણ અને નોંધપાત્ર લાગે છે. આ મેગેઝિન વિદ્યાર્થીઓ માટે ઉપયોગી છે અને તેમાં પ્રકાશિત લેખો સરળ તથા સુલભ ભાષામાં લખાયેલા હોય છે.

m.prashus91@gmail.com

### નાગરિકો વિકાસ કાર્યો અને યોજનાઓ વિશે જાગૃત બની રહ્યા છે

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' પાક્ષિક મેગેઝિન ઉત્કૃષ્ટ અને વ્યવહારુ માહિતી પૂરી પાડે છે. અમારી શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો વતી, હું આ મેગેઝિનની પ્રશંસા કરવા માગું છું. તેના દ્વારા નાગરિકો દેશમાં અત્યારે ચાલી રહેલા વિકાસ કાર્યો અને યોજનાઓ વિશે સારી રીતે માહિતગાર થઈ રહ્યા છે. તે પ્રથમ વખતના વાચકોને વધુ મહેનત કર્યા વિના જટિલ મુદ્દાઓને સરળતાથી સમજવામાં મદદ કરે છે.

bharath417c@gmail.com

### સાગરમાલા કાર્યક્રમ: મેરીટાઈમ ઈન્ડિયા વિઝન 2030નો એક મુખ્ય સ્તંભ

મેં 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' મેગેઝિનમાં સાગરમાલા કાર્યક્રમ પર એક સ્ટોરી વાંચી. ભારતનો 95% વેપાર દરિયાઈ માર્ગો દ્વારા થાય છે. છેલ્લાં 11 વર્ષોમાં, સાગરમાલા કાર્યક્રમે 280 પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે, જેનાથી દેશનાં બંદરો અને કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નવું જોમ આવ્યું છે. 'મેરીટાઈમ ઈન્ડિયા વિઝન 2030' અને 'અમૃત કાલ વિઝન 2047' આ ગતિને વધુ મજબૂત બનાવશે.

સંજીવ સોના

### દરેક અંકમાં કંઈક નવું શીખવા મળે છે

મને 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' મેગેઝિનમાં ઊંડો રસ છે. આ પ્રકાશન દ્વારા, હું દેશ અને વિદેશમાં બનતી તમામ ઘટનાઓથી માહિતગાર રહું છું. હું દરેક અંકમાંથી કંઈક નવું શીખું છું. તે સમગ્ર દેશમાં ચાલી રહેલી સરકારી નીતિઓ અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અંગે વ્યાપક માહિતી પૂરી પાડે છે.

shaheedkharachiagp@gmail.com

### મેગેઝિનના આંકડા અને તથ્યો સચોટ માહિતી આપે છે


સૌ પ્રથમ, હું તમને અને તમારી આખી ટીમને 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' મેગેઝિનની સફળતા બદલ અભિનંદન આપવા માગું છું. આ મેગેઝિનમાં રજૂ કરવામાં આવેલા આંકડા અને તથ્યો જે માહિતી પૂરી પાડે છે તે એકદમ સચોટ છે. "વ્યક્તિત્વ શ્રેણી" આ મેગેઝિનનું મુખ્ય આકર્ષણ છે. સામાન્ય જનતાની સાથે સાથે યુપીએસસીના ઉમેદવારો પણ આ અદ્‌ભૂત અને માહિતીપ્રદ મેગેઝિન વાંચીને ઘણો લાભ મેળવી શકે છે.

achintasuri1996@gmail.com

**પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામું: રૂમ નંબર-1077, સૂચના ભવન, સીજીઓ કોમ્પ્લેક્ષ, નવી દિલ્હી - 110003.**

**ઈમેલ : response-nis@pib.gov.in**

# સમાચાર-સાર



## ઉનાળાની ઋતુમાં અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે ભારત સજ્જ

દેશ અત્યારે વીજળીનો પૂરતો પુરવઠો ધરાવે છે. ફેબ્રુઆરી 2026 મુજબ, દેશની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા વધીને 524 ગિગાવૉટ્સ થઈ ગઈ છે. એપ્રિલ 2014થી, ભારતે 299.87 GWની નવી ઉત્પાદન ક્ષમતા ઉમેરીને વીજ પુરવઠાની અછતની ગંભીર સમસ્યાનો સફળતાપૂર્વક ઉકેલ લાવી દીધો છે. પરિણામે, ભારત વીજ-અછત ધરાવતા રાષ્ટ્રમાંથી વીજ-સરપ્લસ ધરાવતા રાષ્ટ્રમાં પરિવર્તિત થયું છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંકટ છતાં, એપ્રિલથી જૂન 2026ના ઉનાળાના મહિનાઓ દરમિયાન અપેક્ષિત માગને પહોંચી વળવા માટે વૈકલ્પિક સ્ત્રોતોમાંથી વીજળી ઉત્પન્ન કરવા માટે વ્યાપક વ્યવસ્થાઓ કરવામાં આવી છે. નવા પાવર પ્લાન્ટ્સ શરૂ કરવા અને અન્ય (થર્મલ અને હાઈડ્રો)નાં નિર્માણ બાબતે સારી રીતે પ્રગતિ થઈ રહી છે, આ તમામ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થવાના માર્ગે છે. વીજ ઉત્પાદન કંપનીઓને સંપૂર્ણ કાર્યરત રહેવા અને દૈનિક ધોરણે મહત્તમ ઉત્પાદન સ્તર જાળવી રાખવા માટે નિર્દેશો જારી કરવામાં આવ્યા છે.



## ભારતે સતત બીજા વર્ષે 1 બિલિયન ટન કોલસા ઉત્પાદનનો આંકડો વટાવ્યો

કોલસા ક્ષેત્રમાં સતત અને સંકલિત પ્રયાસો તથા તમામ હિતધારકોનાં અમૂલ્ય યોગદાન સાથે, દેશે 20 માર્ચ, 2026ના રોજ સતત બીજા વર્ષે 1 બિલિયન ટન (બીટી) કોલસા ઉત્પાદનનું લક્ષ્ય સફળતાપૂર્વક હાંસલ કર્યું છે. આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન ઊર્જા ક્ષેત્રમાં ભારતની વધતી જતી આત્મનિર્ભરતા અને મુખ્ય ઉદ્યોગોને અવિરત બળતણ પુરવઠો સુનિશ્ચિત કરવાની તેની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. કોલસા ઉત્પાદનના આ વધેલા અને સતત સ્તરે દેશને ઊર્જાની વધતી માગને અસરકારક રીતે પહોંચી વળવા સક્ષમ બનાવ્યો છે, જ્યારે કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટ્સમાં રેકોર્ડબ્રેક કોલસાનો સ્ટોક જાળવી રાખવામાં પાવર સેક્ટરને ટેકો આપ્યો છે. આ સિદ્ધિ મજબૂત આયોજન, કાર્યક્ષમ અમલીકરણ અને સમગ્ર કોલસાની મૂલ્ય શૃંખલામાં મજબૂત સંકલન પ્રતિબિંબિત કરે છે.



## કચ્છમાં એક દાયકા પછી ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ (જીઆઈબી)નાં બચ્ચાનો જન્મ



અતિશય લુપ્તપ્રાય એવી ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ (જીઆઈબી) પ્રજાતિના સંરક્ષણમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. ગુજરાતના કચ્છમાં એક દાયકા પછી બચ્ચાનો જન્મ થયો છે. 'જમ્પસ્ટાર્ટ એપ્રોચ' તરીકે ઓળખાતી નવીન સંરક્ષણ વ્યૂહરચના દ્વારા આ સિદ્ધિ શક્ય બની છે; આ પદ્ધતિની જરૂરિયાત એટલા માટે ઊભી થઈ હતી કારણ કે કચ્છનાં ઘાસનાં મેદાનોમાં હાલમાં માત્ર ત્રણ માદા જીઆઈબી છે, અને આ પ્રદેશમાં એકપણ નર જીવિત બચ્યો નથી. આ પહેલના ભાગરૂપે, રાજસ્થાનના બ્રીડિંગ સેન્ટરથી 770 કિલોમીટરનું અંતર કાપીને એક ઈંડાને ગુજરાતમાં નિર્ધારિત માળાઓના સ્થળ સુધી લાવવામાં આવ્યું હતું. આ દેશમાં જીઆઈબી 'જમ્પસ્ટાર્ટ એપ્રોચ'નો પ્રથમ આંતરરાજ્ય અમલ છે, જે ગુજરાતમાં સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો છે. 'પ્રોજેક્ટ જીઆઈબી'ની પરિકલ્પના પીએમ નરેન્દ્ર મોદી દ્વારા 2011માં ગુજરાત સહિતના તેના કુદરતી રહેઠાણોમાં ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડના સંરક્ષણના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ વિધિવત રીતે 2016માં શરૂ કરવામાં આવ્યો હતો.

# રેલવે કન્ફર્મ ટિકિટ કેન્સલેશનના નિયમોમાં ફેરફારો

ભારતીય રેલવેએ કન્ફર્મ ટિકિટોના કેન્સલેશન અંગેના તેના નિયમોમાં અનેક ફેરફારો કર્યા છે. ટિકિટ કેન્સલ કરવા માટેના અગાઉના સમયગાળા ટ્રેન ઉપડવાના 48, 12 અને 4 કલાક પહેલાના હતા, તેને સુધારીને અનુક્રમે 72, 24 અને 8 કલાક કરવામાં આવ્યા છે. આ ફેરફાર રિઝર્વેશન ચાર્ટ તૈયાર કરવાની પ્રક્રિયા સાથે સુસંગત રહેવા માટે કરવામાં આવ્યો છે, ચાર્ટ હવે ટ્રેન ઉપડવાના 9થી 18 કલાક પહેલા તૈયાર કરવામાં આવે છે. રેલવેનો આ નવો નિયમ અત્યારે વેઈટિંગ લિસ્ટમાં રહેલા મુસાફરોને સીધો ફાયદો કરાવશે. જો કોઈ વ્યક્તિ 24થી 72 કલાક અગાઉ કન્ફર્મ ટિકિટ કેન્સલ કરે છે અથવા કરાવે છે, તો ભાડાના 25% કાપવામાં આવશે. જો 8થી 24 કલાક અગાઉ કેન્સલ કરવામાં આવે, તો 50% કપાત લાગુ થશે; જ્યારે 8 કલાકથી ઓછા સમય પહેલા કરવામાં આવેલા કેન્સલેશન માટે કોઈ રિફંડ આપવામાં આવશે નહીં. નવી જોગવાઈઓ હેઠળ, મુસાફરો હવે ટ્રેન ઉપડવાના 30 મિનિટ પહેલા સુધી પણ તેમનો ટ્રાવેલ ક્લાસ અપગ્રેડ કરી શકશે, જે ફેરફાર અગાઉ માત્ર રિઝર્વેશન ચાર્ટ તૈયાર થાય તે પહેલા જ શક્ય હતો. રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ ફેરફારો પાછળનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે સાચા મુસાફરોને જ ટિકિટ મળે. આ હેતુ માટે, અંદાજે 30 મિલિયન શંકાસ્પદ એકાઉન્ટ્સ પણ બંધ કરવામાં આવ્યા છે. રેલવે મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, હવેથી કાઉન્ટર ટિકિટ દેશના કોઈપણ રેલવે સ્ટેશન પર કેન્સલ કરાવી શકાશે.



## ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર આદિવાસી ઉત્પાદનોને પ્રોત્સાહન



આદિવાસી કલાકારોને સશક્ત બનાવવા અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાના પ્રયાસરૂપે, ટપાલ વિભાગે આદિવાસી બાબતોનાં મંત્રાલય હેઠળ કાર્યરત સંસ્થા ટ્રાઈબલ કોઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઑફ ઈન્ડિયા (ટ્રાઈફેડ) સાથે કરાર કર્યો છે. આ કરારની શરતો મુજબ, ટપાલ વિભાગ ટ્રાઈફેડના ઓનલાઈન માધ્યમો દ્વારા મળતા તમામ ઈ-કોમર્સ ઓર્ડર્સ માટે એન્ડ-ટુ-એન્ડ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પૂરા પાડશે. આ પહેલ આદિવાસી કલાકારો અને સાહસિકો માટે બજાર સુધીની પહોંચને નોંધપાત્ર રીતે મજબૂત બનાવશે. આ ભાગીદારી આદિવાસીઓની આજીવિકા વધારવા અને ડિજિટલ અર્થતંત્રમાં વિકાસને પ્રોત્સાહન આપવા માટે સજ્જ છે, જે સાથે સાથે આદિવાસી સમુદાયોની આવકમાં વધારો કરવામાં પણ યોગદાન આપશે.


## 50 મિલિયન ટન આયર્ન ઓરનાં ઉત્પાદન સાથે ઈતિહાસ રચાયો

ભારતની સૌથી મોટી આયર્ન ઓર ઉત્પાદક અને 'નવરત્ન' કેન્દ્રીય જાહેર ક્ષેત્રનું સાહસ એવી એનએમડીસી લિમિટેડે એક જ નાણાકીય વર્ષમાં 50 મિલિયન ટન આયર્ન ઓરનું ઉત્પાદન કરનારી દેશની પ્રથમ માઈનિંગ કંપની બનીને ઈતિહાસ રચી દીધો છે. 2015થી અત્યાર સુધીમાં, ઉત્પાદનમાં આશરે બે-તૃતીયાંશ ભાગનો વધારો થયો છે, જે 30 મિલિયન ટનથી વધીને 50 મિલિયન ટન સુધી પહોંચ્યું છે. આ વૃદ્ધિમાંથી, વર્તમાન ક્ષમતાનો લગભગ પાંચમો ભાગ માત્ર છેલ્લાં ચાર વર્ષમાં જ ઉમેરવામાં આવ્યો છે. ભારત 2030 સુધીમાં તેની સ્ટીલ ઉત્પાદન ક્ષમતા વધારીને 300 મિલિયન ટન કરવાના તેનાં લક્ષ્ય તરફ સતત આગળ વધી રહ્યું છે. ■



# દાદાસાહેબ ફાળકે...

## ભારતીય સિનેમામાં આત્મનિર્ભરતા લાવનારા વિઝનરી



***દાદાસાહેબ ફાળકે એવા દૂરદ્રષ્ટા હતા જેમણે 'મેક ઈન ઈન્ડિયા'નો પ્રચાર કર્યો અને ભારતીય સિનેમા ક્ષેત્રે 'આત્મનિર્ભરતા' લાવ્યા. ભારતીય સિનેમાના પિતામહ દાદાસાહેબ ફાળકે ઉર્ફે ધુંડીરાજ ગોવિંદ ફાળકે, તેમને બાળપણથી જ કલા પ્રત્યે ઊંડી શ્રદ્ધા હતી. તેમની ફિલ્મોમાં, તેમણે હંમેશા સ્થાનિક કલાકારોનો ઉપયોગ કર્યો અને સ્વદેશી લોકેશન તથા સ્થાનિક સ્તરે ઉપલબ્ધ ટેકનિકલ સપોર્ટના ઉપયોગનો આગ્રહ રાખ્યો. તેમની દેશભક્તિ, ભારતીય સિનેમા પ્રત્યેનો તેમનો જુસ્સો, તેમની અગમચેતી અને તેમનો કાયમી વારસો આજે પણ સમગ્ર વિશ્વના વાર્તાકારો અને ફિલ્મ નિર્માતાઓને પ્રેરણા આપે છે...***

**જન્મ**
30 એપ્રિલ, 1870

**મૃત્યુ**
16 ફેબ્રુઆરી, 1944

તેઓ એક એવા વ્યક્તિ હતા જેમની પાસે ન તો કોઈ સંપત્તિ હતી કે ન તો કોઈ વીમા પોલિસી. પરિણામે, તેમણે ફિલ્મ નિર્માણ માટે જરૂરી દરેક વસ્તુ મેળવવા માટે તેમની પત્નીનાં ઘરેણાં પણ વેચી દીધાં હતાં. આ અસાધારણ વ્યક્તિએ માત્ર ફિલ્મો જ બનાવી નથી, પરંતુ આવનારી પેઢીઓ માટે માર્ગ પણ મોકળો કર્યો છે. તેમણે ભારતના લોકોને સિનેમેટિક અનુભવની સુંદરતા સાથે પરિચય કરાવ્યો અને આ ઉદ્યોગને વિશ્વના સૌથી મોટા મનોરંજન ક્ષેત્રોમાંના એક તરીકે વિકસિત થવા માટેનો માર્ગ પ્રશસ્ત કર્યો. પટકથા લેખન, ફિલ્મ નિર્માણ અને દિગ્દર્શન સહિત વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનારા દાદાસાહેબ ફાળકેને ભારતીય સિનેમાના જનક તરીકે બિરદાવવામાં આવે છે. તેમણે જ ભારતની સૌપ્રથમ ફીચર ફિલ્મ 'રાજા હરિશ્ચંદ્ર'ની રિલીઝ સાથે ભારતીય સિનેમાની જાદુઈ દુનિયાનો પાયો નાખ્યો હતો.

30 એપ્રિલ, 1870ના રોજ મહારાષ્ટ્રમાં નાસિક નજીક ત્ર્યંબકેશ્વરમાં જન્મેલા દાદાસાહેબને 'ધ લાઈફ ઑફ ક્રાઈસ્ટ' ફિલ્મ જોયા બાદ ફિલ્મો બનાવવાની પ્રેરણા મળી હતી. પરિણામે, તેમણે 1912માં 'ફાળકે ફિલ્મ કંપની'ની સ્થાપના કરી. 3 મે, 1913ના રોજ, તેમણે મુંબઈના કોરોનેશન થિયેટરમાં તેમની પ્રથમ મૂક ફિલ્મ 'રાજા હરિશ્ચંદ્ર'નું પ્રદર્શન કર્યું. તે યુગ દરમિયાન, તેમણે ફિલ્મ નિર્માણમાં અસંખ્ય નવીન પ્રયોગો કર્યા અને 1917માં મહારાષ્ટ્રના નાસિકમાં 'હિન્દુસ્તાન ફિલ્મ કંપની'નો પાયો નાખ્યો. 19 વર્ષની કારકિર્દીમાં તેમણે 95 ફીચર ફિલ્મો અને 27 શોર્ટ ફિલ્મો સહિત અનેક ફિલ્મોનું નિર્માણ કર્યું. 'રાજા હરિશ્ચંદ્ર' ઉપરાંત, દાદાસાહેબની કેટલીક પ્રખ્યાત ફિલ્મોમાં 'મોહિની ભસ્માસુર', 'સત્યવાન સાવિત્રી', 'લંકા દહન', 'શ્રી કૃષ્ણ જન્મ' અને 'કાલિયા મર્દન'નો સમાવેશ થાય છે. તેમના દ્વારા નિર્મિત 'મોહિની ભસ્માસુર' મહિલા કલાકારોને દર્શાવતી પ્રથમ ફિલ્મ હતી, જ્યારે 1917માં બનેલી 'લંકા દહન' એ કોઈ અભિનેતા દ્વારા ડબલ રોલ ભજવવાની પ્રથમ ઘટના હતી. 1932માં નિર્મિત 'સેતુ બંધન' તેમની છેલ્લી મૂક ફિલ્મ હતી, જ્યારે તેમણે માત્ર એક જ બોલતી ફિલ્મ 'ગંગાવતરણ' બનાવી હતી. દાદાસાહેબ ફાળકેનું નામ ભારતીય સિનેમાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલું છે. 16 ફેબ્રુઆરી, 1944ના રોજ તેમનું અવસાન થયું.

સિનેમા ક્ષેત્રનું સર્વોચ્ચ સન્માન 'દાદાસાહેબ ફાળકે એવોર્ડ', ભારતીય સિનેમામાં ઉત્કૃષ્ટ યોગદાન અને સિદ્ધિઓ માટે એનાયત કરવામાં આવે છે. દાદાસાહેબના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે 1969માં આ પુરસ્કારની સ્થાપના કરવામાં આવી હતી. 1 મે, 2025ના રોજ 'વેવ્ઝ' સમિટમાં ભારતના સમૃદ્ધ સિનેમેટિક ઈતિહાસ પર વિચાર કરતી વખતે પીએમ નરેન્દ્ર મોદીએ દાદાસાહેબ ફાળકેને શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેમણે નોંધ્યું હતું કે 3 મે, 1913ના રોજ, ભારતની પ્રથમ ફીચર ફિલ્મ 'રાજા હરિશ્ચંદ્ર' રિલીઝ થઈ હતી, જેનું દિગ્દર્શન અગ્રેસર ફિલ્મ નિર્માતા દાદાસાહેબ ફાળકે દ્વારા કરવામાં આવ્યું હતું.

21 એપ્રિલ 2026, 18મો સિવિલ સર્વિસીસ ડે

# લોક સેવકો
## વિકસિત ભારતના શિલ્પીઓ



**શાસનની ગુણવત્તા એ બાબત પરથી નક્કી થાય છે કે યોજનાઓ લોકો સુધી કેટલી હદે પહોંચે છે અને પાયાનાં સ્તરે તેની વાસ્તવિક અસર શું છે. સિવિલ સર્વિસીસ આ પ્રયાસનો મુખ્ય આધાર છે... અને એટલા માટે જ સરદાર વલ્લભભાઈ પટેલે લોક સેવકો-સિવિલ સર્વન્ટ્સને રાષ્ટ્રનાં "પોલાદી માળખાં" તરીકે ઓળખાવ્યા હતા. જાહેર સેવા, નીતિ નિર્ધારણ અને તેના અમલીકરણમાં સિવિલ સર્વન્ટ્સની ભૂમિકાને સ્વીકારવા માટે દર વર્ષે 'સિવિલ સર્વિસીસ ડે' ઉજવવામાં આવે છે. 21 એપ્રિલના રોજ, રાષ્ટ્ર 18મો સિવિલ સર્વિસીસ ડે ઉજવી રહ્યું છે...**



ભલે તે સુશાસન સુનિશ્ચિત કરવાનું હોય કે યોજનાઓ અને નીતિઓનું અમલીકરણ કરવાનું હોય, લોક સેવકો- નાગરિક અમલદારોએ હંમેશા સમર્પણ અને પ્રતિબદ્ધતા સાથે રાષ્ટ્રની સેવા કરી છે. ખાસ કરીને એવા સમયે જ્યારે દેશ 'વિકસિત ભારત' બનવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે, ત્યારે નાગરિક અમલદારોની જવાબદારીઓ વધુ મહત્વપૂર્ણ બની જાય છે. આ જવાબદારીઓ અને વિકસિત ભારતની યાત્રામાં તેમની ભૂમિકા પર ભાર મૂકતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'નાગરિક દેવો ભવઃ'નો મંત્ર આપ્યો છે.

21 એપ્રિલ, 1947ના રોજ, વહીવટી સેવાના અધિકારીઓની પ્રથમ બેચને સંબોધિત કરતી વખતે, સરદાર વલ્લભભાઈ પટેલે સિવિલ સર્વન્ટ્સને રાષ્ટ્રના "પોલાદી માળખાં" તરીકે ઓળખાવ્યા હતા. તે અધિકારીઓને 'લોખંડી પુરુષ' સરદાર પટેલે આ સલાહ આપી હતીઃ દેશના નાગરિકોની સેવા કરવી એ હવે તમારી સર્વોચ્ચ ફરજ છે.

તેમણે સ્વતંત્ર ભારતની અમલદારશાહી માટે નવા માપદંડો સ્થાપિત કર્યા. એક એવો નાગરિક અમલદાર જે રાષ્ટ્રની સેવાને પોતાની સર્વોચ્ચ ફરજ માને છે. જે લોકશાહી ઢબે વહીવટ ચલાવે છે. જે પ્રામાણિકતા, શિસ્ત અને સમર્પણથી પ્રચૂર છે. જે દેશનાં લક્ષ્યો માટે દિવસ-રાત કામ કરે છે. આજે, જ્યારે આપણે 'વિકસિત ભારત' બનાવવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છીએ, ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલના શબ્દો વધુ પ્રસ્તુત બને છે. આ જ કારણ છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અવલોકન કરે છે કે, એક સમય હતો જ્યારે અમલદારશાહીની ભૂમિકા મુખ્યત્વે એક 'નિયમનકાર' તરીકેની હતી, જે ઉદ્યોગ સાહસિકતા અને ઔદ્યોગિકીકરણની ગતિને નિયંત્રિત કરતી હતી. પરંતુ દેશ હવે તે માનસિકતાથી ઘણો આગળ નીકળી ગયો છે. આજે, આપણે એવું વાતાવરણ બનાવી રહ્યા છીએ જે નાગરિકોમાં સાહસને પ્રોત્સાહન આપે અને તેમને દરેક અવરોધ પાર કરવામાં મદદ કરે. તેથી, સિવિલ સર્વિસે હવે માત્ર નિયમ પુસ્તકોના રક્ષક બનવાને બદલે, વિકાસના સક્રિય 'સૂત્રધાર' અને 'ફેસિલિટેટર' (સુવિધા આપનારા) બનવું જ જોઈએ.

### નવા ભારતના શિલ્પીઓ

એક સમય હતો જ્યારે કોઈ વ્યક્તિ સિવિલ સર્વન્ટ બનતી, તે ભૂમિકામાં આગળ વધતી અને તે જ ક્ષમતામાં સેવા આપવાનું ચાલુ રાખતી. પરંતુ હવે સમય બદલાયો છે. પ્રધાનમંત્રી મોદી જણાવે છે કે, "ભારત માટે મારી પાસે જે વિઝન છે, 140 કરોડ ભારતીયોની આંખોમાં હું જે સપના જોઉં છું, તે મને આ કહેવા માટે મજબૂર કરે છેઃ હવે તમે માત્ર સિવિલ સર્વન્ટ્સ નથી. તમે નવા ભારતના શિલ્પીઓ છો." શિલ્પીઓ તરીકેની તે જવાબદારી નિભાવવા માટે, આપણે આપણી જાતને સશક્ત બનાવવી પડશે, આપણો સમય રાષ્ટ્રીય લક્ષ્યો માટે સમર્પિત કરવો પડશે અને દરેક

## સરકારે અમલદારશાહીને બંધનોમાંથી મુક્ત કરી

છેલ્લાં કેટલાંક વર્ષોમાં, સરકારે અમલદારશાહીને તેના બંધનોમાંથી– ખાસ કરીને પ્રોટોકોલ અને પદાનુક્રમની મર્યાદાઓમાંથી મુક્ત કરી છે. જેમ તમે જાણો છો, પદાનુક્રમના આ અવરોધોને તોડવાની પ્રક્રિયાની શરૂઆત ખુદ પ્રધાનમંત્રી મોદીએ જ કરી હતી. તેઓ સચિવથી લઈને સહાયક સચિવ સુધીના અધિકારીઓ સાથે નિયમિતપણે વાતચીત કરે છે. તેઓ તાલીમાર્થી અધિકારીઓ સાથે પણ બેઠકો યોજે છે. વિભાગના તમામ સભ્યોમાં વધુ ભાગીદારી વધારવા અને નવા વિચારોના નિર્માણને પ્રોત્સાહિત કરવા માટે, તેમણે કેન્દ્ર સરકારમાં 'ચિંતન શિબિર'ના ખ્યાલને સક્રિયપણે પ્રોત્સાહન આપ્યું છે.

તેમના પ્રયાસોથી અન્ય એક મહત્વપૂર્ણ પરિવર્તન પણ આવ્યું છે. અગાઉ, અધિકારીઓને રાજ્યોમાં કેટલાંક વર્ષો સુધી સેવા આપ્યા બાદ જ ડેપ્યુટેશન પર કેન્દ્ર સરકારમાં કામ કરવાની તક મળતી હતી. અગાઉ કોઈએ આ જટિલ પ્રશ્ન પર વિચાર કર્યો ન હતોઃ જો આ અધિકારીઓ પાસે કેન્દ્ર સરકારમાં કામ કરવાનો અગાઉનો અનુભવ ન હોય, તો તેઓ પાયાનાં સ્તરે કેન્દ્રીય યોજનાઓનો અસરકારક રીતે અમલ કેવી રીતે કરી શકે? પરિણામે, 'આસિસ્ટન્ટ સેક્રેટરી પ્રોગ્રામ' દ્વારા તેમણે આ અંતરને દૂર કરવાનો પ્રયાસ કર્યો. હવે, યુવા આઈએએસ અધિકારીઓને તેમની કારકિર્દીની શરૂઆતમાં જ કેન્દ્ર સરકાર સાથે કામ કરવાની અને અનુભવ મેળવવાની તક આપવામાં આવે છે.

## નાગરિક અમલદારે ટેકનોલોજીકલ ક્રાંતિ માટે તૈયાર રહેવું જોઈએ

નાગરિક અમલદારોએ એવી કુશળતા પ્રાપ્ત કરવી જ જોઈએ જે તેમને માત્ર ટેકનોલોજી સમજવા માટે જ સક્ષમ ન બનાવે, પરંતુ તેમને સ્માર્ટ અને સર્વસમાવેશક શાસનની સુવિધા આપવા માટે પણ સશક્ત બનાવે. ટેકનોલોજીના આ યુગમાં, શાસનનો અર્થ માત્ર પ્રવર્તમાન પ્રણાલીઓનું સંચાલન કરવું એટલો જ નથી, પરંતુ શક્યતાઓના વ્યાપને અનેકગણો વધારવાનો પણ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને ક્વોન્ટમ ફિઝિક્સનાં ક્ષેત્રોમાં થઈ રહેલી ઝડપી પ્રગતિ સાથે તાલ મિલાવવા અને તેને સમજવા માટે, નાગરિક અમલદારોએ ચાલી રહેલી ટેકનોલોજીકલ ક્રાંતિ માટે સંપૂર્ણ રીતે તૈયાર રહેવું જોઈએ.



## સુશાસનથી જાગ્યો વિશ્વાસ

- અગાઉ, લોકોએ તેમના દસ્તાવેજો પ્રમાણિત કરાવવા માટે ગેઝેટેડ ઓફિસર પાસે જવું પડતું હતું. પરંતુ વર્તમાન કેન્દ્ર સરકારે નાગરિકોને તેમના દસ્તાવેજો સ્વ-પ્રમાણિત કરવાની સત્તા આપીને સશક્ત બનાવ્યા છે.
- 1 જાન્યુઆરી, 2016થી, સરકારી નોકરીઓમાં તમામ ગ્રૂપ સી અને ગ્રૂપ બી નોન-ગેઝેટેડ પોસ્ટ્સની ભરતી માટે ઈન્ટરવ્યુ નાબૂદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- અગાઉ, ફરિયાદ નિવારણમાં સરેરાશ 62 દિવસ લાગતા હતા, પરંતુ હવે તે ઘટાડીને 13 દિવસ કરવામાં આવ્યા છે. ઘણા કિસ્સાઓમાં, ફરિયાદોનો ઉકેલ 5થી 6 દિવસમાં પણ લાવવામાં આવી રહ્યો છે.

## નેશનલ સિવિલ સર્વિસીસ ડે: ઉજવણીનો ઉદ્દેશ

- સિવિલ સર્વિસ અધિકારીઓના કામ અને પ્રયત્નોને પ્રોત્સાહિત કરવા અને તેમની પ્રશંસા કરવી.
- કેન્દ્ર સરકાર આ અવસરનો ઉપયોગ સિવિલ સર્વિસીસ હેઠળના વિવિધ વિભાગોની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે કરે છે.
- કેન્દ્ર સરકાર એવા વ્યક્તિઓ અને જૂથોને એવોર્ડ આપે છે જેમણે અસાધારણ પ્રદર્શન કર્યું હોય.
- આ દિવસે, જાહેર વહીવટના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સેવાઓ આપવા બદલ કેન્દ્ર અને રાજ્ય સરકારો બંનેના અધિકારીઓને ભારતના પ્રધાનમંત્રી દ્વારા સન્માનિત કરવામાં આવે છે.



સામાન્ય નાગરિકનાં સપનાને આપણા પોતાના બનાવવા પડશે. જ્યારે આપણે આવું કરીશું, ત્યારે આપણે આપણી પોતાની આંખોથી 'વિકસિત ભારત'નો ઉદય જોઈ શકીશું.

### સિવિલ સર્વિસ સુધારાની પુનઃકલ્પના કરવાનો સમય

સિવિલ સર્વિસીસમાં સુધારાની પુનઃકલ્પના કરવાનો આ સમય છે. આપણે સુધારાની ગતિ વધારવાની અને તેમને વ્યાપક બનાવવાની જરૂર છે. ભલે તે ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોય, રિન્યુએબલ એનર્જીનાં લક્ષ્યો હોય, આંતરિક સુરક્ષા હોય, ભ્રષ્ટાચાર નાબૂદ કરવાનું આપણું મિશન હોય, સામાજિક કલ્યાણની યોજનાઓ હોય કે રમતગમત અને ઑલિમ્પિકનાં લક્ષ્યો હોય - દરેક ક્ષેત્રમાં આપણે નવા સુધારા લાવવા જ જોઈએ. આપણે અત્યાર સુધી જે હાંસલ કર્યું છે તે પ્રશંસનીય છે, પરંતુ હવે આપણે તેના કરતા અનેકગણું વધુ હાંસલ કરવાનું છે. અને આ બધાની વચ્ચે, આપણે હંમેશા એક વાત યાદ રાખવી જોઈએ: "દુનિયા ભલે ગમે તેટલી ટેકનોલોજી-આધારિત બની જાય, આપણે માનવીય નિર્ણયનાં મહત્વને ક્યારેય ભૂલવું જોઈએ નહીં." સંવેદનશીલ બનો, ગરીબોનો અવાજ સાંભળો, તેમની પીડા સમજો અને તેમની સમસ્યાઓ ઉકેલવાને તમારી સર્વોચ્ચ અગ્રતા બનાવો. જેવી રીતે આપણે 'અતિથિ દેવો ભવ:' કહીએ છીએ, તેવી જ રીતે આપણે 'નાગરિક

## સરકારે ભૂમિકા આધારિત અભિગમ પર ભાર મૂક્યો છે

- ક્ષમતા અને કૌશલ્ય નિર્માણને પ્રોત્સાહન આપવા માટે સિવિલ સર્વિસીસમાં એક નવું આર્કિટેક્ચરલ ફ્રેમવર્ક (માળખું) સ્થાપિત કરવામાં આવ્યું છે.
- શીખવાની પદ્ધતિઓ અને વ્યાવસાયિક વિકાસનું લોકશાહીકરણ કરવામાં આવ્યું છે.
- દરેક અધિકારી માટે, હવે તેમની વ્યક્તિગત ક્ષમતાઓ અને તેમની પાસેથી રાખવામાં આવતી અપેક્ષાઓને અનુરૂપ ચોક્કસ જવાબદારીઓ નિર્ધારિત કરવામાં અને સોંપવામાં આવી રહી છે.





***સિવિલ સર્વિસીસે હવે સમકાલીન પડકારો મુજબ પોતાની જાતને અનુકૂળ બનાવવી જ પડશે-માત્ર ત્યારે જ તેઓ પ્રસ્તુત રહી શકશે. આપણે આપણા માટે નિયમિતપણે નવા માપદંડો સ્થાપિત કરવા જોઈએ અને તેમને પ્રાપ્ત કરીને તેનાથી પણ આગળ વધતા રહેવું જોઈએ. સફળતાની સૌથી મોટી ચાવી તમારી જાતને સતત પડકારતા રહેવાની છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

દેવો ભવઃ'ના મંત્ર સાથે આગળ વધવું જોઈએ. તમારે તમારી જાતને માત્ર એક સિવિલ સર્વન્ટ તરીકે જ નહીં, પરંતુ એક 'વિકસિત ભારત'ના શિલ્પી તરીકે તૈયાર કરવી જ પડશે.

### સુશાસન એ જ ચાવી છે

પ્રધાનમંત્રીએ સરકારી સેવકોને કહ્યું કે જીવન પ્રત્યેના બે અભિગમો છેઃ પ્રથમ, 'ગેટિંગ થિંગ્સ ડન' (કામ પૂરું કરવું) અને બીજું, 'લેટિંગ થિંગ્સ હેપન' (જે થતું હોય તે થવા દેવું). પ્રથમ અભિગમ સક્રિય વલણ દર્શાવે છે, જ્યારે બીજો નિષ્ક્રિય વલણ પ્રતિબિંબિત કરે છે. જે લોકો 'કામ પૂરું કરવા' (Getting things done)માં વિશ્વાસ ધરાવે છે, તેઓ પ્રો-એક્ટિવ રીતે માલિકીની ભાવના સ્વીકારે છે અને તેમની ટીમના પ્રેરક બળ બને છે. પ્રધાનમંત્રીએ કર્મયોગીઓને કહ્યું કે, "લોકોનાં જીવનમાં પરિવર્તન લાવવાની આ પ્રબળ ઈચ્છાશક્તિ દ્વારા જ તમે એક યાદગાર વારસો છોડી શકશો. તમારું મૂલ્યાંકન તમે તમારા પોતાના માટે શું કર્યું છે તેનાથી નહીં, પરંતુ તમે લોકોનાં જીવનમાં કેવા પરિવર્તનો લાવ્યા છો તેના આધારે કરવામાં આવશે." તેથી, તેમણે કહ્યું કે, 'સુશાસન એ જ ચાવી છે. લોક-કેન્દ્રી શાસન સમસ્યાઓનો ઉકેલ લાવે છે અને વધુ સારાં પરિણામો આપે છે.'

પીએમ મોદીનો શાસન મંત્ર

# નાગરિક દેવો ભવઃ

*21મી સદીના આ યુગમાં, ઝડપથી વિકસતી પ્રણાલીઓની વચ્ચે, ભારત અત્યંત ઝડપે આગળ વધી રહ્યું છે. આ નવી વ્યવસ્થાને અનુરૂપ, ભારતની જાહેર સેવાઓમાં પણ સતત ફેરફારો કરવામાં આવ્યા છે. આ જ સંદર્ભમાં, 2જી એપ્રિલથી 8મી એપ્રિલ દરમિયાન 'કર્મયોગી સાધના સપ્તાહ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન, શાસનના મૂળ મંત્ર–'નાગરિક દેવો ભવઃ'–નો ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર સેવકોને સંબોધ્યા હતા અને જણાવ્યું હતું કે સામાન્ય નાગરિક માટે, સ્થાનિક કચેરી એ જ સરકારનો અસલી ચહેરો છે.*


## જાહેર સેવકો માટે પીએમ મોદીનો મંત્ર

- આપણું શાસન એવું હોવું જોઈએ કે જેનાથી દેશના નાગરિકોનું 'ઈઝ ઑફ લિવિંગ' (જીવન જીવવાની સરળતા) અને જીવનની ગુણવત્તામાં દિવસેને દિવસે સુધારો થાય.
- દરરોજ કંઈક નવું શીખવાની જરૂર છે; તમારે તમારી જાતને 'કર્મયોગી'ની ભાવનામાં ઢાળવી જ જોઈએ.
- વહીવટી સેવાઓમાં સુધારા અને પરિવર્તનનો મૂળ અર્થ જાહેર સેવકનાં આચરણ અને વલણમાં પરિવર્તન છે.
- સફળતાનો એક મૂળભૂત સિદ્ધાંત આ છેઃ બીજાએ દોરેલી લીટીને ટૂંકી કરવાનો પ્રયાસ કરવાને બદલે, તમારી પોતાની લીટી લાંબી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરો.
- જૂની વ્યવસ્થામાં, માત્ર સત્તાનાં પદ પર રહેવા પર વધુ ભાર મૂકવામાં આવતો હતો; આજે, ભારપૂર્વક કર્તવ્યની ભાવના પર ભાર મૂકવામાં આવે છે.
- ધારણ કરેલા પદને બદલે કાર્યનાં મહત્વને જ ઉચ્ચ સ્થાને રહેવા દો. કોઈપણ નિર્ણય લેતા પહેલા, તમારી જાતને પૂછોઃ "મારી ફરજ શું માગે છે?" આમ કરવાથી તમારા નિર્ણયની હકારાત્મક અસર અનેકગણી વધી જશે.
- તમારા કાર્યને વિકસિત ભારત 2047નાં વિઝન દ્વારા જુઓ–તમારી જાતને પૂછો કે તમારા પ્રયત્નો રાષ્ટ્રની વિકાસ યાત્રામાં કેવી રીતે યોગદાન આપે છે.
- વિચાર કરો કે આપણું વ્યક્તિગત પરિવર્તન કેવી રીતે સંસ્થાગત પરિવર્તનમાં વિકસી શકે છે.
- આ પૂર્ણ કરવા માટે અપાર ઊર્જાની જરૂર છે જે માત્ર સેવાની ઊંડી ભાવનામાંથી જ મેળવી શકાય છે.

પ્રધાનમંત્રીનું સંપૂર્ણ સંબોધન નિહાળવા માટે આ QR કોડ સ્કેન કરો


## વધુ સારા વહીવટ માટે ટેકનોલોજી

- જ્યારે આપણે 'શીખવા'ની વાત કરીએ છીએ, ત્યારે આજના વિશ્વના સંદર્ભમાં ટેકનોલોજીનું મહત્વ સર્વોપરી બની જાય છે.
- છેલ્લાં 11 વર્ષોમાં, આપણે વિવિધ સરકારી અને વહીવટી કાર્યોમાં–શાસન અને સેવા વિતરણથી લઈને અર્થતંત્ર સુધી–ટેકનોલોજીકલ ક્રાંતિની પરિવર્તનકારી શક્તિ જોઈ છે.
- એઆઈ (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ)ના ઉદય સાથે, પરિવર્તનની ગતિ તેજ થઈ રહી છે, જે જાહેર સેવા માટે ટેકનોલોજીકલ સમજ અને તેનો અસરકારક ઉપયોગ અનિવાર્ય બનાવે છે.
- અસરકારક વહીવટ અને સક્ષમ જાહેર સેવકની ઓળખ ટેકનોલોજી અને ડેટાની ઊંડી સમજ દ્વારા થશે.
- આ તમારા નિર્ણય લેવાની પ્રક્રિયા માટે પાયા તરીકે કામ કરશે. તેથી, એઆઈનાં ક્ષેત્રમાં સતત શીખવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.




### સિવિલ સર્વિસીસ ડેઃ સંકલ્પોનો દિવસ

સિવિલ સર્વિસીસ ડે એ માત્ર એક વાર્ષિક પરંપરા નથી; તે, સર્વોપરી રીતે, સંકલ્પો લેવાનો સમય છે. તે નિર્ધારિત સમયમર્યાદામાં નિર્ણયોની અમલવારી કરવા માટે જરૂરી ઉત્સાહ અને ઊર્જા સાથે આપણી જાતને સજ્જ કરવાની એક તક પૂરી પાડે છે. પીએમ મોદી માને છે કે, જો આપણે ઊર્જા, પ્રેરણા, શક્તિ, ક્ષમતા અને સંકલ્પની નવી ભાવના સાથે આ પ્રસંગનો અભિગમ કેળવીશું, તો આપણે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરવા ઈચ્છીએ છીએ તેને આપણે રૂબરૂ નિહાળી અને મેળવી શકીશું. તેઓ ભારપૂર્વક જણાવે છે કે ક્ષમતા નિર્માણ–આપણી પોતાની, આપણા સાથીદારોની અને સમગ્ર તંત્રની–એ દરેક ક્ષણે આપણો સતત પ્રયાસ હોવો જોઈએ.



# 'રેડ કોરિડોર'થી 'ગ્રીન ગ્રોથ કોરિડોર' તરફ

# નકસલ-મુકત ભારતનું નવું કથાનક



*ભારતે નક્સલવાદ અને માઓવાદી હિંસા સામેની લડાઈમાં એક નિર્ણાયક તબક્કો સફળતાપૂર્વક પાર કર્યો છે. છેલ્લાં 12 વર્ષોમાં, આ રાષ્ટ્રીય સુરક્ષાનાં ક્ષેત્રમાં એક નોંધપાત્ર વિજય તરીકે ઉભરી આવ્યું છે. દેશ હવે નક્સલવાદની જાળમાંથી મુક્ત થયો છે અને રાહતનો શ્વાસ લઈ રહ્યો છે. બોમ્બ અને બંદૂકોના વર્ચસ્વનું સ્થાન હવે બંધારણની શક્તિ અને કાયદાનાં શાસને લીધું છે. જે પ્રદેશો એક સમયે 'રેડ કોરિડોર' તરીકે ઓળખાતા હતા, તે હવે વિકાસ અને ગ્રીન ગ્રોથના હબમાં પરિવર્તિત થયા છે. ભય અને અંધકાર પર પ્રગતિનો વિજય થયો છે. એક નિશ્ચિત સમયમર્યાદામાં આ દાયકાઓ જૂના જોખમને પદ્ધતિસર રીતે નાબૂદ કરીને, 'નક્સલ-મુક્ત ભારત' માટેની પ્રતિજ્ઞા–31 માર્ચ, 2026 સુધીમાં–એક ઐતિહાસિક સિદ્ધિમાં પરિણમી છે, જે રાષ્ટ્ર માટે અપાર ગર્વની ક્ષણ છે...*

**જ્યાં એક સમયે બંદૂકોના અવાજો ગુંજતા હતા, ત્યાં હવે વિકાસના ગીતો સંભળાઈ રહ્યા છે. જ્યાં રાતો એક સમયે ડરના ઓછાયામાં વીતતી હતી, ત્યાં હવે આશાનાં કિરણો ઝળહળી રહ્યાં છે. જ્યાં જંગલોમાં ક્યારેક સન્નાટો છવાયેલો રહેતો હતો, આજે ત્યાં જીવન સ્મિત કરી રહ્યું છે. આજે, ભારત પોતાના સાહસ અને સંકલ્પ દ્વારા એક નવો ઈતિહાસ લખી રહ્યું છે.**

**30 માર્ચ, 2026ના રોજ સંસદમાં ગુંજેલી આ પંક્તિઓ, ભારતમાં નક્સલવાદનાં નિર્મૂલન અને નક્સલ-પ્રભાવિત વિસ્તારોમાં આવી રહેલા પરિવર્તનની એક કાવ્યાત્મક અભિવ્યક્તિ સમાન છે. જ્યાં એક સમયે બંદૂકો હતી, આજે ત્યાં રોજગાર છે; જ્યાં ક્યારેક ડર અને અંધકારનું વર્ચસ્વ હતું, આજે ત્યાં વિકાસ થઈ રહ્યો છે. આ એક નવા યુગનું વર્ણન કરે છે–જે વિકાસ, સુરક્ષા અને આકાંક્ષાઓથી ભરેલો છે–જ્યાં હિંસાનું સ્થાન પ્રગતિએ લીધું છે. આ એ વાતનો પુરાવો છે કે જ્યારે નીતિ, નિયત અને નેતૃત્વ એકસાથે મળીને કામ કરે છે, ત્યારે અશક્ય પણ શક્ય બને છે.**

ઘણીવાર, કેટલીક તારીખો અને ક્ષણો ઈતિહાસમાં કાયમ માટે સુવર્ણ અક્ષરોમાં અંકિત થઈ જાય છે. આવી જ એક તારીખ હવે 31 માર્ચ, 2026 બની ગઈ છે. અત્યાર સુધી, 31 માર્ચને નાણાકીય વર્ષના છેલ્લા દિવસ તરીકે અને વૈશ્વિક સ્તરે એફિલ ટાવરનાં ઉદ્ઘાટન અને યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રથમ વખત આફ્રિકન અમેરિકનને મતદાન કરવાની મંજૂરી મળી હતી તેવી ઘટનાઓ માટે યાદ કરવામાં આવતી હતી.

પરંતુ હવે, આ તારીખ "નક્સલ-મુક્ત ભારત" અને સામાજિક-આર્થિક વિકાસનાં પ્રતીક તરીકે પણ યાદ રાખવામાં આવશે. જે પ્રદેશો લાંબા સમય સુધી "રેડ ટેરર" (લાલ આતંક)ને કારણે વિકાસથી વંચિત રહ્યા હતા, તેઓ હવે પ્રગતિની નવી સફરની શરૂઆતના સાક્ષી બનશે. તે હાંસલ કરવામાં આવશે. ભારતને નક્સલ-મુક્ત બનાવવા માટે નિર્ધારિત તારીખ–31 માર્ચ–ના બરાબર એક દિવસ પહેલા, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે લોકશાહીના સર્વોચ્ચ મંદિર (સંસદ)માંથી આ સંકલ્પની પૂર્તિની જાહેરાત કરી હતી. તેની સાથે જ, દાયકાઓ જૂની નક્સલ સમસ્યા એક એવી હિંસક વિચારધારા હતી જેણે આદિવાસી વિસ્તારોમાં વિકાસને અવરોધ્યો હતો અને અશાંતિને વેગ આપ્યો હતો.

કેન્દ્ર સરકારની મક્કમ અને સ્પષ્ટ નીતિએ આ મુદ્દાનો અંત લાવ્યો છે. 31 માર્ચ, 2026, ઈતિહાસમાં એક એવી તારીખ તરીકે અંકિત થઈ ગઈ છે જેને દાયકાઓ જૂની સમસ્યાને તેના મૂળમાંથી ઉખેડી નાખવા માટે આવનારી સદીઓ સુધી યાદ રાખવામાં આવશે. બહુમુખી વ્યૂહરચના હેઠળ, કેન્દ્ર સરકારે મજબૂત સુરક્ષા કામગીરી, ઝડપી વિકાસની પહેલ અને કરુણાપૂર્ણ જોડાણ દ્વારા લાક્ષણિક નીતિ અમલમાં મૂકી હતી. સરકારના આ સંયુક્ત પ્રયાસોએ નક્સલવાદી માળખા અને તેના કેડરને તોડી પાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. હકીકતમાં, જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાર્યભાર સંભાળ્યો, ત્યારે ભારતની આંતરિક સુરક્ષા ત્રણ અત્યંત સંવેદનશીલ પ્રદેશોમાં ગંભીર રીતે પ્રભાવિત હતીઃ જમ્મુ અને કાશ્મીર, ઉત્તર-પૂર્વ, અને ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત રેડ કોરિડોર. 4-5 દાયકાઓથી, આ વિસ્તારોમાં અશાંતિને કારણે હજારો લોકોએ જીવ ગુમાવ્યા હતા અને મિલકતોને મોટું નુકસાન થયું હતું. રાષ્ટ્રીય બજેટનો મોટો હિસ્સો ગરીબોના વિકાસને બદલે આ હોટસ્પોટ્સને સંભાળવા પાછળ ખર્ચવામાં આવતો હતો. સુરક્ષા દળોએ પણ જાનહાનિ વેઠવી પડી હતી; જો કે, 2014 પછી, આ ત્રણેય મહત્વપૂર્ણ હોટસ્પોટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું અને સ્પષ્ટ લાંબા ગાળાની વ્યૂહરચનાના આધારે કામ કરવામાં આવ્યું હતું.

### નક્સલવાદનો ઉદ્ભવ

પશ્ચિમ બંગાળમાં 1967ના નક્સલબારી આંદોલનથી ઉદ્ભવેલો આ વિવાદ મુખ્યત્વે "રેડ કોરિડોર"માં ફેલાયો હતો, જેણે છત્તીસગઢ, ઝારખંડ, ઓડિશા, મહારાષ્ટ્ર, કેરળ, પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ અને આંધ્ર પ્રદેશ તથા તેલંગાણાના ભાગોને પ્રભાવિત કર્યા હતા. વર્ષ 1971માં સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં સૌથી વધુ હિંસક ઘટનાઓ–3,620–નોંધાઈ હતી. ત્યારબાદ, 1980ના દાયકા દરમિયાન, 'પીપલ્સ વોર ગ્રુપે' આ રાજ્યોમાં પોતાનો વ્યાપ વધાર્યો હતો.

આ દાયકા પછી, વિવિધ ડાબેરી જૂથો એકબીજા સાથે ભળવા લાગ્યા, જેનું પરિણામ 2004માં અગ્રણી સીપીઆઈ (માઓવાદી) જૂથની રચનામાં આવ્યું. નક્સલવાદી હિંસાએ અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. પશુપતિથી તિરુપતિ સુધી ફેલાયેલો આ પટ્ટો "રેડ કોરિડોર" તરીકે ઓળખાવા લાગ્યો. આ રેડ કોરિડોરે દેશના ભૌગોલિક વિસ્તારનો 17% હિસ્સો આવરી લીધો હતો, અને 120 મિલિયન (12 કરોડ)ની વસ્તી આ જોખમથી પ્રભાવિત હતી, જેમને વર્ષો સુધી અત્યંત ગરીબીમાં જીવવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા. તે સમયે દેશની 10% વસ્તી નક્સલવાદી હિંસાના સતત પડછાયા હેઠળ જીવી રહી હતી.

નક્સલવાદી હિંસાની સરખામણીમાં, દેશના અન્ય બે હોટસ્પોટ્સ - કાશ્મીરમાં 1% પ્રદેશ આતંકવાદથી અને ઉત્તર-પૂર્વમાં 3.3% પ્રદેશ સામાન્ય અશાંતિથી પ્રભાવિત હતો. આ પૃષ્ઠભૂમિમાં, 2014થી શરૂ કરીને, પ્રધાનમંત્રી મોદીનાં નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારે ત્રણ મુખ્ય સ્તંભોઃ સંવાદ, સુરક્ષા અને સંકલન પર ધ્યાન કેન્દ્રિત કરતી એક વ્યાપક વ્યૂહરચના શરૂ કરી હતી. આ સંદર્ભમાં, 2014થી 2026 સુધીનો સમયગાળો ભારતની આંતરિક સુરક્ષાના ઈતિહાસમાં



**તે સત્ય છે કે માઓવાદી હિંસાએ મધ્ય અને પૂર્વી ભારતના અનેક જિલ્લાઓની પ્રગતિને રૂંધી દીધી હતી. તેથી જ, 2015માં, અમારી સરકારે માઓવાદી હિંસાને જડમૂળથી ઉખેડી નાખવા માટે એક વ્યાપક રાષ્ટ્રીય નીતિ અને કાર્ય યોજના ઘડી હતી. હિંસા પ્રત્યે ઝીરો-ટોલરન્સ અભિગમની સાથે, અમે આ પ્રદેશોમાં વસતા ગરીબ લોકોનાં જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સામાજિક સશક્તિકરણ વધારવા પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



# 'રેડ કોરિડોર'થી નક્સલ-મુક્ત ભારત તરફ (2014-2026)

***કેન્દ્ર સરકારની વ્યૂહરચના–જે સુરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, નક્સલીઓના નાણાકીય નેટવર્કને તોડી પાડવા અને શરણાગતિની નીતિ પર કેન્દ્રિત હતી–તેનાં હકારાત્મક પરિણામો મળ્યાં છે. સામાન્ય રીતે નક્સલવાદ તરીકે ઓળખાતો ડાબેરી ઉગ્રવાદ (એલડબ્લ્યૂઈ) ભારતની સૌથી પ્રબળ આંતરિક સુરક્ષા પડકારોમાંનો એક હતો. કેન્દ્ર સરકાર અને અસરગ્રસ્ત રાજ્ય સરકારોના સહયોગથી, આ પ્રદેશોને હવે નક્સલ-મુક્ત જાહેર કરવામાં આવ્યા છે. દેશને નક્સલવાદમાંથી મુક્ત કરવા માટે હાથ ધરવામાં આવેલા પ્રયાસો...***

## રાષ્ટ્રીય નીતિ અને કાર્ય યોજના - 2015

- નક્સલવાદની સમસ્યાને જડમૂળથી ઉખેડી નાખવા માટે, 2015માં ડાબેરી ઉગ્રવાદ (એલડબ્લ્યૂઈ)ને પહોંચી વળવા માટેની રાષ્ટ્રીય નીતિ અને કાર્ય યોજના ('National Policy and Action Plan to Deal with LWE')ને મંજૂરી આપવામાં આવી હતી. આ માળખામાં સુરક્ષા સંબંધિત પગલાં, વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અને સ્થાનિક સમુદાયોના અધિકારો અને હકદારી સુનિશ્ચિત કરવા સહિતની વિવિધ વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.
- ડાબેરી ઉગ્રવાદ (એલડબ્લ્યૂઈ)થી પ્રભાવિત રાજ્યોમાં, કેન્દ્ર સરકારે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (સીએપીએફ)ની તૈનાતી, ઈન્ડિયા રિઝર્વ બટાલિયનની સ્થાપના, હેલિકોપ્ટર સપોર્ટની જોગવાઈ, પોલીસ તાલીમ અને આધુનિકીકરણ, અને જરૂરી ભંડોળ, શસ્ત્રો અને સાધનોના પુરવઠા જેવા પગલાં હાથ ધર્યા હતાં; વધુમાં, ઈન્ટેલિજન્સ શેરિંગ (બાતમીની આપ-લે) અને કિલ્લેબંધી ધરાવતા પોલીસ સ્ટેશનોનાં નિર્માણ માટે જોગવાઈઓ કરવામાં આવી હતી.

**3681.73 કરોડ રૂપીયા**

**2014-15થી સિક્યુરિટી રિલેટેડ એક્સપેન્ડિચર (એસઆરઈ) યોજના હેઠળ, રાજ્યોની ક્ષમતા વધારવા માટે ડાબેરી ઉગ્રવાદ (એલડબ્લ્યૂઈ) પ્રભાવિત રાજ્યોને જારી કરવામાં આવ્યા હતા.**

એક "સુવર્ણ યુગ" તરીકે અંકિત થવા જઈ રહ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે અનેક પ્રસંગોએ જણાવ્યું છે કે: "અમે 31 માર્ચ, 2026 સુધીમાં સમગ્ર દેશને નક્સલવાદી હિંસાથી મુક્ત કરવામાં નિઃશંકપણે સફળ થઈશું." આ જ દિશામાં, ઉત્તર-પૂર્વમાં 10,000થી વધુ યુવાનોએ શસ્ત્રો હેઠા મૂકી દીધાં છે અને મુખ્ય પ્રવાહમાં જોડાયા છે, અને 12થી વધુ શાંતિ કરારો દ્વારા આ ક્ષેત્રમાં શાંતિ સ્થાપવાનું એક યાદગાર કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. કલમ 370 નાબૂદી પછી જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં પણ વિકાસના નવા યુગની શરૂઆત થઈ છે.

### લાલ આતંકમાંથી મુક્ત ભારત

છેલ્લાં 12 વર્ષોમાં રાષ્ટ્રીય સુરક્ષાનાં ક્ષેત્રમાં ભારતની સૌથી મોટી સિદ્ધિઓમાંની એક નક્સલ-માઓવાદી આતંકવાદની કમર તોડવાની રહી

***2014થી, અમારી સરકારે નક્સલી-માઓવાદી આતંક વિરુદ્ધ વ્યાપક અભિયાન શરૂ કર્યું છે. આપણે 'અર્બન નક્સલ' અને આપણાં શહેરોની અંદરથી કામ કરતા તેમના સમર્થકોને નિષ્ક્રિય કર્યા છે; આપણે વૈચારિક યુદ્ધ જીત્યું છે; અને આપણે નક્સલીઓનો તેમના પોતાના ગઢમાં જ સીધો સામનો કર્યો છે. આ પ્રયાસોના પરિણામો આજે સમગ્ર રાષ્ટ્ર સમક્ષ સ્પષ્ટ છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***




# હિંસામાં સતત ઘટાડો


- 'નેશનલ પોલિસી એન્ડ એક્શન પ્લાન 2015'ના અમલીકરણથી હિંસામાં ઘટાડો થયો છે. ડાબેરી ઉગ્રવાદ (એલડબ્લ્યૂઈ)-જેણે દેશની આંતરિક સુરક્ષા માટે ગંભીર પડકાર ઉભો કર્યો હતો-તેને નિયંત્રણમાં લાવવામાં આવ્યો છે.

- એલડબ્લ્યૂઈ પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા 2014માં 126 હતી જે ઘટીને ડિસેમ્બર 2025માં માત્ર 11 થઈ ગઈ છે. હવે, કોઈ પણ જિલ્લો 'અત્યંત અસરગ્રસ્ત' રહ્યો નથી.


**અત્યંત અસરગ્રસ્ત જિલ્લાઓ**




**એલડબ્લ્યૂઈ દ્વારા હિંસક ઘટનાઓ**




**સુરક્ષા દળોમાં જાનહાનિમાં ઘટાડો**




**નક્સલી જાનહાનિ**

| વર્ષ | સંખ્યા |
|---|---|
| 2025 | 364 |

- 1,022 વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે 2,337 લોકોએ શરણાગતિ સ્વીકારી હતી.

**ડાબેરી ઉગ્રવાદ સંબંધી હિંસા નોંધાવતા પોલીસ સ્ટેશનો:**

| વર્ષ | પોલીસ સ્ટેશનો |
|---|---|
| 2010 | 465 |
| 2025 | 119 |
| 2026 | 60 |

**24** નક્સલીઓએ 23 મે, 2025ના રોજ શરણાગતિ સ્વીકારી.

**258** નક્સલીઓએ છત્તીસગઢમાં અને 61એ મહારાષ્ટ્રમાં ઑક્ટોબર 2025માં શરણાગતિ સ્વીકારી.

**7,409** ડાબેરી ઉગ્રવાદીઓની વર્ષ 2019થી 15 જાન્યુઆરી, 2026 વચ્ચે ધરપકડ કરવામાં આવી, જ્યારે 5,880એ શરણાગતિ સ્વીકારી.

## સંકલ્પ વાસ્તવિકતામાં પરિવર્તિત

**706**
2024, 2025 થી માર્ચ 2026 સુધીમાં એન્કાઉન્ટરમાં નક્સલીઓ માર્યા ગયા.

**2,218**
નક્સલવાદીઓની ધરપકડ કરવામાં આવી.

**4,839**
નક્સલવાદીઓએ શરણાગતિ સ્વીકારી.

છે. 2014 પહેલા, આપણા દેશમાં પરિસ્થિતિ એવી હતી કે નક્સલવાદી-માઓવાદીઓ ભારતના હૃદય સમાન વિસ્તારોમાં પોતાની સમાંતર સરકારો ચલાવતા હતા. તે પ્રદેશોમાં ભારતનું બંધારણ કાર્ય કરતું નહોતું. ત્યાં પોલીસ અને વહીવટીતંત્ર કામ કરવામાં અસમર્થ હતા, અને શાસનનું તંત્ર આ જૂથો સામે સંપૂર્ણપણે લાચાર દેખાતું હતું. 2014 પહેલા, દેશના અંદાજે 125 જિલ્લાઓ માઓવાદી હિંસાથી પ્રભાવિત હતા. જો કે, છેલ્લાં 12 વર્ષોના અથાક પ્રયત્નોના પરિણામે, રાષ્ટ્ર આજે માઓવાદી આતંકમાંથી મુક્ત થઈને મુક્તપણે શ્વાસ લઈ રહ્યું છે. લાખો લોકો, પેઢીઓમાં પ્રથમ વખત, ભયના પડછાયામાંથી બહાર આવ્યા છે અને હવે વિકાસના મુખ્ય પ્રવાહનો ભાગ બન્યા છે. જે પ્રદેશોમાં માઓવાદી નક્સલીઓ પહેલા રસ્તા, શાળા અને



## પુનર્વસન અને પ્રોત્સાહનોની અસર પણ સ્પષ્ટ છે

- પુનર્વસન પેકેજમાં–અન્ય જોગવાઈઓની સાથે–ટોચના એલડબ્લ્યૂઈ (ડાબેરી ઉગ્રવાદી) કેડરો માટે ₹5 લાખ અને અન્ય એલડબ્લ્યૂઈ કેડરો માટે ₹2.5 લાખની તાત્કાલિક ગ્રાન્ટની જોગવાઈ છે.

**50,000**

**નું પ્રોત્સાહન શરણાગતિ વખતે આપવામાં આવે છે, અને સામૂહિક શરણાગતિના કિસ્સામાં આ રકમ બમણી કરવામાં આવે છે.**



- શરણાગતિ સ્વીકારનાર દરેક વ્યક્તિને એક મોબાઈલ ફોન આપવામાં આવે છે.

- શસ્ત્રોના સમર્પણ માટે વળતર આપવામાં આવે છે.
- પુનર્વસન કેન્દ્રો પર કૌશલ્ય તાલીમ અને ટૂલકીટનું વિતરણ કરવામાં આવે છે.

**10,000**

**પ્રતિ માસની નાણાકીય સહાય તમામ લાભાર્થીઓ માટે 36 મહિના સુધી આપવામાં આવે છે, સાથે જ પીએમ આવાસ યોજના હેઠળ આવાસ સહાય પણ પૂરી પાડવામાં આવે છે.**

- પંચાયતને 'નક્સલ-મુક્ત' જાહેર કરવામાં આવે ત્યારે, તેના વિકાસ માટે ₹1 કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.
- જોગવાઈઓમાં તેમનાં બાળકો માટે 12મા ધોરણ સુધીનું મફત શિક્ષણ સામેલ છે. મહિલાઓ માટે 2 લાખ સુધીની અને પુરુષો માટે ₹5 લાખ સુધીની લોનની સુવિધા પણ આપવામાં આવે છે.

હૉસ્પિટલોનાં નિર્માણને અટકાવતા હતા અને હાલની માળખાકીય સુવિધાઓને પણ બૉમ્બથી ઉડાવી દેતા હતા. તેઓ ડૉક્ટરોને ગોળી મારી દેતા, મોબાઈલ ટાવર લાગતા અટકાવી દેતા હતા, કેદીઓને છોડાવવા માટે સુરક્ષા દળોના કૅમ્પ પર હુમલો કરતા, શસ્ત્રો લૂંટતા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં રોકાયેલા કોન્ટ્રાક્ટરો પાસેથી કમિશન ઉઘરાવતા અને ટ્રકો તથા રેલવે માલગાડીઓને આગ ચાંપી દેતા હતા; તેમ છતાં હવે ત્યાં હાઈવે

> **આઝાદીના સમયથી આ દેશના લોકો જે અનેક મોટાં કાર્યોની ઈચ્છા રાખતા હતા, તે નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં આ 12 વર્ષો દરમિયાન પૂર્ણ થયાં છે. તદુપરાંત, નક્સલવાદ મુક્ત ભારતનું નિર્માણ પણ બરાબર નરેન્દ્ર મોદીના શાસન હેઠળ આકાર લઈ રહ્યું છે. એક રીતે જોઈએ તો, આ 12 વર્ષ રાષ્ટ્ર માટે અત્યંત શુભ સાબિત થયા છે.**
>
> – **અમિત શાહ, કેન્દ્રીય ગૃહ મંત્રી**

બની રહ્યા છે અને નવા ઉદ્યોગો સ્થપાઈ રહ્યા છે. રાષ્ટ્ર આ સફળતા માટે તેના સુરક્ષા દળોનાં સમર્પણ, બલિદાન અને બહાદુરીનું ઋણી છે. પરિણામસ્વરૂપ, 2025માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર રાષ્ટ્રને પોતાનું ગંભીર આશ્વાસન આપ્યું હતુંઃ જ્યાં સુધી દેશ નક્સલવાદી-માઓવાદી આતંકના અભિશાપમાંથી સંપૂર્ણપણે મુક્ત નહીં થાય, ત્યાં સુધી તેઓ ન તો તેમના પ્રયત્નોમાં વિરામ લેશે અને ન તો મિશન પૂર્ણ થાય ત્યાં સુધી આરામ કરશે.

### સંવાદ-સુરક્ષા-સંકલન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારતની નક્સલવાદ સામેની લડાઈ સુરક્ષા, વિકાસ અને સામાજિક ન્યાયની ત્રિપુટી પર આધારિત છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સતત અને સક્રિય સહયોગ દ્વારા દેશે 31 માર્ચ, 2026 સુધીમાં 'નક્સલ મુક્ત' બનવાનું લક્ષ્ય હાંસલ કર્યું છે. આ (સફળતા) સરકારની એક દાયકાની નિર્ણાયક નીતિ અને શાંતિ તથા વિકાસ પ્રત્યેની તેની અતૂટ પ્રતિબદ્ધતાના પુરાવા સમાન છે. સરકારે નક્સલવાદ વિરુદ્ધ એક સંકલિત, બહુમુખી અને મજબૂત વ્યૂહરચના અપનાવી છે–આ એક એવો અભિગમ છે જે અગાઉના વહીવટીતંત્રોની ખંડિત કાર્યપદ્ધતિઓને બદલવામાં સફળ સાબિત થયો છે.

સંવાદ→સુરક્ષા →સંકલનના સ્પષ્ટ સિદ્ધાંતો દ્વારા માર્ગદર્શન મેળવીને, સરકારે માર્ચ 2026 સુધીમાં દરેક નક્સલ પ્રભાવિત પ્રદેશને સંપૂર્ણપણે નક્સલ-મુક્ત બનાવવામાં સફળતા મેળવી છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના જણાવ્યા અનુસાર, ભૂતકાળમાં ખંડિત અભિગમ, ઘટના-આધારિત પ્રતિક્રિયાશીલ પગલાં અને કાયમી નીતિવિષયક માળખાનો સંપૂર્ણ અભાવ હતો. એક રીતે જોઈએ તો, સરકારના પ્રતિસાદનું સ્ટીયરિંગ અસરકારક રીતે નક્સલીઓના હાથમાં



## ત્રણ તારીખો... દિશામાં એક મોટું પરિવર્તન

*વિકાસ માટે, કેન્દ્ર સરકારે "Whole-of-Government" (સમગ્ર સરકાર) અભિગમ અપનાવ્યો; જ્યારે સુરક્ષાનો ગાળિયો વધુ કડક કરવા માટે, તેણે પોતાની વ્યૂહરચનાને "Whole-of-Agency" (સમગ્ર એજન્સી)ના પરિપ્રેક્ષ્યમાં બદલી-એક એવું પરિવર્તન જેમાં ત્રણ વિશિષ્ટ તારીખોએ નિર્ણાયક કથાનક લખ્યું...*

- "ઑલ એજન્સી એપ્રોચ" દ્વારા, એનઆઈએ, ઈડી અને વિવિધ ગુપ્તચર એજન્સીઓ જેવી સંસ્થાઓએ નક્સલીઓના નેટવર્ક, ફંડિંગ ચેનલો અને સપોર્ટ સિસ્ટમ્સ સામે બહુમુખી આક્રમણ શરૂ કર્યું.
- "હોલ ઑફ ગવર્મેન્ટ" અભિગમનો લાભ ઉઠાવીને, અસરગ્રસ્ત વિસ્તારોમાં વિકાસની પહેલ પહેલેથી જ ગતિમાં મૂકી દેવામાં આવી હતી.
- 20 ઑગસ્ટ, 2019: કેન્દ્રીય ગૃહ મંત્રાલય ખાતે એક બેઠક બોલાવવામાં આવી હતી, જેમાં પોલીસ સંકલન, પોલીસ આધુનિકીકરણ, ભૂતપૂર્વ નક્સલીઓનો પોલીસ દળમાં સમાવેશ અને ગુપ્તચર એજન્સીઓ સાથેના સંકલન સહિતના વિવિધ પાસાઓને આવરી લેતી એક વ્યાપક બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવી હતી.
- 24 ઑગસ્ટ, 2024: છત્તીસગઢમાં ચૂંટણીઓ પછી સરકાર બદલાઈ હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે રાજ્યની મુલાકાત લીધી હતી, જ્યાં કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સંયુક્ત વ્યૂહરચના ઘડવામાં આવી હતી. આ જ તારીખે એક જાહેરાત કરવામાં આવી હતી: 31 માર્ચ, 2026 સુધીમાં ભારતને નક્સલ-મુક્ત કરવામાં આવશે.
- 31 માર્ચ, 2026: નક્સલ-મુક્ત ભારતના સંકલ્પને સાકાર કરવાની નિર્ધારિત તારીખના બરાબર એક દિવસ પહેલા, કેન્દ્રીય ગૃહ મંત્રીએ લોકસભામાં વિધિવત્ જાહેરાત કરી હતી.

(કેન્દ્રીય ગૃહ મંત્રીનું સંપૂર્ણ ભાષણ નિહાળવા માટે આ QR કોડ સ્કેન કરો)

હતું. જો કે, 2014થી સરકારના અભિયાનો અને કાર્યક્રમોનું સુકાન (સ્ટીયરિંગ) ભારત સરકારના ગૃહ મંત્રાલય પાસે દ્રઢતાથી રહ્યું છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ જણાવે છે કે, "અમારી સરકારની નીતિ સ્પષ્ટ છે: જેઓ શસ્ત્રો હેઠા મૂકીને શરણાગતિ સ્વીકારવા માગે છે, તેમના માટે 'રેડ કાર્પેટ' તૈયાર છે અને તેમનું સ્વાગત છે. જો કે, જો તેઓ નિર્દોષ આદિવાસીઓની હત્યા કરવા માટે શસ્ત્રો ઉઠાવવાનું પસંદ કરશે, તો તે નિર્દોષ આદિવાસીઓની



## પોલીસ દળોનું આધુનિકીકરણ

- 'પોલીસ દળોનું આધુનિકીકરણ' (એમપીએફ) યોજના હેઠળ રાજ્ય પોલીસ દળોને સહાય પૂરી પાડવામાં આવી હતી.
- આ યોજના હેઠળ, કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને શસ્ત્રો, ઈન્ફોર્મેશન ટેકનોલોજી સાધનો, સંચાર પ્રણાલી, તાલીમ, ગતિશીલતા, પોલીસ આવાસ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સહાય પૂરી પાડી હતી.
- મુખ્ય યોજનાની પેટા-યોજના એવી 'સ્પેશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્કીમ (એસઆઈએસ)' હેઠળ-ડાબેરી ઉગ્રવાદ (એલડબ્લ્યૂઈ) પ્રભાવિત રાજ્યોમાં સ્પેશિયલ ફોર્સ, સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્રાન્ચ, ડિસ્ટ્રિક્ટ પોલીસ યુનિટ્સ અને કિલ્લેબંધી ધરાવતા પોલીસ સ્ટેશનોની સ્થાપના કરવામાં આવી હતી.
- સુરક્ષા માળખાને મજબૂત કરવા માટે, 656થી વધુ કિલ્લેબંધી ધરાવતા પોલીસ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા હતા.

**1,224.59 કરોડ રૂપિયા** ની સહાય વર્ષ 2014-15થી આ યોજના દ્વારા કેન્દ્રીય એજન્સીઓને પૂરી પાડવામાં આવી છે.

**596** છેલ્લાં 11 વર્ષોમાં કિલ્લેબંધી ધરાવતા પોલીસ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા.

**350** પોલીસ સ્ટેશનો જ્યાં પહેલા નક્સલ સંબંધિત ઘટનાઓ નોંધાતી હતી, હવે તે સંખ્યા ઘટીને માત્ર 60 થઈ ગઈ છે.

**406** નવા કૅમ્પ 2020થી કેન્દ્રીય સશસ્ત્ર દળો માટે સ્થાપવામાં આવ્યા છે.

**68** નાઈટ-લેન્ડિંગ (રાત્રે ઉતરાણ કરી શકાય તેવા) હૅલિપેડ બનાવવામાં આવ્યા છે.

**400** બુલેટ અને બ્લાસ્ટ-પ્રૂફ વાહનો જવાનોને પૂરા પાડવામાં આવ્યા છે.

**05** હૉસ્પિટલો જવાનો માટે બનાવવામાં આવી છે, અને કોમ્યુનિકેશન નેટવર્કને અપગ્રેડ કરવામાં આવ્યું છે.





# ભંડોળ રોકવા માટેના પગલાં

***સરકારે ડાબેરી ઉગ્રવાદી (એલડબ્લ્યૂઈ) જૂથો તરફ જતાં ભંડોળને રોકવા પર વિશેષ ભાર મૂક્યો છે. ખાસ કરીને, ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માઓવાદી) અને તેમને નાણાકીય સહાય પૂરી પાડનારાઓ વચ્ચેના જોડાણને ખુલ્લું પાડવા માટે સતત પગલાં લેવામાં આવ્યા છે. એલડબ્લ્યૂઈ જૂથોને ભંડોળ અને અન્ય સંસાધનો મેળવતા અટકાવવા માટે રાજ્ય પોલીસ દળો અને કેન્દ્રીય એજન્સીઓ દ્વારા સંયુક્ત રીતે સંકલિત અને અસરકારક પગલાં લેવામાં આવ્યાં છે. એલડબ્લ્યૂઈ જૂથોના નાણાકીય નેટવર્કને તોડી પાડવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંઓમાં નીચેનાનો સમાવેશ થાય છે:***

- ટેરર ફાઈનાન્સિંગ (આતંકી ભંડોળ)ને રોકવા માટે, 2011માં ગૃહ મંત્રાલયમાં “કાઉન્ટરિંગ ટેરરિસ્ટ ફાઈનાન્સિંગ (સીટીએફ) સેલ” નામનું એક વિશેષ યુનિટ સ્થાપવામાં આવ્યું હતું. આ સેલ આતંકવાદી નાણાકીય નેટવર્ક સામે પગલાં લેવા માટે વિવિધ ઈન્ટેલિજન્સ અને અમલીકરણ એજન્સીઓ સાથે સંકલન સાધે છે.
- રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ પણ આતંકી ભંડોળ અને નકલી ભારતીય ચલણી નોટો (એફઆઈસીએન)ના કેસોની તપાસ કરવા અને કેસ ચલાવવા માટે “ ટેરર ફંડિંગ એન્ડ ફેક કરન્સી સેલ” (ટીએફએફસી)ની સ્થાપના કરી છે.
- દેશમાં નકલી નોટોના પ્રસારને રોકવા માટે, કેન્દ્ર અને રાજ્ય બંને સ્તરે સુરક્ષા એજન્સીઓ વચ્ચે માહિતીની આપ-લે માટે “એફઆઈસીએન કોઓર્ડિનેશન સેન્ટર (એફકોર્ડ)”ની સ્થાપના કરવામાં આવી હતી.
- યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવો અને ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ) હેઠળ આતંકવાદી સંગઠનો અને તેમના સભ્યો સામે વિવિધ પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા. આ પગલાંઓમાં ભંડોળ અને અસ્કયામતો જપ્ત કરવાનો સમાવેશ થાય છે.
- 2016માં, એલડબ્લ્યૂઈ કેડરોને મળતા ભંડોળના પ્રવાહ પર નજર રાખવા માટે ગૃહ મંત્રાલયમાં બે મલ્ટિ-ડિસિપ્લિનરી જૂથોની રચના કરવામાં આવી હતી–એક કેન્દ્રીય સ્તરે અને બીજું રાજ્ય સ્તરે.

**40 કરોડ રૂપિયા**

**ની અસ્કયામતો એનઆઈએ દ્વારા તેના સમર્પિત એન્ટી-નક્સલ ફાઈનાન્સિંગ યુનિટ દ્વારા જપ્ત કરવામાં આવી હતી, જ્યારે રાજ્યોએ પણ રૂપિયા 40 કરોડથી વધુની મિલકતો જપ્ત કરી, જેનાથી નક્સલવાદી ફંડિંગ નેટવર્કને અસરકારક રીતે તોડી પડાયું.**

**12 કરોડ રૂપિયા**



**એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા જપ્ત કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહીથી 'અર્બન નક્સલ'ને ગંભીર નૈતિક અને મનોવૈજ્ઞાનિક નુકસાન પહોંચ્યું છે અને તેમના ઈન્ફોર્મેશન વોરફેર નેટવર્ક પર વધુ કડક નિયંત્રણ આવ્યું છે.**

રક્ષા કરવી અને સશસ્ત્ર નક્સલીઓનો સામનો કરવો એ સરકારની પવિત્ર ફરજ બની જાય છે.” કેન્દ્ર અને રાજ્યો વચ્ચેનું સંકલન સુધર્યું છે, અને રાજ્યોની ક્ષમતાઓ તથા પોલીસિંગ સિસ્ટમમાં વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય સશસ્ત્ર દળો અને રાજ્ય પોલીસ વચ્ચેનું સંકલન વધુ મજબૂત બન્યું છે.

પ્રથમ વખત, ભારત સરકારે કોઈપણ અસ્પષ્ટતા વિનાની સ્પષ્ટ નીતિ અપનાવી. રાજ્ય પોલીસ દળો અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓને ઓપરેશનલ ઓટોનોમી (કામ કરવાની સ્વાયત્તતા) આપવામાં આવી. સાથે જ, ગુપ્તચર માહિતી એકત્ર કરવા, માહિતી શેર કરવા અને ઓપરેશનલ અમલીકરણમાં અસરકારક સંકલન સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે એક વ્યવહારિક સેતુ સ્થાપિત કરવામાં આવ્યો. ગેરકાયદેસર શસ્ત્રોના પુરવઠા પર



પ્રતીકાત્મક તસવીર

# વિકાસ-કેન્દ્રીત પહેલ

*વિકાસના મોરચે, સરકારની મુખ્ય યોજનાઓ ઉપરાંત, ડાબેરી ઉગ્રવાદ (એલડબ્લ્યૂઈ)થી પ્રભાવિત અનેક વિસ્તારો માટે વિશેષ પહેલ કરવામાં આવી છે. રોડ નેટવર્કનો વિસ્તાર, ટેલિકોમ્યુનિકેશન કનેક્ટિવિટીમાં સુધારો, શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને નાણાકીય સર્વસમાવેશકતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આમાંના મુખ્ય નીચે મુજબ છે:*

**રોડ નેટવર્કને મજબૂત કરવા માટે બે વિશેષ યોજનાઓ–રોડ રિક્વાયરમેન્ટ પ્લાન (આરઆરપી) અને રોડ કનેક્ટિવિટી પ્રોજેક્ટ ફોર એલડબ્લ્યૂઈ અફેક્ટેડ એરિયાઝ (આરસીપીએલડબ્લ્યૂઈએ)– અમલમાં મૂકવામાં આવી છે.**

**17,589**

કિમી રસ્તાઓને આ યોજનાઓ હેઠળ મંજૂરી આપવામાં આવી હતી, જેમાંથી 12,000 કિમી રસ્તાઓનું નિર્માણ થઈ ચૂક્યું છે.

**9,233**

ટાવર એલડબલ્યુઇ લુખ્ખા ઈલાકોંમાં ટેલીકોમ કનેક્ટિવિટીને શ્રેષ્ઠ બનાવવા માટે તૈયાર કર્યા.

**6,025** પોસ્ટ ઓફિસ નક્સલ પ્રભાવિત જિલ્લાઓમાં ઈન્ડિયા પોસ્ટ દ્વારા શરૂ કરવામાં આવી છે જે બેંકિંગ સેવાઓ પૂરી પાડે છે.

- એલડબ્લ્યૂઈ પ્રભાવિત વિસ્તારોમાં ટેલિકોમ કનેક્ટિવિટી સુધારવા માટે 9,233 ટાવર લગાવવામાં આવ્યા છે.
- કૌશલ્ય વિકાસ માટે 46 આઈટીઆઈ અને 49 સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર્સ ખોલવામાં આવ્યા છે.
- આદિવાસી વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા 259 એકલવ્ય મૉડલ રેસિડેન્શિયલ સ્કૂલ સ્થાપવામાં આવી છે.

**ડાબેરી ઉગ્રવાદ અસરગ્રસ્ત જિલ્લાઓમાં કાર્યરત થઇ**

**1,804** બેંક શાખાઓ

**1,321** એટીએમ

**37,850** બેંકિંગ કોરસપોન્ડન્ટ્સ



- સૌથી વધુ પ્રભાવિત જિલ્લાઓમાં જાહેર માળખાકીય સુવિધાઓની ખામીઓને દૂર કરવાનો ઉદ્દેશ ધરાવતી સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્સ (એસસીએ) યોજના હેઠળ 2017માં આ યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં કુલ રૂપિયા 3,953.67 કરોડ જારી કરવામાં આવ્યા છે.
- 2 ઑક્ટોબર, 2024ના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઝારખંડથી ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાનની શરૂઆત કરી હતી. આ અભિયાનનો ઉદ્દેશ્ય 15,000થી વધુ ગામડાંઓમાં પાયાની સુવિધાઓની પહોંચ સુનિશ્ચિત કરવાનો છે. વધુમાં, સરકાર આ પ્રદેશોમાં થ્રી-સી (3-Cs) એટલે કે રોડ કનેક્ટિવિટી, મોબાઈલ કનેક્ટિવિટી અને ફાઈનાન્શિયલ કનેક્ટિવિટીને સતત મજબૂત કરી રહી છે જેથી વિકાસની ગતિ વધે અને લોકોને વધુ સારી સુવિધાઓની પહોંચ મળે એ સુનિશ્ચિત થાય.

કડક નિયંત્રણ લાદવામાં આવ્યું હતું. 2019 અને 2026 વચ્ચે, નક્સલીઓની શસ્ત્ર પુરવઠા શૃંખલાને તોડી પાડવામાં નોંધપાત્ર સફળતા મળી હતી. તદુપરાંત, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ નક્સલી પ્રવૃત્તિઓના ફાઈનાન્સિંગમાં સામેલ લોકો સામે ભારે કાર્યવાહી કરી હતી.

તદુપરાંત, નક્સલવાદીઓના "અર્બન નક્સલ" સપોર્ટ નેટવર્ક, કાનૂની સહાય અને મીડિયા વૃત્તાંતો (મીડિયામાં ફેલાવવામાં આવતી વાતો) ને રોકવા માટે કડક પગલાં લેવામાં આવ્યા હતા. સેન્ટ્રલ કમિટીના સભ્યો વિરુદ્ધ લક્ષિત કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. 'ઓપરેશન ઑક્ટોપસ' અને 'ઓપરેશન ડબલ બુલ' જેવા ટાર્ગેટેડ ઓપરેશન્સ પાર પાડવામાં આવ્યા હતા. ડીઆરજી,




**240** બેડની સુપર-સ્પેશિયલિટી હૉસ્પિટલ જગદલપુરમાં સ્થાપવામાં આવી છે. અગાઉ, આ પ્રદેશમાં પાયાનાં પ્રાથમિક અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રોનો પણ અભાવ હતો.

**2,212** કરોડ રૂપિયાના કામો સિવિક એક્શન પ્રોગ્રામ હેઠળ હાથ ધરવામાં આવ્યા હતા, જેમાં હેલ્થ કૅમ્પ અને દવાઓની જોગવાઈનો સમાવેશ થાય છે.

- આદિવાસી યુવાનો માટે એક્સચેન્જ પ્રોગ્રામ (આદાન-પ્રદાન કાર્યક્રમો)નું આયોજન કરવામાં આવ્યું હતું.
- રાજ્યો માટે સુરક્ષા સંબંધિત ખર્ચની વિશેષ પહેલ કરવામાં આવી હતી.

**3,000** કરોડ રૂપિયા 10 વર્ષના સમયગાળામાં પૂરા પાડવામાં આવ્યા હતા.

**5,000** કરોડ રૂપિયા સ્પેશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્કીમ (એસઆઈએસ) હેઠળ ફાળવવામાં આવ્યા હતા

**2,000** કરોડ રૂપિયા એક્સટેન્ડેડ સ્પેશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્કીમ હેઠળ વધારાના પૂરા પાડવામાં આવ્યા હતા.

**4,000** કરોડ રૂપિયા પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (જાહેર માળખાકીય સુવિધાઓ) માટે કેન્દ્રીય ફંડ દ્વારા પૂરા પાડવામાં આવ્યા હતા.

## બસ્તરના વિકાસમાં નવા આયામો

- બસ્તરમાંથી નક્સલવાદ લગભગ નાબૂદ થઈ ગયો છે.
- આ સિદ્ધિ હાંસલ કરવા માટે, બસ્તરનાં દરેક ગામમાં શાળા સ્થાપવા માટે એક અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.
- દરેક ગામમાં રેશનિંગની દુકાન ખોલવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.
- દરેક તાલુકા અને પંચાયતમાં સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (સીએચસી) અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (પીએચસી)ની સ્થાપના કરવામાં આવી હતી.
- આધાર કાર્ડ અને રેશન કાર્ડ જારી કરવામાં આવ્યા હતા, અને લાભાર્થીઓને 5 કિલો મફત અનાજ તથા ગેસ સ્ટવ જેવી સુવિધાઓ મળી હતી.
- 'બસ્તર ઑલિમ્પિક્સ' અને 'બસ્તર પાંડુમ' જેવી પહેલ દ્વારા રમતગમતને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

**1.20** લાખ કલાકારોએ 'બસ્તર પાંડુમ'માં ભાગ લીધો હતો.

**5.50** લાખ આદિવાસી લોકોએ રમતગમતની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.



એસટીએફ, સીઆરપીએફ અને કોબ્રા દળો માટે સંયુક્ત તાલીમ કાર્યક્રમો પણ શરૂ કરવામાં આવ્યા હતા, જેનાથી આ ચારેય એજન્સીઓ સંયુક્ત કામગીરી કરવા સક્ષમ બની હતી.

સાથે જ, ફોરેન્સિક તપાસ શરૂ કરવામાં આવી, લોકેશન ટ્રેકિંગ સિસ્ટમ તૈનાત કરવામાં આવી અને મોબાઈલ ફોન પ્રવૃત્તિ અંગેનો ડેટા રાજ્ય પોલીસને ઉપલબ્ધ કરાવવામાં આવ્યો. સાયન્ટિફિક કોલ લોગ એનાલિસિસ માટે સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું હતું અને તેમના છૂપા સમર્થકોને ઓળખવા માટે સોશિયલ મીડિયા એનાલિસિસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ પગલાંઓએ માત્ર નક્સલ વિરોધી કામગીરીને વેગ જ નથી આપ્યો, પરંતુ નક્કર પરિણામો પણ આપ્યાં છે.




### નક્સલ-મુક્ત ભારત - એક ઐતિહાસિક તારીખ

31 માર્ચ, 2026 ભારતની સુરક્ષાના ઇતિહાસમાં એક ઐતિહાસિક તારીખ તરીકે ઉભરી આવી છે. આ ઉદ્દેશ્ય હાંસલ કરવા માટે બહુમુખી વ્યૂહરચના અપનાવવામાં આવી હતી. આ વ્યૂહરચનામાં સુરક્ષા દળો દ્વારા સતત કામગીરી, વ્યાપક વિકાસલક્ષી પહેલ અને પુનર્વસન નીતિઓનો સમાવેશ થાય છે. આંતર-એજન્સી સહયોગ દ્વારા હાથ ધરવામાં આવેલા આ ઓપરેશન્સે માઓવાદી નેટવર્કને તોડી પાડવામાં અને અસરગ્રસ્ત વિસ્તારોમાં શાંતિ પુનઃસ્થાપિત કરવામાં અભૂતપૂર્વ સફળતા મેળવી છે. આ પ્રથમ એવો કિસ્સો છે કે જેમાં કોઈ સરકારે આવા પડકારોને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે એક ચોક્કસ સમયમર્યાદા નક્કી કરી હોય અને તે વચન સફળતાપૂર્વક પૂરું કર્યું હોય. એપ્રિલ 2025માં, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે 31 માર્ચ, 2026 સુધીમાં છત્તીસગઢ સહિત સમગ્ર દેશમાં નક્સલવાદ ભૂતકાળ બની જશે. તેમણે રાષ્ટ્ર અને તેના નાગરિકો પ્રત્યેની આ પ્રતિબદ્ધતા વારંવાર દોહરાવી હતી. આ ઉદ્દેશને સાકાર કરવા માટે સુરક્ષા દળોએ અનેક ઓપરેશન્સ હાથ ધર્યા હતા. 2022માં, બિહારના બુઢા પહાડ વિસ્તારમાં 'ઓપરેશન ઑક્ટોપસ' ચલાવવામાં આવ્યું હતું. તે જ વર્ષે, ગુમલા, લોહરદગા અને લાતેહારમાં 'ઓપરેશન ડબલ બુલ' હાથ ધરવામાં આવ્યું હતું, અને આ ત્રણેય પ્રદેશો ગણતરીના દિવસોમાં જ નક્સલ-મુક્ત બની ગયા હતા. તેવી જ રીતે, 1 થી 3 સપ્ટેમ્બર, 2022 દરમિયાન

> **"માત્ર છેલ્લાં એક વર્ષમાં જ 2,100થી વધુ નક્સલવાદીઓએ શરણાગતિ સ્વીકારી છે; 900થી વધુની ધરપકડ કરવામાં આવી છે; અને સુરક્ષા દળોએ એવા 300થી વધુ કટ્ટર નક્સલવાદીઓને ઠાર કર્યા છે જેઓ શસ્ત્રો હેઠા મૂકવા તૈયાર નહોતા. તેનું પરિણામ એ આવ્યું છે કે જે વિસ્તારો એક સમયે ડરના ઓથાર હેઠળ જીવવા મજબૂર હતા, ત્યાં આજે વિકાસની નવી ઊર્જાનો સંચાર થઈ રહ્યો છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**




> ***માઓવાદી વિચારધારા શું છે? તેનું માર્ગદર્શક સૂત્ર શું છે? જ્યારે આપણે સ્વતંત્રતા પ્રાપ્ત કરી, ત્યારે આપણે "સત્યમેવ જયતે"નો ઉદઘોષ કર્યો કે સત્યનો હંમેશા વિજય થશે. જો કે, તેમનું સૂત્ર એવું છે કે "સત્તા બંદૂકની નાળમાંથી નીકળે છે." તેમના સંદર્ભમાં, "સત્તા" શબ્દ વિકાસનો સૂચક નથી, પરંતુ માત્ર તેમની પોતાની વિચારધારાના અસ્તિત્વ માટે છે. અહીં વિકાસ વિશે કોઈ પણ પ્રકારની ચર્ચાને સ્થાન નથી; તેઓ લોકશાહીમાં જરાય વિશ્વાસ ધરાવતા નથી.***
>
> **– અમિત શાહ, કેન્દ્રીય ગૃહ મંત્રી**

ઝારખંડના સરાઈકેલા, પશ્ચિમ સિંહભૂમ અને ખુંટી જિલ્લાઓમાં 'ઓપરેશન થન્ડરસ્ટોર્મ' પાર પાડવામાં આવ્યું હતું. જૂન-જુલાઈ 2022માં, મુંગેર જિલ્લામાં 'ઓપરેશન ભીમબંધ' ચલાવવામાં આવ્યું હતું, જ્યારે બિહારના ગયા અને ઔરંગાબાદ જિલ્લાઓમાં 'ઓપરેશન ચકબંધ' હાથ ધરવામાં આવ્યું હતું.

મે 2025માં, નક્સલ-મુક્ત ભારત બનાવવાના સંકલ્પમાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાંસલ કરતા, સુરક્ષા દળોએ છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર કર્રેગુટ્ટાલુ હિલ ખાતે અત્યાર સુધીના સૌથી મોટા નક્સલ વિરોધી ઓપરેશન દરમિયાન 31 નક્સલીઓને ઠાર કર્યા હતા. કર્રેગુટ્ટાલુ હિલ, જ્યાં એક સમયે લાલ આતંકનું શાસન હતું, ત્યાં હવે ગૌરવભેર ત્રિરંગો લહેરાઈ રહ્યો છે. સુરક્ષા દળોએ આ નોંધપાત્ર ઓપરેશન માત્ર 21 દિવસમાં પૂર્ણ કર્યું હતું. આ અત્યાર સુધીનું સૌથી મોટું નક્સલ વિરોધી ઓપરેશન છે જેમાં સુરક્ષા દળોને એક પણ જાનહાનિ થઈ નહોતી.

બીજી એક ઐતિહાસિક સિદ્ધિ મેળવતા, સુરક્ષા દળોએ નારાયણપુરમાં 27 ખતરનાક નક્સલીઓને ઠાર કર્યા હતા-જેમાં ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માઓવાદી)ના જનરલ સેક્રેટરી નંબલા કેશવ રાવ (ઉર્ફે બસવરાજુ)નો પણ સમાવેશ થાય છે. બસવરાજુને માઓવાદી ચળવળની કરોડરજ્જુ માનવામાં આવતો હતો. ત્રણ દાયકા પછી આટલા મોટા કદના માઓવાદી નેતાને ખતમ કરવામાં આવ્યા હતા. 'ઓપરેશન બ્લેક ફોરેસ્ટ' બાદ વિવિધ રાજ્યોમાં 54 માઓવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અન્ય 84 લોકોએ શરણાગતિ સ્વીકારી હતી.

### વિકાસનો ગ્રીન ઝોન

છેલ્લા દાયકાએ, એક રીતે કહીએ તો, શાંતિ અને પ્રગતિના યુગની નિશાની અંકિત કરી છે. લાંબા સમય સુધી દેશ આતંકવાદ હોય કે નક્સલવાદ, વિવિધ પ્રકારની હિંસક ઘટનાઓનો ભોગ બન્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જણાવે છે કે, "દેશના સેંકડો જિલ્લાઓ નક્સલવાદની પકડમાંથી બહાર આવી રહ્યા છે અને સ્વતંત્રતાની હવામાં શ્વાસ લઈ રહ્યા છે. અમને એ વાતનો ગર્વ છે કે આપણા દેશનું બંધારણ બૉમ્બ અને બંદૂકો પર હાવી થઈ રહ્યું છે; આપણું બંધારણ વિજયી બની રહ્યું છે. રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્ય માટે, એ સ્પષ્ટપણે દેખાય છે કે જે એક સમયે 'રેડ કોરિડોર' તરીકે ઓળખાતા હતા તે આજે 'ગ્રીન ગ્રોથ ઝોન'માં પરિવર્તિત થઈ રહ્યા છે."

## વિશેષ અદાલતો...

- નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ને મજબૂત કરવામાં આવી, અને ડાબેરી ઉગ્રવાદ (એલડબ્લ્યૂઈ) પ્રભાવિત રાજ્યોમાં સ્ટેટ ઇન્વેસ્ટિગેટિવ એજન્સીઝ (એસઆઈએ)ની સ્થાપના કરવામાં આવી.
- છત્તીસગઢમાં ચાર એલડબ્લ્યૂઈ સ્પેશિયલ કોર્ટ્સનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું, અને અન્ય રાજ્યોમાં પણ આવી વિશિષ્ટ અદાલતો સ્થાપવામાં આવી હતી.

**280** નવા કૅમ્પ 2019થી અત્યાર સુધીમાં સ્થાપવામાં આવ્યા છે, સાથે 15 જોઇન્ટ ટાસ્ક ફોર્સની રચના અને રાજ્ય પોલીસની કામગીરીને ટેકો આપવા માટે 6 સીઆરપીએફ (સીઆરપીએફ) બટાલિયનો તૈનાત કરવામાં આવી છે.





> **"2014 પછી શું બદલાયું? સીએપીએફ (સીએપીએફ) એ જ છે. રાજ્ય પોલીસ દળો પણ એ જ છે. 2014 પછી જે નવું આવ્યું છે તે મજબૂત રાજકીય ઇચ્છાશક્તિ દ્વારા સમર્થિત એક સ્પષ્ટ નીતિ છે. નરેન્દ્ર મોદીએ આ બાબત સ્પષ્ટપણે જાહેર કરી દીધી હતી કે આ દેશના કોઈપણ ખૂણે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સહન કરવામાં આવશે નહીં.**
>
> **– અમિત શાહ, કેન્દ્રીય ગૃહ મંત્રી**

નક્સલ પ્રભાવિત રાજ્યોમાં–ખાસ કરીને છત્તીસગઢમાં–જોવા મળેલો આ બદલાવ ખરેખર નોંધપાત્ર અને પ્રેરણાદાયી છે. આ રાજ્ય જે એક સમયે નક્સલવાદ અને પછાતપણાથી વ્યાખ્યાયિત હતું; આજે તે જ રાજ્ય સમૃદ્ધિ, સુરક્ષા અને સ્થિરતાનું પ્રતિક બની રહ્યું છે. આજે 'બસ્તર ઑલિમ્પિક્સ' દેશના ખૂણેખૂણે ચર્ચાનો વિષય છે.

બીજાપુરનાં ચિલકાપલ્લી ગામમાં સાત દાયકામાં પ્રથમ વખત રહેવાસીઓ સુધી વીજળી પહોંચી છે. અબુઝમાડના રેકાવયા ગામમાં શાળાનું બાંધકામ શરૂ થયું છે–દેશ આઝાદ થયો ત્યાર પછી આ પ્રથમ ઘટના છે. આજે, અગાઉના પ્રભાવિત વિસ્તારોનાં ગામડાંઓમાં વિકાસની લહેર ફરી વળી રહી છે. હવે ત્યાં લાલ ધ્વજના સ્થાને તિરંગો ગૌરવ સાથે લહેરાઈ રહ્યો છે.

આજે બસ્તર જેવા પ્રદેશો હવે ડરથી નહીં પરંતુ ઉત્સવના વાતાવરણથી ઓળખાય છે. એમાં કોઈ શંકા નથી કે 2014 પછી કેન્દ્ર સરકારે ભટકેલા યુવાનોને સંવેદનશીલતા સાથે મુખ્ય પ્રવાહમાં પાછા લાવવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયાસો કર્યા છે. તેથી જ, ઑક્ટોબર 2025ના એક કાર્યક્રમમાં નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે: "છેલ્લા એક દાયકામાં હજારો નક્સલવાદીઓએ શસ્ત્રો હેઠાં મૂક્યાં છે. હું તમને છેલ્લા 75 કલાકના આંકડા આપું: મારા જીવનનો સૌથી મોટો સંતોષ એ છે કે આ 75 કલાકમાં 303 નક્સલવાદીઓએ શરણાગતિ સ્વીકારી છે. એક સમયે તેઓ .303 રાઈફલ ચલાવતા હતા; આજે તે 303 લોકોએ શરણાગતિ સ્વીકારી છે. અને આ કોઈ સામાન્ય નક્સલીઓ નથી–કેટલાકના માથે રૂપિયા 1 કરોડનું ઈનામ હતું, કેટલાક પર રૂપિયા 15 લાખ, અને અન્ય પર રૂપિયા 5 લાખનું ઈનામ હતું. તે તમામના નામે ઈનામો જાહેર થયેલા હતા. તેમની પાસેથી મોટી માત્રામાં શસ્ત્રો પણ મળી આવ્યા છે. આ તમામ વ્યક્તિઓએ બંદૂકો અને બૉમ્બ છોડી દીધા છે અને તેઓ ભારતના બંધારણને સ્વીકારવા તૈયાર છે. જ્યારે સરકાર બંધારણ પ્રત્યે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ હોય છે, ત્યારે ખોટા રસ્તે ગયેલા લોકો પણ પાછા ફરે છે અને બંધારણ પર પોતાની નજર સ્થિર કરે છે. તેઓ હવે વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડાઈ રહ્યા છે." લોકો હવે સ્વીકારી રહ્યા છે કે તેઓ ખોટા રસ્તે હતા. તેમણે પાંચ દાયકાઓ વિતાવ્યા, પોતાનું આખું યૌવન હોમી દીધું, પરંતુ તેમણે જે પરિવર્તનની કલ્પના કરી હતી તે આવ્યું નહીં. હવે, તેઓ ભારતના બંધારણમાં અતૂટ શ્રદ્ધા સાથે આગળ વધશે. ■

# રાષ્ટ્રીય નીતિ

## નવા ભારતની રાજનીતિનો પાયો


*નવું ભારત એક નવા આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે- એવો આત્મવિશ્વાસ જે હવે પડકારોથી પીછેહઠ કરતો નથી પરંતુ તેનો સીધો સામનો કરે છે. આ જ કારણ છે કે ભારત માત્ર દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં એક વિશ્વસનીય ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે-ગલ્ફ દેશોથી લઈને ગ્લોબલ વેસ્ટ સુધી અને ગ્લોબલ સાઉથથી લઈને પડોશી રાષ્ટ્રો સુધી. વર્તમાન વૈશ્વિક પરિદ્રશ્ય અને તેને સુપેરે પાર પાડવા માટે ઘડવામાં આવેલી નીતિઓ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટીવી9 સમિટ 2026માં એક સ્પષ્ટ સંદેશ આપ્યો હતો:*

**આ નવું ભારત છે; તે વિકાસની શોધમાં કોઈ કસર બાકી રાખી રહ્યું નથી.**

**પક્ષનાં હિત કરતાં રાષ્ટ્રીય હિતને ઉપર રાખવું જરૂરી છે કારણ કે, અંતે તો રાજકારણથી ઉપર રાષ્ટ્ર અને રાષ્ટ્રનો વિકાસ છે.**

**સર્વોપરી રાષ્ટ્રીય હિતની આ પ્રેરણા જ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવશે. આ પ્રેરણા જ ભારતને આત્મનિર્ભર બનાવશે.**

પ્રધાનમંત્રીનું સંપૂર્ણ સંબોધન નિહાળવા માટે આ QR કોડ સ્કેન કરો




## પીએમનાં સંબોધનના અંશો

### આત્મવિશ્વાસથી છલકાતા સંકલ્પો સિદ્ધિઓમાં ફેરવાઈ રહ્યા છે

હવે ભારત પડકારો ટાળતું નથી પણ તેનો સામનો કરે છે. છેલ્લાં 5-6 વર્ષો જુઓ: મહામારી પછી, વર્ષ દર વર્ષે પડકારો માત્ર વધ્યા જ છે. એવું એક પણ વર્ષ નથી ગયું જેણે ભારત અને ભારતીયોની કસોટી ન કરી હોય. તેમ છતાં, 1.4 અબજ નાગરિકોના એકજૂથ પ્રયાસો દ્વારા, ભારતે દરેક સંકટનો સામનો કર્યો છે અને આગળ વધ્યું છે. ભૂતકાળમાં પણ નીતિઓ ઘડવામાં આવતી હતી, પરંતુ આજે આપણે તેના નક્કર પરિણામો જોઈ રહ્યા છીએ. અગાઉ ગતિ ધીમી હતી; આજે ભારત ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. ભૂતકાળમાં તો ભવિષ્યની સંભાવનાઓ પણ અનિશ્ચિતતામાં ઘેરાયેલી હતી; આજે આપણા સંકલ્પો સિદ્ધિઓમાં ફેરવાઈ રહ્યા છે. પરિણામે, વિશ્વને એક સ્પષ્ટ સંદેશ મળી રહ્યો છે: આ નવું ભારત છે – એક એવું રાષ્ટ્ર જે વિકાસની તેની અવિરત શોધમાં કોઈ કસર બાકી રાખી રહ્યું નથી.

### યુદ્ધકાળમાં શક્તિ

યુદ્ધના સમયમાં પણ ભારતની નીતિ, વ્યૂહરચના અને શક્તિ જોઈને વિશ્વ આશ્ચર્યચકિત છે. આપણે ત્યાં એક કહેવત છે: "સાચને આંચ આવતી નથી." આ 23 દિવસોમાં, ભારતે સંબંધો બાંધવાની, નિર્ણય લેવાની અને


## વૈશ્વિક અસ્થિરતા...

### છતાં, ભારત વિકાસમાં મોખરે

વૈશ્વિક ઉથલપાથલ વચ્ચે, ભારતે તેની પ્રગતિની ગતિ મક્કમપણે જાળવી રાખી છે. જો હું 28 ફેબ્રુઆરીના રોજ યુદ્ધ ફાટી નીકળ્યા પછીના માત્ર 23 દિવસની વિગતો આપું, તો માલૂમ પડશે કે પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધી, સમગ્ર દેશમાં હજારો કરોડના વિકાસ પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવામાં આવ્યા છે. આ બહુવિધ પહેલ 'વિકસિત ભારત'નાં વિઝનને સાકાર કરવા માટે દેશ કેટલી ઝડપથી કામ કરી રહ્યો છે તેનો નક્કર પુરાવો છે.

- દિલ્હી મેટ્રો રેલના મુખ્ય કોરિડોરનું લોકાર્પણ.
- સિલચરમાં હાઈ-સ્પીડ કોરિડોરનો શિલાન્યાસ.
- કોટામાં નવા એરપોર્ટનો શિલાન્યાસ.
- મદુરાઈ એરપોર્ટને ઈન્ટરનેશનલ એરપોર્ટનો દરજ્જો આપવો.
- ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે તૈયાર કરાયેલી વ્યાપક યોજનાને મંજૂરી.


**જીવન મિશનને વર્ષ 2028 સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.**



- પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ, રૂપિયા 18,000 કરોડથી વધુ રકમ સીધી ખેડૂતોના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી છે.
- એમએસએમઈ સેક્ટર સાથે સંકળાયેલા આપણા નિકાસકારો માટે અંદાજે રૂપિયા 500 કરોડના રાહત પેકેજની પણ જાહેરાત કરવામાં આવી છે

## મૂલ્યાંકન: નવી શક્યતાઓનો જન્મ

મેનેજમેન્ટની દુનિયામાં એક જાણીતો સિદ્ધાંત છે: "જેનું માપન થાય છે, તેનું સંચાલન થાય છે." જો કે, હું તેમાં એક વધુ મુદ્દો ઉમેરવા માંગુ છું: "જેનું માપન થાય છે, તેમાં સુધારો થાય છે અને અંતે તેનું પરિવર્તન થાય છે." કારણ કે મૂલ્યાંકન જાગૃતિ લાવે છે. મૂલ્યાંકન જવાબદારી નક્કી કરે છે. અને સૌથી મહત્વની વાત એ છે કે, મૂલ્યાંકન નવી શક્યતાઓને જન્મ આપે છે. જો તમે 2014 પહેલાનાં 10-11 વર્ષોની તુલના 2014 પછીનાં 10-11 વર્ષો સાથે કરશો, તો તમને માલૂમ પડશે કે આ જ સિદ્ધાંતને વળગી રહીને ભારતે દરેક ક્ષેત્રમાં કેવી રીતે પરિવર્તન આણ્યું છે. દાખલા તરીકે:




સંકટ વ્યવસ્થાપન માટેની પોતાની ક્ષમતાનું પ્રદર્શન કર્યું છે.

### ભારત રાષ્ટ્રીય હિત, શાંતિ અને સંવાદની સાથે મક્કમ ઊભું છે

આજે જ્યારે વિશ્વ અનેક જૂથોમાં વહેંચાયેલું છે, ત્યારે ભારતે અભૂતપૂર્વ અને અકલ્પનીય સેતુઓ બનાવ્યા છે. ગલ્ફ દેશોથી લઈને ગ્લોબલ વેસ્ટ સુધી, અને ગ્લોબલ સાઉથથી લઈને પડોશી દેશો સુધી, ભારત દરેકનો વિશ્વસનીય ભાગીદાર છે. કેટલાક લોકો પૂછે છે કે, "આપણે કોના પક્ષે છીએ?" તેમને મારો જવાબ સરળ છે: આપણે ભારતની બાજુએ છીએ, આપણે ભારતનાં હિતોની બાજુમાં છીએ, આપણે શાંતિની બાજુમાં છીએ અને આપણે સંવાદની બાજુમાં છીએ.

### રાષ્ટ્રનું ભવિષ્ય સર્વોપરી

જ્યારે રાષ્ટ્રીય નીતિ પોતે જ રાજનીતિનો પાયો બની જાય છે, ત્યારે રાષ્ટ્રનું ભવિષ્ય સર્વોપરી હોય છે. પરંતુ જ્યારે રાજકારણમાં વ્યક્તિગત હિતોનું વર્ચસ્વ હોય છે, ત્યારે લોકો દેશના ભવિષ્યને બદલે પોતાના ભવિષ્યનો વિચાર કરતા હોય છે.

## પૂર્વ ભારતનો વિકાસ

આજે, અમારો પ્રયાસ ભૂતકાળમાં સર્જાયેલી વિકાસની અસમાનતાને તકોમાં બદલવાનો છે. પૂર્વ ભારત સંસાધનોથી સમૃદ્ધ છે; જોકે, દાયકાઓ સુધી આ પ્રદેશ પર શાસન કરનારાઓ દ્વારા દાખવવામાં આવેલી ઉપેક્ષાએ તેના વિકાસ પર બ્રેક લગાવી દીધી હતી. હવે પરિસ્થિતિ બદલાઈ રહી છે.

- આસામમાં, જ્યાં એક સમયે ગોળીઓનો અવાજ સંભળાતો હતો, ત્યાં આજે સેમિકન્ડક્ટર યુનિટ બની રહ્યું છે.
- ઓડિશામાં, સેમિકન્ડક્ટર્સથી લઈને પેટ્રોકેમિકલ્સ સુધીનાં નવાં ક્ષેત્રો ઝડપી વૃદ્ધિના સાક્ષી બની રહ્યા છે.
- બિહારમાં, ગંગા નદી પર એક પણ મોટો પુલ બાંધવામાં છ કે સાત દાયકા લાગ્યા હતા. માત્ર છેલ્લા એક દાયકામાં 5થી વધુ નવા પુલ બાંધવામાં આવ્યા છે.
- ઉત્તર પ્રદેશમાં, જે એક સમયે દેશી તમંચાની વાર્તાઓ માટે જાણીતું હતું, તે આજે મોબાઈલ ફોન મૅન્યુફેક્ચરિંગમાં વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ બનાવી રહ્યું છે.
- પશ્ચિમ બંગાળ, જે પૂર્વ ભારતનું એક મુખ્ય રાજ્ય છે અને એક સમયે ભારતની સંસ્કૃતિ, શિક્ષણ, ઉદ્યોગ અને વેપારનું કેન્દ્ર હતું; છેલ્લાં 11 વર્ષોમાં કેન્દ્ર સરકારે પશ્ચિમ બંગાળના વિકાસમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે.



## લોકશાહીમાં વિરોધ અને દ્વેષ વચ્ચેનો તફાવત

જ્યારે રાજકીય વિરોધ એ વિકાસના વિરોધમાં પરિવર્તિત થાય છે, જ્યારે ટીકા રાષ્ટ્રની સિદ્ધિઓ પર શંકા પેદા કરવા લાગે છે, ત્યારે તે માત્ર સરકારનો વિરોધ નથી રહેતો; તે દેશની પ્રગતિથી અસહજતા અનુભવતી માનસિકતામાં ફેરવાઈ જાય છે. વર્તમાન પરિસ્થિતિ એવી છે કે રાષ્ટ્ર દ્વારા હાંસલ કરવામાં આવેલી દરેક સફળતા પર સવાલો ઉઠાવવામાં આવે છે, અને એવું લાગે છે કે જાણે રાષ્ટ્રના દરેક પ્રયાસ નિષ્ફળતામાં પરિણમે તેવી ઈચ્છા રાખવામાં આવી રહી હોય. લોકશાહીમાં અસંમતિ આવશ્યક છે. સરકારનો વિરોધ કરવો એ લોકતાંત્રિક અધિકાર છે; જો કે, રાષ્ટ્રને જ બદનામ કરવું એ વ્યક્તિના ઈરાદા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

- કોવિડ-19 મહામારી દરમિયાન, જ્યારે દેશે પોતાની સ્વદેશી રસી વિકસાવી, ત્યારે વિરોધ પક્ષોએ તેના પર શંકા કરી હતી. જ્યારે 'મેક ઇન ઇન્ડિયા'ની ચર્ચા થઈ, ત્યારે તેમણે કહ્યું કે તે સફળ થશે નહીં અને તેને 'બબ્બર શેર' કહીને તેની મજાક ઉડાવી હતી.
- જ્યારે ડિજિટલ ઇન્ડિયા લૉન્ચ કરવામાં આવ્યું, ત્યારે તેઓએ તેની મન મૂકીને મજાક ઉડાવી હતી. આજે ભારત વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનનું ઉદાહરણ છે. ભારત ડિજિટલ પેમેન્ટમાં વૈશ્વિક લીડર છે. ભારત મૅન્યુફેક્ચરિંગ અને સ્ટાર્ટઅપ્સમાં નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે.



- આપણે તાજેતરમાં ગ્લોબલ એઆઈ સમિટ દરમિયાન પણ આ જોયું. જ્યારે આખી દુનિયા ભારતમાં એકઠી થઈ હતી, ત્યારે કેટલાક વિરોધીઓ ત્યાં માત્ર હોબાળો કરવા માટે જ આવ્યા હતા. આ ઘટના સ્પષ્ટપણે દર્શાવે છે કે તેઓને રાષ્ટ્રના સન્માન પ્રત્યે કેટલી ઓછી પરવા છે. આજે, પક્ષનાં હિત કરતાં રાષ્ટ્રીય હિતને ઉપર રાખવું જરૂરી છે, કારણ કે અંતે તો રાજકારણથી ઉપર રાષ્ટ્ર અને રાષ્ટ્રનો વિકાસ છે.

2004થી 2010 વચ્ચે શું થયું હતું તે યાદ કરો. પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવનું સંકટ હતું, અને રૂપિયા 148,000 કરોડના ઓઈલ બોન્ડ બહાર પાડવામાં આવ્યા હતા. તત્કાલીન પીએમ મનમોહન સિંઘે પોતે સ્વીકાર્યું હતું કે તેઓ ભવિષ્યની પેઢીઓ પર દેવાનો બોજ નાખી રહ્યા છે. તે બોન્ડ્સની ચુકવણી 2020 પછી બાકી હતી. 1.48 લાખ કરોડ રૂપિયાને બદલે, દેશે 3 લાખ કરોડ રૂપિયાથી વધુ ચૂકવવા પડ્યા કારણ કે તેમાં વ્યાજ ઉમેરાયું હતું.

### સંયમ અને સંવેદનશીલતાનો સમય

આજના સમયની પરસ્પર જોડાયેલી વ્યવસ્થાઓમાં, કોઈ પણ દેશ યુદ્ધની પ્રતિકૂળ અસરોથી અલિપ્ત રહી શકતો નથી. ઘણા દેશોમાં પરિસ્થિતિ પહેલેથી જ ખૂબ ગંભીર બની ગઈ છે. આ સમય સંયમ અને સંવેદનશીલતાનો છે. આપણે મહામારીના મોટા સંકટ દરમિયાન જોયું છે કે જ્યારે નાગરિકો પડકારનો સામનો કરવા માટે એકજૂથ થાય છે, ત્યારે તેના પરિણામો અત્યંત સાર્થક હોય છે. આ જ ભાવના સાથે, આપણે આ યુદ્ધ દ્વારા ઊભી થયેલી પરિસ્થિતિઓનો સામનો કરવો જ પડશે. ■



# સુધારેલી ઉડાન યોજના

## ભારત ઔદ્યોગિક વિકાસ યોજનાને મંજૂરી

***કેન્દ્રીય મંત્રીમંડળે સુધારેલી ઉડાન યોજનાને મંજૂરી આપી છે, જેના અંતર્ગત 100 નવા એરપોર્ટ, 200 હૅલિપેડ અને 441 એરસ્ટ્રિપ્સનું નિર્માણ કરવામાં આવશે. આનાથી નવા વિસ્તારોમાં હવાઈ સેવાઓનો વિસ્તાર થશે અને લોકોને સુવિધાજનક તથા સુલભ હવાઈ મુસાફરીનો લાભ મળશે.***

***વધુમાં, ભારતના ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે એક મોટું પગલું ભરતા, 'ભારત ઔદ્યોગિક વિકાસ યોજના' (ભવ્ય)ને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત, અન્ય અનેક મહત્વપૂર્ણ દરખાસ્તોને પણ મંજૂરી આપવામાં આવી હતી...***

**નિર્ણય:** નાણાકીય વર્ષ 2026-27થી 2035-36 સુધીના દસ વર્ષના ગાળા માટે પ્રાદેશિક કનેક્ટિવિટી સ્કીમ-સુધારેલી ઉડાનનાં લૉન્ચ અને અમલીકરણ માટે મંજૂરી. ભારત સરકારની બજેટરી સહાય દ્વારા કુલ રૂપિયા 28,840 કરોડના ખર્ચને ટેકો આપવામાં આવશે.

**અસર:**

- એવા વિસ્તારોમાં પ્રાદેશિક હવાઈ કનેક્ટિવિટીમાં સુધારો જ્યાં હાલમાં હવાઈ જોડાણો મર્યાદિત છે અથવા જે હવાઈ સેવાઓથી વંચિત છે.
- ટિયર-2 અને ટિયર-3 શહેરોમાં આર્થિક વિકાસ, વેપાર અને પ્રવાસનને વેગ મળશે.
- સામાન્ય નાગરિકો માટે સસ્તી હવાઈ મુસાફરીની સુવિધાઓમાં વધારો.
- દૂરના અને પહાડી વિસ્તારોમાં ઈમરજન્સી રિસ્પોન્સ ક્ષમતાઓ અને આરોગ્ય સેવાઓની પહોંચમાં સુધારો.
- પ્રાદેશિક એરપોર્ટ અને એરલાઈન ઓપરેટરો માટે વધુ વ્યવહારિકતા અને સ્થિરતા.
- 'આત્મનિર્ભર ભારત' પહેલ હેઠળ સ્વદેશી એરોસ્પેસ ક્ષેત્રને પ્રોત્સાહન.
- ‘વિકસિત ભારત 2047’નાં લક્ષ્યને પ્રાપ્ત કરવાની દિશામાં પ્રગતિ

**નિર્ણય:** ભારત ઔદ્યોગિક વિકાસ યોજના દ્વારા નવા યુગના 'પ્લગ-એન્ડ-પ્લે' ઔદ્યોગિક વિકાસને મંજૂરી.

**અસર:** આ યોજના હેઠળ, દેશભરમાં 100 પ્લગ-એન્ડ-પ્લે ઈન્ડસ્ટ્રિયલ પાર્કના વિકાસ માટે રૂપિયા 33,660 કરોડ ફાળવવામાં આવ્યા છે.

- આ યોજનાનો ઉદ્દેશ્ય વિશ્વસ્તરીય ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા, ઉત્પાદન ક્ષમતાને ખીલવવા અને ભારતની વિકાસગાથાને વેગ આપવાનો છે.
- યોજના હેઠળ 100થી 1,000 એકર સુધીના ઔદ્યોગિક પાર્ક વિકસાવવામાં આવશે. એકર દીઠ રૂપિયા 1 કરોડ સુધીની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.
- આ પાર્ક્સમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કામદારો માટે આવાસની સુવિધાનો સમાવેશ થશે.
- આ પ્રોજેક્ટથી મોટા પાયે રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે. તે મૅન્યુફેક્ચરિંગ, લોજિસ્ટિક્સ અને સેવા ક્ષેત્રે નોંધપાત્ર પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી પેદા કરશે.

**નિર્ણય:** કપાસના ખેડૂતોને સીધી સહાય પૂરી પાડવા માટે 2023-24 સીઝન માટે કોટન કોર્પોરેશન ઑફ ઈન્ડિયાને રૂપિયા 1,718.56 કરોડના એમએસપી ફંડિંગની મંજૂરી.

**અસર:** જ્યારે બજારના ભાવ એમએસપી (ટેકાના ભાવ) કરતા નીચે જાય છે, ત્યારે આ ભંડોળ ખેડૂતોને તેમના પાકના વાજબી ભાવ સુરક્ષિત કરવામાં મદદ કરશે.

- સીસીઆઈ (કોટન કોર્પોરેશન ઑફ ઇન્ડિયા)એ 11 મુખ્ય કપાસ ઉત્પાદક રાજ્યોમાં મજબૂત ખરીદી નેટવર્ક સ્થાપિત કર્યું છે. તે 152 જિલ્લાઓમાં 508થી વધુ ખરીદી કેન્દ્રો ચલાવે છે, જે અવરોધરહિત અને સુલભ ખરીદી સુનિશ્ચિત કરે છે.
- એમએસપી સંબંધિત માહિતીનો પ્રસાર, ગાસડી આઈડેન્ટિફિકેશન અને ટ્રેસેબિલિટી સિસ્ટમનો અમલ, અને 'Cott-Ally' મોબાઈલ એપના લૉન્ચિંગથી ખરીદીની પ્રક્રિયા સુવ્યવસ્થિત થઈ છે અને ખેડૂતો માટે પહોંચમાં સુધારો થયો છે.
- કપાસ અંદાજે 6 મિલિયન ખેડૂતોની આજીવિકા ટકાવી રાખે છે અને પ્રોસેસિંગ, ટ્રેડ અને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી સહિતની સંલગ્ન પ્રવૃત્તિઓમાં રોકાયેલા 40થી 50 મિલિયન લોકોને ટેકો આપે છે.

**નિર્ણય:** ઉત્તર પ્રદેશમાં બારાબંકીથી બહરાઈચ સુધીના 4-લેન એક્સેસ-કંટ્રોલ્ડ નેશનલ હાઈવે-927નાં નિર્માણ માટે મંજૂરી.

- લંબાઈ: 101.515 કિમી
- ખર્ચ: રૂપિયા 6,969.04 કરોડ
- બાંધકામ મૉડલ: હાઈબ્રિડ એન્યુઈટી મોડ

**અસર:** આ પ્રોજેક્ટ બારાબંકી અને બહરાઈચ જિલ્લાના શહેરી વિસ્તારોમાં રોડ નિર્માણની ખામીઓ, તીવ્ર વળાંકો અને ટ્રાફિક જામની સમસ્યાઓનું નિવારણ કરશે.

- મુસાફરીનો સમય અને વાહન સંચાલન ખર્ચમાં ઘટાડો થશે, જેનાથી મુસાફરી સુરક્ષિત અને ઝડપી બનશે.
- તે બારાબંકી અને બહરાઈચ વચ્ચે અસ્ખલિત કનેક્ટિવિટી સુનિશ્ચિત કરશે, જે આર્થિક અને લોજિસ્ટિક્સ હબ માટે મલ્ટિ-મૉડલ લિન્કેજ પૂરું પાડશે.
- બહરાઈચ અને શ્રાવસ્તી પ્રદેશોમાં કનેક્ટિવિટી સુધરશે, જે પીએમ ગતિ શક્તિ સ્કીમના ઉદ્દેશ્યો સાથે સુસંગત છે.
- નેપાળગંજ સરહદ દ્વારા ભારત-નેપાળ કનેક્ટિવિટી મજબૂત થશે, જેનાથી રૂપઈડીહા લેન્ડ પોર્ટ સુધીની પહોંચમાં સુધારો થશે.

કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો પર પ્રેસ બ્રીફિંગ જોવા માટે QR કોડ સ્કેન કરો



**નિર્ણય:** નાણાકીય વર્ષ 2026-27થી નાણાકીય વર્ષ 2030-31 સુધીના સમયગાળા માટે સ્મોલ હાઈડ્રો પાવર (એસએચપી) વિકાસ યોજનાને મંજૂરી.

**અસર:** આ યોજના હેઠળ, અંદાજે 1,500 મેગા વૉટની સંયુક્ત ક્ષમતા ધરાવતા એસએચપી પ્રોજેક્ટ્સની સ્થાપના માટે રૂપિયા 2,584.60 કરોડનો ખર્ચ કરવામાં આવશે.

- પહાડી અને ઉત્તર-પૂર્વીય રાજ્યો માટે વિશેષ લાભો, જ્યાં આવા પ્રોજેક્ટ્સ માટે અપાર સંભાવનાઓ રહેલી છે.
- એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ પ્રોજેક્ટ્સના બાંધકામ તબક્કા દરમિયાન 5.1 મિલિયન (51 લાખ) વ્યક્તિ-દિવસોની રોજગારી પેદા થશે.

**નિર્ણય:** યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (યુએનએફસીસીસી)ને રજૂ કરવા માટે ભારતના રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાન (નેશનલી ડીટરમાઈન્ડ કોન્ટ્રીબ્યુશન્સ (એનડીસી))ને 2031થી 2035 સુધીના સમયગાળા માટે મંજૂરી.

**અસર:** 2005થી 2020ના સમયગાળા દરમિયાન ભારતની ઉત્સર્જન તીવ્રતામાં 36%નો ઘટાડો થયો છે. હવે 2035 સુધીમાં ઉત્સર્જન તીવ્રતામાં વધુ 47% ઘટાડો કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.

- દેશે ફેબ્રુઆરી 2026 સુધીમાં તેની કુલ સ્થાપિત વીજળી ક્ષમતામાં બિન-અશ્મિભૂત ઈંધણ આધારિત ઊર્જા સ્ત્રોતોનો 52.57% હિસ્સો હાંસલ કરી લીધો છે-જે નિર્ધારિત સમયમર્યાદા કરતાં પાંચ વર્ષ વહેલો છે.
- હવે 2035 સુધીમાં બિન-અશ્મિભૂત ઈંધણ આધારિત ઊર્જા સ્ત્રોતોનો હિસ્સો વધારીને 60% કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.
- ભારત 2035 સુધીમાં, 2005નાં સ્તરની તુલનામાં, વન અને વૃક્ષોના આચ્છાદન દ્વારા 3.5થી 4.0 અબજ ટન કાર્બન ડાયોક્સાઈડ સમકક્ષ 'કાર્બન સિંક' તૈયાર કરશે.
- ભારતની આ પ્રતિબદ્ધતાઓ 2047 સુધીમાં 'વિકસિત ભારત' અને 2070 સુધીમાં 'નેટ-ઝીરો' ઉત્સર્જન હાંસલ કરવાનાં રાષ્ટ્રીય લક્ષ્યો સાથે સુસંગત છે.

**નિર્ણય:** ઈમિગ્રેશન, વિઝા, વિદેશી નોંધણી ટ્રેકિંગ (આઈવીઆરએફટી) યોજનાને ચાલુ રાખવા માટે મંજૂરી.

**અસર:** આ યોજનાને 1,એપ્રિલ 2026થી 31 માર્ચ, 2031 સુધીના પાંચ વર્ષના સમયગાળા માટે લંબાવવામાં આવી છે, જેમાં કુલ રૂપિયા 1,800 કરોડનો અંદાજપત્રીય ખર્ચ નક્કી કરવામાં આવ્યું છે.

- મુખ્ય ઉદ્દેશ્ય: એક સુરક્ષિત અને સંકલિત સર્વિસ સિસ્ટમ હેઠળ ઈમિગ્રેશન અને વિઝા સેવાઓનું આધુનિકીકરણ અને અપગ્રેડેશન.




# પ્રગતિની ઉડાન એરપોર્ટ્સ

*કોઈપણ દેશમાં, એરપોર્ટ એ માત્ર એક સામાન્ય સુવિધા નથી; પણ તે રાજ્ય અને રાષ્ટ્ર બંનેની પ્રગતિને નવી પાંખો આપે છે. આ જ કારણ છે કે કેન્દ્ર સરકાર 'વિકસિત ભારત'નાં વિઝનને સાકાર કરવા માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અભૂતપૂર્વ રોકાણ કરી રહી છે. આ પહેલના અનુસંધાને, 28 માર્ચના રોજ રૂપિયા 11,200 કરોડના રોકાણ સાથે વિકસિત કરવામાં આવેલા જેવર (ઉત્તર પ્રદેશ) સ્થિત નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટના ફેઝ-1ના ઉદ્ઘાટન દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આજથી 'વિકસિત ઉત્તર પ્રદેશ, વિકસિત ભારત'ના અભિયાનમાં એક નવો અધ્યાય લખાઈ રહ્યો છે...*

ઉત્તર પ્રદેશના જેવરમાં નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટનો શિલાન્યાસ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 2021માં કરવામાં આવ્યો હતો, અને હવે તેનું ઉદ્ઘાટન પણ તેમના દ્વારા જ કરવામાં આવ્યું છે. આ એરપોર્ટના ઉદ્ઘાટન સાથે, ઉત્તર પ્રદેશ દેશમાં સૌથી વધુ સંખ્યામાં ઈન્ટરનેશનલ એરપોર્ટ ધરાવતું રાજ્ય બની ગયું છે. આ ઉદ્ઘાટન બાદ રાજ્યમાં એરપોર્ટની કુલ સંખ્યા વધીને 17 થઈ ગઈ છે, જ્યારે ઈન્ટરનેશનલ એરપોર્ટની સંખ્યા 5 પર પહોંચી છે. આ એરપોર્ટ શરૂ થવાથી આગ્રા, મથુરા, અલીગઢ, ગાઝિયાબાદ, મેરઠ, ઈટાવા, બુલંદશહેર અને ફરીદાબાદ જેવા મુખ્ય શહેરો સહિતના વિશાળ પ્રદેશને ફાયદો થશે. પશ્ચિમ ઉત્તર પ્રદેશના ખેડૂતો, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એસએમઈ) અને યુવાનો માટે આ એરપોર્ટ નવી તકોના દ્વાર ખોલશે. આ એરપોર્ટ પરથી વિશ્વભરના સ્થળો માટે ફ્લાઈટ્સ ઉડાન ભરશે. ઉલ્લેખનીય છે કે, જેવર એરપોર્ટ પ્રોજેક્ટને મૂળભૂત રીતે 2003માં તત્કાલીન પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. તેનો પાયો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં કેન્દ્ર સરકારની રચના બાદ નાખવામાં આવ્યો હતો. ત્યારબાદ નિર્માણ કાર્ય શરૂ થયું અને હવે આ એરપોર્ટ કાર્યરત થઈ ગયું છે. ખાસ નોંધનીય છે કે, આ એરપોર્ટનો શિલાન્યાસ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતે 2021માં કર્યો હતો.

**તાજેતરમાં, કેન્દ્ર સરકારે અંદાજે રૂપિયા 29,000 કરોડના ખર્ચ સાથે ઉડાન યોજનાના વિસ્તરણને મંજૂરી આપી છે. આ પહેલ હેઠળ, દેશભરનાં નાનાં શહેરોમાં 100 નવા એરપોર્ટ અને 200 નવા હૅલિપેડ બનાવવામાં આવશે.**

પ્રધાનમંત્રી મોદીએ નોંધ્યું હતું કે, માત્ર પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં જ છેલ્લાં કેટલાક






**2014 પહેલા દેશમાં માત્ર 74 એરપોર્ટ હતા. આજે દેશભરમાં 160થી વધુ એરપોર્ટ છે. હવે મોટાં મહાનગરો ઉપરાંત હવાઈ કનેક્ટિવિટી દેશનાં નાનાં શહેરો સુધી પહોંચી રહી છે. અગાઉની સરકારોની એવી માન્યતા હતી કે હવાઈ મુસાફરી માત્ર શ્રીમંતો માટે જ અનામત હોવી જોઈએ. જો કે, વર્તમાન સરકારે હવાઈ મુસાફરીને સામાન્ય ભારતીયો માટે સુલભ અને સસ્તી બનાવી છે.**

**– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## નોઈડા આંતરરાષ્ટ્રીય હવાઈ મથકની મુખ્ય વિશેષતાઓ

- નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટ એ ભારતનો સૌથી મોટો ગ્રીનફિલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટ છે.
- આ એરપોર્ટ આધુનિક નેવિગેશન સિસ્ટમ્સથી સજ્જ છે–જેમાં ઈન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ (આઈએલએસ) અને એડવાન્સ્ડ એરફિલ્ડ લાઈટિંગનો સમાવેશ થાય છે–જે તમામ હવામાન પરિસ્થિતિઓમાં દિવસ અને રાત કાર્યક્ષમ કામગીરીને સક્ષમ બનાવે છે.
- એરપોર્ટને પ્રતિ વર્ષ 250,000 મેટ્રિક ટનથી વધુ કાર્ગો વૉલ્યુમ હેન્ડલ કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેની ક્ષમતા ભવિષ્યમાં આશરે 1.8 મિલિયન મેટ્રિક ટન સુધી વધારી શકાય છે.
- આ એરપોર્ટને મલ્ટિ-મૉડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવામાં આવ્યું છે, જે રોડ, રેલ, મેટ્રો અને રિજનલ ટ્રાન્સપોર્ટ દ્વારા અસ્ખલિત કનેક્ટિવિટી પૂરી પાડે છે.

**11,200** **કરોડ રૂપિયાનું રોકાણ આ એરપોર્ટના વિકાસમાં કરવામાં આવ્યું છે.**

**1.20 કરોડ**

**મુસાફરો પ્રતિ વર્ષ–આ એરપોર્ટના પ્રારંભિક તબક્કાની અપેક્ષિત પેસેન્જર હેન્ડલિંગ ક્ષમતા હશે, જે સંપૂર્ણ વિકાસ બાદ 7 કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે.**

**3,900**

**મીટર લાંબો રનવે, જે મોટાં કદનાં વિમાનોના સંચાલનને સક્ષમ બનાવશે, તે આ એરપોર્ટનો ભાગ હશે.**

અઠવાડિયામાં આ ચોથો મોટો પ્રોજેક્ટ છે, જેનું કાં તો ઉદ્‌ઘાટન થયું છે અથવા તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન, નોઈડામાં એક મોટી સેમિકન્ડક્ટર ફૅક્ટરીનો પાયો નાખવામાં આવ્યો હતો; દેશની પ્રથમ દિલ્હી-મેરઠ ‘નમો ભારત’ ટ્રેને કામગીરી શરૂ કરી હતી; અને મેરઠ મેટ્રોના વિસ્તરણનું કાર્ય પણ હાથ ધરવામાં આવ્યું હતું. સેમિકન્ડક્ટર ફૅક્ટરી ભારતને ટેકનોલોજીનાં ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફ આગળ ધપાવી રહી છે. મેરઠ મેટ્રો અને નમો ભારત રેલ સેવા ઝડપી અને સ્માર્ટ કનેક્ટિવિટીના માધ્યમ તરીકે ઉભરી રહ્યા છે, જ્યારે જેવર એરપોર્ટ ઉત્તર ભારતને વૈશ્વિક મંચ સાથે જોડી રહ્યું છે. આ પ્રદેશ હવે બે મુખ્ય ફ્રેટ કોરિડોર માટે સેન્ટ્રલ હબ તરીકે વિકસી રહ્યો છે. ખાસ કરીને માલગાડીઓ માટે ડેડિકેટેડ રેલવે ટ્રૅક નાખવામાં આવ્યા છે, જેનાથી બંગાળ અને ગુજરાતનાં દરિયાઈ બંદરો સાથેની ઉત્તર ભારતની કનેક્ટિવિટી મજબૂત થઈ છે.

વધુમાં, દાદરી એ મુખ્ય જંક્શન તરીકે કામ કરે છે જ્યાં આ બે કોરિડોર એકબીજાને મળે છે. આનો અર્થ એ છે કે સ્થાનિક ખેડૂતો હવે તેમની પેદાશો–અને ઉદ્યોગો તેમના ઉત્પાદિત માલને–રોડ અને એર નેટવર્ક દ્વારા વિશ્વના ખૂણેખૂણે ઝડપથી પહોંચાડી શકે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આ બહુપક્ષીય કનેક્ટિવિટી ઉત્તર પ્રદેશને વિશ્વભરના રોકાણકારો માટે એક મુખ્ય ડેસ્ટિનેશન તરીકે સ્થાપિત કરી રહી છે.

ક્રૂડ ઓઈલ પર ભારતની નિર્ભરતા ઘટાડવામાં શેરડીના ખેડૂતોનાં યોગદાનને સ્વીકારતા, પ્રધાનમંત્રી મોદીએ શેરડીમાંથી ઉત્પાદિત ઈથેનોલ દ્વારા ભજવવામાં આવેલી મહત્વની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે નોંધ્યું હતું કે, જો ઈથેનોલનાં ઉત્પાદનમાં વધારો અને પેટ્રોલ સાથે તેનું મિશ્રણ ન થયું હોત, તો ભારતને વાર્ષિક વધારાના 4.5 કરોડ બેરલ (અંદાજે 700 કરોડ લિટર) ક્રૂડ ઓઈલની આયાત કરવાની ફરજ પડી હોત.

ઈથેનોલ માત્ર રાષ્ટ્ર માટે ફાયદાકારક સાબિત થયું નથી, પરંતુ તેણે ખેડૂતોને પણ નોંધપાત્ર લાભ આપ્યા છે. આ પહેલના પરિણામે અંદાજે રૂપિયા 1.5 લાખ કરોડ જેટલા વિદેશી હૂંડિયામણની બચત થઈ છે. ■







**કાર્યક્રમની થીમ**

**'સુપોષિત અને શિક્ષિત ભારતથી વિકસિત ભારત તરફ'**

રાષ્ટ્રપતિનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો

# શિક્ષણ: તકોના સર્જનનું મહત્વનું માધ્યમ

*બાળકો રાષ્ટ્રનું ભવિષ્ય છે, અને એ અત્યંત આવશ્યક છે કે તેઓને પૌષ્ટિક આહાર અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે. આથી જ સરકારે બાળકોને પર્યાપ્ત પોષણ અને વધુ સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે અનેક પહેલ હાથ ધરી છે. કુપોષણની સમસ્યાને દૂર કરવા અને બાળકોને શિક્ષણ મેળવવા પ્રોત્સાહિત કરવાના આ પ્રયાસોના ભાગરૂપે-અક્ષય પાત્ર સંસ્થા છેલ્લાં 25 વર્ષોથી શાળાઓમાં મધ્યાહ્ન ભોજન પહોંચાડવા માટે અથાક મહેનત કરી રહી છે. 17 માર્ચના રોજ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ફાઉન્ડેશન દ્વારા 5 અબજ (500 કરોડ) ભોજન વિતરણના સીમાચિહ્નને ઉજવવા માટે આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો હતો...*

શિક્ષણ એ એક એવું સાધન છે જે વ્યક્તિનાં જીવનમાં ઉપલબ્ધ તકો નક્કી કરે છે અને તેની સફળતાનો માર્ગ મોકળો કરે છે. તે પરિવર્તન અને સશક્તિકરણ માટેના અસરકારક માધ્યમ તરીકે કામ કરે છે. સશક્તિકરણ અને ક્ષમતા નિર્માણની પ્રક્રિયા બાળકો શાળાએ જવાનું શરૂ કરે તે ક્ષણથી જ આકાર લેવા લાગે છે. શાળા બાળકોને દૈનિક જીવનના પડકારોનો અસરકારક રીતે સામનો કરવા અને જવાબદાર તથા જાગૃત નાગરિક બનવા માટે જરૂરી કૌશલ્યો અને અનુભવોથી સજ્જ કરે છે.

તેમણે છેલ્લાં 25 વર્ષથી શાળાઓમાં મધ્યાહન ભોજન પહોંચાડીને બાળકોમાં કુપોષણની સમસ્યા દૂર કરવા અને તેમને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા બદલ અક્ષય પાત્ર ફાઉન્ડેશનની પ્રશંસા કરી હતી. તેમણે નોંધ્યું હતું કે શૈક્ષણિક ઉદ્દેશ્યોની પૂર્તિ માટે 5 અબજ ભોજન પીરસવું એ અક્ષય પાત્ર ફાઉન્ડેશન માટે એક નોંધપાત્ર સિદ્ધિ છે.

### બાળકો માટે ઉજ્જવળ ભવિષ્ય: સૌની સહિયારી જવાબદારી

આપણાં બાળકો માટે સુરક્ષિત અને ઉજ્જવળ ભવિષ્ય સુનિશ્ચિત કરવું એ માત્ર સરકારની જ નહીં પરંતુ સૌની સહિયારી જવાબદારી છે. જ્યારે



## પોષણ અને આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટેની વિવિધ પહેલ

ભારત સરકારે સગર્ભા માતાઓ અને બાળકોને પર્યાપ્ત પોષણ અને બહેતર આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે અનેક મહત્વપૂર્ણ પહેલ શરૂ કરી છે. પીએમ પોષણ હેઠળ અમલમાં મૂકાયેલ સ્કૂલ લંચ પ્રોગ્રામ (મધ્યાહ્ન ભોજન), વાલીઓ માટે તેમનાં બાળકોને શાળાએ મોકલવા માટે એક મહત્વનું પ્રોત્સાહન સાબિત થયું છે.

અનેક અભ્યાસો પુષ્ટિ કરે છે કે, આ કાર્યક્રમનાં પરિણામે શાળાઓમાં બાળકોના પ્રવેશ, હાજરી અને જાળવણીમાં વધારો થયો છે. સાથોસાથ, તેમની શીખવાની ક્ષમતા અને શૈક્ષણિક પ્રદર્શનમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. અક્ષય પાત્ર ફાઉન્ડેશન એ 'સમગ્ર શિક્ષા અભિયાન'ના ઉદ્દેશ્યોને આગળ ધપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે, જેનો લક્ષ્યાંક વર્ષ 2030 સુધીમાં તમામ બાળકો માટે ગુણવત્તાયુક્ત અને સર્વસમાવેશક શિક્ષણ સુનિશ્ચિત કરવાનો છે.

### અક્ષય પાત્ર ફાઉન્ડેશન: રાષ્ટ્રના યુવાધનનું પોષણ

**24** મિલિયનથી વધુ બાળકો દરરોજ તાજું અને પૌષ્ટિક ભોજન મેળવે છે.

**19** રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો આ નેટવર્ક સાથે જોડાયેલા છે.

- 23,000 શાળાઓ અને આંગણવાડીઓ આ પહેલમાં ભાગીદાર છે.
- દરેક ભોજન દ્વારા આશા, પોષણ અને શિક્ષણ પહોંચાડવામાં આવે છે.



### પીએમ પોષણ યોજના

**12** મિલિયન બાળકો 1.1 મિલિયનથી વધુ સરકારી શાળાઓમાં દરરોજ ભોજન મેળવે છે

શિક્ષકો, વાલીઓ, સામાજિક સંસ્થાઓ, કોર્પોરેટ સેક્ટર અને સમાજનો દરેક વર્ગ સાથે મળીને કામ કરે છે, ત્યારે આપણે આવનારી પેઢી માટે એક મજબૂત પાયો નાખીએ છીએ.

રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આપણે સુનિશ્ચિત કરવું જોઈએ કે દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ, પૌષ્ટિક આહાર, સારું સ્વાસ્થ્ય અને સ્વચ્છ તેમજ સુરક્ષિત વાતાવરણ મળે. આ પાયાની જરૂરિયાતો બાળકોના સર્વાંગી વિકાસને સક્ષમ બનાવે છે.

### બાળકો: રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્યના ઘડવૈયા

બાળકો માત્ર મફત ભોજન કાર્યક્રમોના લાભાર્થી નથી; તેઓ રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્યના ઘડવૈયા છે. રાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે આજે તેઓ જે પૌષ્ટિક આહાર મેળવી રહ્યા છે તે આપણા રાષ્ટ્રની માનવ મૂડીમાં કરવામાં આવેલું રોકાણ છે. સ્વસ્થ, શિક્ષિત અને ઊર્જાવાન બાળકો ભારતનું ભાવિ કાર્યદળ બનાવશે અને વર્ષ 2047 સુધીમાં 'વિકસિત ભારત'નાં લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

### રાષ્ટ્રપતિએ આચાર્ય શ્રીલ પ્રભુપાદને યાદ કર્યા

અક્ષય પાત્ર ફાઉન્ડેશન દ્વારા આયોજિત એક કાર્યક્રમ પ્રસંગે, રાષ્ટ્રપતિએ ઈસ્કોનના સ્થાપક-આચાર્ય શ્રીલ પ્રભુપાદને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "હું ઈસ્કોનના સ્થાપક-આચાર્ય શ્રીલ પ્રભુપાદને મારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું, જેમણે એવા સમાજની કલ્પના કરી હતી કે જ્યાં કોઈ પણ વ્યક્તિ ક્યારેય ભૂખી ન રહે."

તેમણે ભારતની 'અન્નદાન'ની સાંસ્કૃતિક પરંપરાને વૈશ્વિક મંચ પર પહોંચાડી અને કોઈપણ ભેદભાવ વિના મફત ભોજનનાં વિતરણનું સમર્થન કર્યું હતું. આવા સ્વપ્નદ્રષ્ટા મહાનુભાવોની મહેનતનાં મીઠાં ફળ અનેક ભાવિ પેઢીઓ મેળવી રહી છે. આજે, આ જ વિઝનથી પ્રેરાઈને સરકાર 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' દ્વારા અંદાજે 800 મિલિયન લોકોને મફત અનાજ પૂરું પાડે છે. ■

# સશક્ત ગ્રામીણ સમુદાય, સશક્ત પંચાયત

## પંચાયતો માટે ડેટા-આધારિત માહિતી

સ્વામિત્વ યોજના પહેલા, મધ્ય પ્રદેશના સિહોરમાં આવેલી બિલ્કિસગંજ ગ્રામ પંચાયત હાથે દોરેલા નકશા પર નિર્ભર હતી. સેવાઓના ખર્ચનો અંદાજ કાઢવો પણ એક પડકારજનક કાર્ય હતું. સ્વામિત્વ નકશાઓની રજૂઆત સાથે, પંચાયત પાસે હવે સચોટ અને ડેટા-આધારિત માહિતી ઉપલબ્ધ છે.

સ્વામિત્વને કારણે, વિવિધ પ્રવૃત્તિઓ માટે જમીનની ફાળવણી અને વિકાસ આયોજનમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. જમીનનો અસરકારક ઉપયોગ અને બહેતર સેવા વિતરણ હવે શક્ય બન્યું છે.

## પ્રોપર્ટી કાર્ડને કારણે જમીન વિવાદો ખતમ

જમ્મુ અને કાશ્મીરના સાંબા જિલ્લાના સ્વામિત્વ યોજનાના લાભાર્થી વીરેન્દ્ર કુમાર તેમનું પ્રોપર્ટી કાર્ડ મેળવીને અત્યંત આનંદિત છે. તેમનાં ગામના લોકો અનેક પેઢીઓથી-એક સદી કરતા પણ વધુ સમયથી-ત્યાં વસવાટ કરી રહ્યા છે, તેમ છતાં તેમની પાસે જમીનના યોગ્ય રેકોર્ડ્સ નહોતા. હવે, ગ્રામજનો તેમના સ્વામિત્વ કાર્ડ મેળવીને ખુશ છે.

વીરેન્દ્ર સમજાવે છે કે સ્વામિત્વ કાર્ડ મળવાથી તેમના જમીન વિવાદનો ઉકેલ આવ્યો છે. "આ કાર્ડને કારણે, હવે હું બેંક લોન મેળવવા માટે મારી જમીન ગીરવે મૂકી શકું છું. હું મારા ઘરનું સમારકામ કરાવી શકું છું. ગામમાં જમીન સંબંધિત વિવાદો અને ઝઘડાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે."

## સ્વામિત્વ કાર્ડ દ્વારા લોન મેળવવી બની સરળ

નાગપુર, મહારાષ્ટ્રના સ્વામિત્વ લાભાર્થી રોશન સંભા પાટીલે આ કાર્ડ મેળવવાનો પોતાનો અનુભવ અને તેનાથી થયેલા ફાયદાઓ શેર કર્યા. રોશને સમજાવ્યું કે ગામમાં તેમનું એક મોટું જૂનું ઘર હતું; પ્રોપર્ટી કાર્ડની મદદથી, તેમણે રૂપિયા7 લાખની લોન મેળવી, જેનો ઉપયોગ તેમણે ઘરનાં પુનઃનિર્માણ અને ખેતી માટે સિંચાઈની સુવિધાઓ સુધારવા માટે કર્યો. તેમણે નોંધ્યું કે તેમની આવક અને પાકની ઊપજ બંનેમાં વધારો થયો છે-જે તેમના જીવન પર સ્વામિત્વ યોજનાની સકારાત્મક અસરનો પુરાવો છે.


## સ્વામિત્વ કાર્ડથી વધ્યો આત્મવિશ્વાસ

રાયગડા, ઓડિશાના લાભાર્થી ગજેન્દ્ર સંગીતાએ જણાવ્યું કે સ્વામિત્વ કાર્ડ મળવું એ એક મોટું પરિવર્તન છે-ખાસ કરીને એ જોતા કે છેલ્લાં 60 વર્ષોથી તેમની પાસે મિલકતના કોઈ યોગ્ય દસ્તાવેજો નહોતા. તેમણે કહ્યું કે કાર્ડ મળવાથી તેમનો આત્મવિશ્વાસ વધ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે હવે તેઓ તેમના ટેલરિંગ બિઝનેસનાં વિસ્તરણ અને વિકાસ માટે લોન લેવાનો ઈરાદો ધરાવે છે.

ભારતની ગ્રામીણ વસ્તી, પંચાયતો અને તેનાં અર્થતંત્રને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે છ વર્ષ પહેલા 24 એપ્રિલ, પંચાયતી રાજ દિવસના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી સ્વામિત્વ યોજના સાથે જોડાયેલી ગાથાઓ દર્શાવે છે કે કેવી રીતે આ પહેલ ગ્રામીણ ભારતની આકાંક્ષાઓને નવો આકાર આપી રહી છે.

આ યોજના શરૂ કરતી વખતે, પીએમ મોદીએ જણાવ્યું હતું કે તે મિલકતની માલિકી અંગેની અસ્પષ્ટતાઓને દૂર કરશે અને ગામડાંઓમાં વિકાસ પ્રોજેક્ટ્સના બહેતર આયોજનમાં નોંધપાત્ર મદદ કરશે. વધુમાં, તે





## સ્વામિત્વ યોજનાના મુખ્ય ઉદ્દેશ્યો

- અસ્કયામતોના મુદ્રીકરણને સુવિધાજનક બનાવવું.
- બેંક લોન મેળવવાની પ્રક્રિયાને સરળ બનાવવી.
- મિલકત સંબંધિત વિવાદોમાં ઘટાડો કરવો.
- ગ્રામીણ સ્તરે વ્યાપક આયોજન તૈયાર કરવું, જે સાચા અર્થમાં 'ગ્રામ સ્વરાજ' સાકાર કરવા અને ગ્રામીણ ભારતને આત્મનિર્ભર બનાવવા તરફનું પ્રથમ પગલું છે.

## પ્રોપર્ટી રાઈટ્સ કાર્ડ્સ જારી થયા

**31** રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ યોજના હેઠળ આવરી લેવાયા

**3.45** લાખ સર્વેક્ષણ માટે સૂચિત કરવામાં આવેલાં ગામો.

**3.29** લાખ ગામો જ્યાં ડ્રોન સર્વેક્ષણનું કામ પૂર્ણ થઈ ગયું છે.

**3.10** કરોડ તૈયાર કરવામાં આવેલા પ્રોપર્ટી કાર્ડ્સ (1.87 લાખ ગામો માટે)

**2.65** કરોડ+ વિતરણ કરવામાં આવેલા પ્રોપર્ટી કાર્ડ્સ.

**નોંધ: આ ડેટા 11 માર્ચ, 2026 સુધીનો છે.**



> *"રાષ્ટ્રએ સંકલ્પ કર્યો છે કે ગામડાંઓ અને ગરીબોને આત્મનિર્ભર બનાવવા એ જ ભારતની સંભવિત ક્ષમતાની સાચી ઓળખ છે. સ્વામિત્વ યોજના આ સંકલ્પની સિદ્ધિમાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.*
>
> *-નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

ગ્રામીણો માટે તેમની અસ્કયામતોનો ઉપયોગ કરવાનું સરળ બનાવીને-શહેરી વિસ્તારોની જેમ જ-બેંક લોન મેળવવાની પ્રક્રિયાને સરળ બનાવશે. આ યોજનાને કારણે મળેલા વિવિધ લાભો અને સફળતાની ગાથાઓમાં લાભાર્થીઓ પોતે જ આ ફાયદાઓ પર ભાર મૂકી રહ્યા છે.

આ પહેલ જમીનની માલિકી અંગેના સદીઓ જૂના પડકારોને વિકાસ અને સશક્તિકરણની તકોમાં પરિવર્તિત કરી રહી છે. તે જમીન વિવાદોનો ઉકેલ લાવી રહી છે અને ગ્રામીણ ભારતના લોકોની અસ્કયામતોને આર્થિક પ્રગતિ માટેના શક્તિશાળી સાધનોમાં ફેરવી રહી છે. હાઈ-ટેક ડ્રોન સર્વેથી લઈને ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ સુધી, આ યોજના માત્ર નકશા અને સીમાઓ સુધી સીમિત નથી; તે સપનાઓને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહી છે.

જેમ જેમ ગામડાંઓ આ નવીનતા-આધારિત પરિવર્તનને સ્વીકારી રહ્યા છે, તેમ તેમ સરકારની આ પહેલ તેમના સમુદાયો માટે અત્યંત ફાયદાકારક સાબિત થઈ રહી છે. તે આત્મનિર્ભરતા, બહેતર આયોજન અને મજબૂત, એકીકૃત ગ્રામીણ ભારત માટે પરિવર્તનકારી બળ તરીકે ઉભરી રહી છે.

ભારતની આઝાદી બાદ, બંધારણની કલમ 40-જે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાવિષ્ટ છે-તેમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે રાજ્ય ગ્રામ પંચાયતોની રચના કરશે અને તેમને એવી સત્તા અને અધિકારો આપશે જે તેમને

# પંચાયતી રાજની શરૂઆત... 24 એપ્રિલ એ પંચાયતી રાજ દિવસ છે

- ભારતીય પંચાયતી રાજ વ્યવસ્થાનાં મૂળ દેશના ઈતિહાસ અને સંસ્કૃતિમાં ઊંડા રહેલાં છે. ઋગ્વેદ-જે ભારતના સૌથી પ્રાચીન પવિત્ર ગ્રંથો અને ઐતિહાસિક સ્ત્રોતોમાંનો એક છે-તેમાં હજારો વર્ષોથી સ્વ-શાસિત ગ્રામીણ સમુદાયોના ઉલ્લેખો જોવા મળે છે.
- પંચાયતી રાજની સ્થાપનામાં એક ઐતિહાસિક સફળતા 1957માં મળી હતી, જ્યારે બળવંતરાય મહેતાના અધ્યક્ષપદે બનેલી સમિતિએ તેના અહેવાલમાં ભલામણ કરી હતી કે સામુદાયિક વિકાસ પ્રવૃત્તિઓમાં જનભાગીદારી વૈધાનિક પ્રતિનિધિ સંસ્થાઓ દ્વારા થવી જોઈએ.
- જો કે, સાચા અર્થમાં સ્વતંત્ર ભારતમાં પંચાયતી રાજ પ્રણાલી સૌ પ્રથમ 2 ઑક્ટોબર, 1959ના રોજ રાજસ્થાનના નાગૌર જિલ્લામાં (જે જયપુરથી 260 કિલોમીટર દૂર આવેલું છે) અમલમાં મૂકવામાં આવી હતી.
- 1978માં, અશોક મહેતા સમિતિએ પંચાયતી રાજ વ્યવસ્થાને બંધારણીય દરજ્જો આપવાની ભલામણ કરતો અહેવાલ રજૂ કર્યો હતો.
- 22 અને 23 ડિસેમ્બર, 1992ના રોજ, કેન્દ્ર સરકારે સંસદનાં બંને ગૃહોમાં પંચાયતો અને નગરપાલિકાઓ વિશેના બે વિધેયકો રજૂ કર્યા. રાષ્ટ્રપતિની મંજૂરી બાદ, આ કાયદો 24 એપ્રિલ, 1993ના રોજ બંધારણ (73મો સુધારો) અધિનિયમ, 1992 તરીકે અમલમાં આવ્યો.
- બંધારણ (74મો સુધારો) અધિનિયમ, 1992-જેમાં શહેરી સ્થાનિક સંસ્થાઓ માટેની જોગવાઈઓ કરવામાં આવી હતી-તે 1 જૂન, 1993થી અમલમાં આવ્યો.



***આજે, 2,60,000 પંચાયતોમાં લોકોના સામાજિક અને રાજકીય સશક્તિકરણને સુનિશ્ચિત કરીને, આ વ્યવસ્થા ભારતીય લોકશાહીના પાયાને મજબૂત બનાવે છે. તેમાં 24.24 લાખ ચૂંટાયેલા પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે, જેમાંથી આશરે 49.55 ટકા મહિલાઓ છે.***



સ્વાયત્ત સરકારના એકમો તરીકે કાર્ય કરવા માટે સક્ષમ બનાવવા માટે જરૂરી હોય. તેની શરૂઆતથી જ, સ્વ-શાસનને પંચાયતી રાજ પ્રણાલીનો સાચો અર્ક માનવામાં આવે છે.

આ પંચાયતી રાજ વ્યવસ્થા 1992માં પસાર કરવામાં આવેલા અને ત્યારબાદ 1993માં અમલમાં આવેલા બંધારણીય સુધારા પછી બંધારણનો અભિન્ન અંગ બની હતી. અગાઉના શાસનકાળ દરમિયાન સમગ્ર ભારતમાં અનેક ગ્રામીણ ઘરો અને જમીનના પ્લોટ માટેના ઔપચારિક રેકોર્ડ પદ્ધતિસર જાળવવામાં આવ્યા ન હતા. કાયદેસરના દસ્તાવેજોના અભાવે, વ્યક્તિઓ તેમની માલિકીના દાવાઓની પુષ્ટિ કરવામાં અસમર્થ હતી, તેમજ તેઓ બેંક લોન મેળવવા અથવા સરકારી સહાય મેળવવા માટે તેમની અસ્કયામતોનો ઉપયોગ કરી શકતા ન હતા.

રેકોર્ડની આ વિસંગતતાઓએ ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક વૃદ્ધિને રૂંધી હતી અને જમીનના અનેક વિવાદોને જન્મ આપ્યો હતો. આ તમામ પડકારોને પહોંચી વળવા માટે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 24 એપ્રિલ, 2020ના રોજ સ્વામિત્વ યોજના શરૂ કરી હતી-એક એવી પહેલ જે આજે ગ્રામીણ ભારતના આર્થિક વિકાસને નવી ગતિ આપી રહી છે.

નાણા મંત્રાલયના જન સુરક્ષા પોર્ટલના ડેટા સૂચવે છે કે, ફેબ્રુઆરી 2026 સુધીમાં, આશરે 1,680 કરોડ રૂપિયાની લોન 10,913 પ્રોપર્ટી કાર્ડ ધારકોને વિતરિત કરવામાં આવી છે. પંચાયતી રાજ મંત્રાલયના જણાવ્યા અનુસાર, પ્રોપર્ટી કાર્ડના ઉપયોગ અંગે વિવિધ રાજ્યોમાંથી નોંધપાત્ર સફળતાના અહેવાલો પ્રાપ્ત થયા છે; ખાસ કરીને, સ્વામિત્વ યોજનાના લાભાર્થીઓએ બેંક લોન મેળવવા માટે તેમના સ્વામિત્વ કાર્ડનો જામીન તરીકે ઉપયોગ કર્યો છે-આ લોનનો હેતુ ઘર બાંધકામ અને વાહન ખરીદીથી લઈને વ્યવસાયના વિસ્તરણ અને ડેરી ઉદ્યોગોને મોટા પાયે વધારવા સુધીનો છે. ■

# રાષ્ટ્રના લોકોનું કલ્યાણ
# સર્વોપરી




*પશ્ચિમ એશિયામાં વધતો જતો તણાવ અને ઈરાન, ઈઝરાયેલ તથા અમેરિકા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષે વૈશ્વિક ચિંતામાં વધારો કર્યો છે. આવા કટોકટીના સમયમાં–જ્યારે વૈશ્વિક વ્યવસ્થા ડગમગતી જણાય છે–ત્યારે ભારતે ફરી એકવાર પોતાની વિવેકબુદ્ધિ, સંયમ અને દૂરદષ્ટિ દ્વારા નિશ્ચિત નેતૃત્વનું પ્રદર્શન કર્યું છે. સંકટનો અંદેશો આવતાં જ, રાષ્ટ્રએ માત્ર પોતાની સજ્જતા જ મજબૂત નથી કરી પરંતુ એ પણ સુનિશ્ચિત કર્યું છે કે કોઈ ગભરાટ કે અસ્થિરતા જાહેર જીવનને ખોરવી ન શકે. કોરોના કાળ દરમિયાન આ ક્ષમતા પહેલેથી જ સાબિત કરી દીધા પછી, કેન્દ્ર સરકારે હવે વર્તમાન કટોકટી પર દેખરેખ રાખવા માટે એક આંતર-મંત્રાલય સમિતિની સ્થાપના કરી છે. આ સમિતિ રાષ્ટ્રને દૈનિક અપડેટ્સ પૂરા પાડશે. તે જ સમયે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ–સંસદનાં બંને ગૃહોને સંબોધન કરતા–રાષ્ટ્રને સંદેશ આપ્યો છે કેઃ ભારત માત્ર પડકારોનો સામનો જ નથી કરતું; તે તેમને તકોમાં પરિવર્તિત કરવાની અદમ્ય ક્ષમતા ધરાવે છે–એક એવું રાષ્ટ્ર જે દરેક કટોકટીમાંથી પહેલા કરતા પણ વધુ મજબૂત બનીને ઉભરે છે...*

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને તેનાં પરિણામે ઊભા થયેલા પડકારોએ વિશ્વના મોટા ભાગના દેશોને ચિંતામાં મૂક્યા છે. આ યુદ્ધ વૈશ્વિક અર્થતંત્ર અને સમગ્ર વિશ્વમાં લોકોના જીવન પર પ્રતિકૂળ અસર કરી રહ્યું છે. ભારત માટે પણ આ સંઘર્ષે અભૂતપૂર્વ પડકારો ઊભા કર્યા છે–એવા પડકારો જે આર્થિક ક્ષેત્ર, રાષ્ટ્રીય સુરક્ષા અને માનવતાવાદી ચિંતાઓ સુધી ફેલાયેલા છે.

આનું કારણ એ છે કે ભારત આ યુદ્ધમાં સામેલ રાષ્ટ્રો અને સંઘર્ષથી પ્રભાવિત દેશો સાથે વ્યાપક રાજદ્વારી અને વ્યાપારી સંબંધો ધરાવે છે. જ્યાં અત્યારે યુદ્ધ ચાલી રહ્યું છે તે ક્ષેત્રમાંથી એક મહત્વપૂર્ણ વેપાર માર્ગ પસાર થાય છે, જે આપણને બાકીના વિશ્વ સાથે જોડે છે. ખાસ કરીને, આ પ્રદેશ આપણી કાચા તેલ અને કુદરતી ગેસની જરૂરિયાતોનો મોટો હિસ્સો પૂરો

## પ્રાધાન્યઃ ભારતીયોની સુરક્ષા

જ્યારથી આ સંઘર્ષ શરૂ થયો છે, ત્યારથી પ્રભાવિત દેશોમાં રહેલા દરેક ભારતીયને જરૂરી સહાય પૂરી પાડવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતે પશ્ચિમ એશિયાના મોટાભાગના દેશોના વડાઓ સાથે બે રાઉન્ડ ટેલિફોનિક પરામર્શ કર્યો છે. તે તમામે ભારતીયોની સુરક્ષા અને સલામતી અંગે સંપૂર્ણ ખાતરી આપી છે. અસરગ્રસ્ત પ્રદેશોમાં તમામ ભારતીય રાજદ્વારી મિશન ભારતીય નાગરિકોને મદદ કરવામાં સતત વ્યસ્ત છે.

ત્યાં કામ કરતા વ્યવસાયિકો હોય કે પ્રદેશની મુલાકાતે આવેલા પ્રવાસીઓ હોય, દરેકને શક્ય તમામ પ્રકારની સહાય પૂરી પાડવામાં આવી રહી છે. ભારત અને અન્ય અસરગ્રસ્ત દેશો બંનેમાં 24/7 કંટ્રોલ રૂમ અને ઈમરજન્સી હેલ્પલાઈન સ્થાપિત કરવામાં આવી છે. સંઘર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં 375,000થી વધુ ભારતીયો સુરક્ષિત રીતે ભારત પરત ફર્યા છે. એકલા ઈરાનમાંથી અત્યાર સુધીમાં અંદાજે 1,000 ભારતીયો સુરક્ષિત રીતે પરત ફર્યા છે; જેમાંથી 700થી વધુ તબીબી અભ્યાસ કરતા યુવાન વિદ્યાર્થીઓ છે.

પાડે છે. આ પ્રદેશ અન્ય એક કારણસર પણ મહત્વ ધરાવે છેઃ અંદાજે 10 મિલિયન (એક કરોડ) ભારતીયો અખાતી દેશોમાં રહે છે અને ત્યાં કામ કરે છે. વધુમાં, તે પ્રદેશના જળમાર્ગોમાં સફર કરતા વ્યાપારી જહાજો પર કામ કરતા કર્મચારીઓમાં ભારતીય ક્રૂ મેમ્બર્સનો મોટો હિસ્સો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આ બહુપક્ષીય પરિબળોને જોતા ભારતની ચિંતાઓ સ્વાભાવિક રીતે જ વધી ગઈ છે; તેથી, તે અનિવાર્ય છે કે ભારતની સંસદ આ કટોકટી અંગે વિશ્વ સમક્ષ એકીકૃત અને સર્વસંમત અવાજ રજૂ કરે.

### સામાન્ય પરિવારો માટે મુશ્કેલીઓ ઓછી કરવી

ભારત ક્રૂડ તેલ, કુદરતી ગેસ અને ખાતર જેવી આવશ્યક ચીજવસ્તુઓની મોટી માત્રામાં આયાત હોર્મુઝની સામુદ્રધુની મારફતે કરે છે. સંઘર્ષની શરૂઆતથી, હોર્મુઝની સામુદ્રધુની દ્વારા દરિયાઈ પરિવહન અત્યંત પડકારજનક બન્યું છે. તેમ છતાં, કેન્દ્ર સરકારે એ સુનિશ્ચિત કરવાના પ્રયત્નો કર્યા છે કે પેટ્રોલ, ડીઝલ અને કુદરતી ગેસનો પુરવઠો મોટાભાગે અવિરત રહે.

મુખ્ય ધ્યાન દેશભરના સામાન્ય પરિવારો માટે કોઈપણ સંભવિત મુશ્કેલી ઘટાડવા પર રહ્યો છે. ભારત તેની જરૂરિયાતના 60% રાંધણ ગેસની આયાત કરે છે–અને તેના પુરવઠાની અનિશ્ચિતતાઓને ધ્યાનમાં રાખીને–સરકારે ઘરેલું વપરાશ માટે રાંધણ ગેસની ફાળવણીને પ્રાધાન્ય આપ્યું છે. સાથે સાથે, દેશમાં રાંધણ ગેસનું સ્વદેશી ઉત્પાદન વધારવાના પ્રયાસો ચાલુ છે. સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો સરળ અને અવિરત રહે તે સુનિશ્ચિત કરવા માટે પણ સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. માત્ર 11 વર્ષ પહેલાં, ભારત 27 દેશોમાંથી કાચું તેલ અને ગેસ જેવા ઊર્જા સંસાધનોની આયાત કરતું હતું; આજે, ભારત 41 વિવિધ રાષ્ટ્રો પાસેથી ઊર્જા મેળવે છે.

હાલમાં, ભારત 5.3 મિલિયન મેટ્રિક ટનથી વધુ વ્યુહાત્મક પેટ્રોલિયમ અનામત ધરાવે છે, અને વધારાની 6.5 મિલિયન મેટ્રિક ટનની અનામત ક્ષમતા સ્થાપિત કરવા માટે સક્રિયપણે કામ ચાલી રહ્યું છે. આ વિવિધ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા જાળવવામાં આવતા ઓપરેશનલ રિઝર્વ ઉપરાંત છે. સરકાર વિવિધ દેશોના સપ્લાયર્સ સાથે સતત સંપર્કમાં છે. ઉદ્દેશ દરેક સંભવિત સ્ત્રોતમાંથી તેલ અને ગેસનો સતત પુરવઠો સુનિશ્ચિત કરવાનો છે. ભારત સરકાર અખાત અને આસપાસના વિસ્તારોમાં શિપિંગ રૂટ પર સતત નજર રાખી રહી છે. સરકાર એ સુનિશ્ચિત કરવા પ્રયત્નશીલ છે કે તેલ, ગેસ અને ખાતર જેવી આવશ્યક ચીજવસ્તુઓ લઈ જતા જહાજો સુરક્ષિત રીતે ભારત પહોંચે.

### ઊર્જાઃ અર્થતંત્રની કરોડરજ્જુ

આજના વિશ્વમાં, ઊર્જા અર્થતંત્રની કરોડરજ્જુ તરીકે કામ કરે છે, અને પશ્ચિમ એશિયા વૈશ્વિક ઊર્જા જરૂરિયાતોને પૂરી કરવા માટેના મુખ્ય સ્ત્રોત તરીકે ઊભું છે. પ્રવર્તમાન કટોકટી દ્વારા અત્યારે વિશ્વભરનાં અર્થતંત્રો પ્રભાવિત થઈ રહ્યા છે; પરિણામે, ભારતને ઓછામાં ઓછી પ્રતિકૂળ અસરોનો સામનો કરવો પડે તે સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સરકાર દરેક સંભવિત અસર–પછી તે ટૂંકા ગાળાની હોય, મધ્યમ ગાળાની હોય કે લાંબા ગાળાની હોય–તેને પહોંચી વળવા માટે વ્યાપક વ્યૂહરચના સાથે કામ કરી રહી છે.

ભારત સરકારે એક આંતર-મંત્રાલય જૂથની પણ રચના કરી છે, જે આયાત અને નિકાસ કામગીરીમાં ઉદભવતી કોઈપણ મુશ્કેલીઓનું મૂલ્યાંકન કરવા અને તેનો ઉકેલ લાવવા માટે દરરોજ મળે છે. રાષ્ટ્રના ખેડૂતોનો આભાર, જેમણે આપણાં અન્ન ભંડારોને સંપૂર્ણ રીતે ભરેલા રાખ્યા છે, ભારત પાસે પૂરતા પ્રમાણમાં અનાજનો ભંડાર છે. વધુમાં, છેલ્લાં કેટલાંક વર્ષોમાં, સરકારે કોઈપણ કટોકટીને અસરકારક રીતે હૅન્ડલ કરવા માટે ખાતરના પુરવઠાની પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત કરી છે. કોરોના મહામારી દરમિયાન–અને ત્યારબાદ વિવિધ સંઘર્ષો વચ્ચે–વૈશ્વિક પુરવઠા શૃંખલાઓએ નોંધપાત્ર વિક્ષેપોનો અનુભવ કર્યો હતો.

એક સમયે વૈશ્વિક બજારમાં યુરિયાની એક બેગની કિંમત વધીને 3,000 રૂપિયા જેટલી થઈ ગઈ હતી; જો કે, એ જ થેલી ભારતીય ખેડૂતોને 300 રૂપિયાથી પણ ઓછી સબસિડીવાળી કિંમતે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. છેલ્લા દાયકામાં, દેશભરમાં છ નવા યુરિયા પ્લાન્ટ કાર્યરત કરવામાં

## કોલસાનું વિક્રમી ઉત્પાદન

આગામી દિવસોમાં ઉનાળાની ઋતુ તેજ બનતા વીજળીની માગ વધવાની અપેક્ષા છે. હાલમાં, દેશભરના તમામ વીજ પ્લાન્ટ પૂરતા પ્રમાણમાં કોલસાનો જથ્થો ધરાવે છે. ભારતે સતત બીજા વર્ષે 100 કરોડ ટન કોલસાનું ઉત્પાદન કરીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. વીજ ઉત્પાદનથી લઈને વીજ વિતરણ સુધીની તમામ પ્રણાલીઓનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે; વધુમાં, સરકારના સજ્જતાના પ્રયાસોને પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોના યોગદાનથી નોંધપાત્ર વેગ મળ્યો છે.

છેલ્લા દાયકામાં, રાષ્ટ્રે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. આજે, દેશની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાં પુનઃપ્રાપ્ય સ્ત્રોતોનો હિસ્સો લગભગ અડધો છે. કુલ પુનઃપ્રાપ્ય ક્ષમતા આજે 250 ગીગાવોટ્સના ઐતિહાસિક આંકડાને વટાવી ગઈ છે. છેલ્લાં 11 વર્ષોમાં, દેશે તેની સૌર ઊર્જા ક્ષમતા આશરે 3 ગીગાવોટ્સથી વધારીને 140 ગીગાવોટ્સ કરી છે.



## પ્રધાનમંત્રી મોદી પશ્ચિમ એશિયાના તમામ નેતાઓ સાથે સંપર્કમાં

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે ભારતે પહેલેથી જ પોતાની ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. પ્રધાનમંત્રી મોદીએ પોતે આ પ્રદેશના તમામ સંબંધિત નેતાઓ સાથે ચર્ચા કરી છે. તેમણે દરેકને તણાવ ઘટાડવા અને આ સંઘર્ષનો અંત લાવવા વિનંતી કરી છે. ભારતે નાગરિકોને નિશાન બનાવતા હુમલાઓ તેમજ ઊર્જા અને પરિવહન સંબંધિત માળખાગત સુવિધાઓ પરના હુમલાઓની નિંદા કરી છે.

વ્યાપારી જહાજો પરના હુમલા અને આંતરરાષ્ટ્રીય જળમાર્ગો–જેમ કે હોર્મુઝની સામુદ્રધુની–માં અવરોધો અસ્વીકાર્ય છે. સંઘર્ષના આ વાતાવરણમાં પણ, ભારત રાજદ્વારી માધ્યમો દ્વારા ભારતીય જહાજોના સુરક્ષિત માર્ગને સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયાસો કરી રહ્યું છે.



આવ્યા છે, જે વાર્ષિક 7.6 મિલિયન મેટ્રિક ટનથી વધુ ઉત્પાદન ક્ષમતા ઉમેરે છે. આ જ સમયગાળા દરમિયાન, ડીએપી અને એનપીકે જેવા ખાતરોનું સ્થાનિક ઉત્પાદન પણ આશરે મિલિયન મેટ્રિક ટન જેટલું વધ્યું છે. તદુપરાંત, સરકાર ખેડૂતોને કુદરતી ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે સક્રિયપણે પ્રોત્સાહિત કરી રહી છે.

### દરેક પડકારનો સામનો કરવો

આ સંઘર્ષના પરિણામે ઊભી થયેલી મુશ્કેલ વૈશ્વિક પરિસ્થિતિની લાંબા ગાળાની અસર થવાની શક્યતા છે; તેથી, આપણે સજ્જ અને એકજૂથ રહેવું જોઈએ. આપણે ધીરજ અને સંયમ સાથે દરેક પડકારનો સામનો કરવો જોઈએ. પરિસ્થિતિનો લાભ લેવા માગતા લોકો ખોટી માહિતી ફેલાવવાનો પ્રયાસ કરશે; આપણે તેમના પ્રયત્નોને સફળ થવા દેવા જોઈએ નહીં. પ્રધાનમંત્રી મોદીએ દેશભરની તમામ રાજ્ય સરકારોને પણ કડક તકેદારી રાખવા વિનંતી કરી છે, અને નોંધ્યું છે કે કાળાબજાર અને સંગ્રહખોરીમાં સંકળાયેલી વ્યક્તિઓ આવા સમયે સક્રિય થઈ જતી હોય છે. ■

# 'ટીમ ઈન્ડિયા'

## પશ્ચિમ એશિયાની કટોકટીનો સંયુક્ત રીતે સામનો કરશે

***પશ્ચિમ એશિયામાં યુદ્ધની પરિસ્થિતિને કારણે ઊભી થયેલી વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે, દેશ 'ટીમ ઈન્ડિયા' તરીકે સાથે મળીને કામ કરી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે 'ટીમ ઈન્ડિયા' આ પરિસ્થિતિમાંથી સફળતાપૂર્વક બહાર આવશે. મુખ્યમંત્રીઓ અને ઉપરાજ્યપાલો સાથેની બેઠક દરમિયાન, પરિસ્થિતિને પહોંચી વળવા માટે કેન્દ્ર સરકાર દ્વારા અત્યાર સુધી લેવામાં આવેલાં પગલાંની પ્રશંસા કરવામાં આવી હતી, અને મુખ્યમંત્રીઓએ કેન્દ્ર સાથે મળીને કામ કરવાની તેમની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.***



27 માર્ચના રોજ, પશ્ચિમ એશિયામાં તાજેતરના ઘટનાક્રમ અને ભારત પર તેની સંભવિત અસર અંગેની સજ્જતાની સમીક્ષા કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મુખ્યમંત્રીઓ અને ઉપરાજ્યપાલો સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. પશ્ચિમ એશિયામાં પ્રવર્તમાન પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારત આવી વૈશ્વિક વિક્ષેપોને સુપેરે પહોંચી વળવાનો અગાઉનો અનુભવ ધરાવે છે.

તેમણે કોરોના મહામારી દરમિયાન કરવામાં આવેલા સામૂહિક પ્રયાસોને યાદ કર્યા, જ્યારે કેન્દ્ર અને રાજ્યોએ પુરવઠા શૃંખલા, વેપાર અને દૈનિક જીવન પરની અસરને ઘટાડવા માટે 'ટીમ ઈન્ડિયા' તરીકે સાથે મળીને કામ કર્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સહકાર અને સંકલનની આ ભાવના જ વર્તમાન સંજોગોનો સામનો કરવામાં ભારતની સૌથી મોટી શક્તિ છે.

પ્રધાનમંત્રી મોદીએ નોંધ્યું હતું કે 3 માર્ચથી એક આંતર-મંત્રાલય જૂથ કાર્યરત છે, જે દૈનિક ધોરણે પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યું છે અને સમયસર નિર્ણયો લઈ રહ્યું છે. સરકારની પ્રાથમિકતાઓ આર્થિક અને વ્યાપારિક સ્થિરતા જાળવવી, ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવી, નાગરિકોનાં હિતોનું રક્ષણ કરવું અને ઉદ્યોગો તથા પુરવઠા શૃંખલાઓને મજબૂત બનાવવાની છે.

જેમ કે અસરકારક અમલીકરણ રાજ્ય સ્તરે થાય છે, તેથી બેઠકમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સતત સંવાદ અને સંકલનની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં સમયસર માહિતીની આપ-લે અને સંયુક્ત નિર્ણય લેવાનો સમાવેશ થાય છે, જેથી ઝડપી અને સુવ્યવસ્થિત પ્રતિસાદ સુનિશ્ચિત કરી શકાય.



## આબકારી જકાતમાં ઘટાડો...

બેઠક દરમિયાન, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે સરકાર વર્તમાન કટોકટીને પહોંચી વળવા માટે સક્રિયપણે કામ કરી રહી છે. રાંધણ ગેસની સમયસર ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને પેટ્રોલ તથા ડીઝલ પરની આબકારી જકાતમાં ઘટાડો કરવા જેવા સકારાત્મક પગલાં લેવામાં આવ્યાં છે. તેમણે પ્રવર્તમાન પરિસ્થિતિને પહોંચી વળવા માટે તમામ રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશો અને કેન્દ્ર દ્વારા સામૂહિક કાર્યવાહીની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.




## વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો

વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે પરિસ્થિતિ સ્થિર છે, પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસની પૂરતી ઉપલબ્ધતા છે અને આવશ્યક ચીજવસ્તુઓનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે સતત દેખરેખ પ્રણાલી અમલમાં છે. તેમણે ઈંધણ પરની આબકારી જકાત ઘટાડવાના નિર્ણયને વ્યાપકપણે આવકાર્યો હતો, અને નોંધ્યું હતું કે તે વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે નાગરિકોને નોંધપાત્ર રાહત આપશે. મુખ્યમંત્રીઓએ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો માટે વ્યાપારી રાંધણ ગેસની ફાળવણી કટોકટી પૂર્વેના સ્તરના 50%થી વધારીને 70% કરવાના નિર્ણયને પણ આવકાર્યો હતો.

### સંગ્રહખોરી અને નફાખોરી સામે કડક પગલાં

પ્રધાનમંત્રી મોદીએ રાજ્યોને પુરવઠા શૃંખલાનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવા અને સંગ્રહખોરી તથા નફાખોરી સામે કડક પગલાં લેવા અનુરોધ કર્યો છે. વર્તમાન કટોકટીમાંથી ઉદ્ભવતા કોઈપણ વિક્ષેપને રોકવા માટે રાજ્ય અને જિલ્લા સ્તરે નિયંત્રણ કક્ષોને સક્રિય કરવા તેમજ વહીવટી તકેદારી જાળવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આગામી ખરીફ સીઝન દરમિયાન ખેડૂતોને કોઈ મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવા માટે, ખાતરના સંગ્રહ અને વિતરણ પર દેખરેખ સહિત કૃષિ ક્ષેત્રમાં આગોતરા આયોજનની જરૂરિયાત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

### અફવાઓ પર ધ્યાન આપશો નહીં

ખોટી માહિતી અને અફવાઓના ફેલાવા સામે ચેતવણી આપતા, પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે ગભરાટ ફેલાતો અટકાવવા માટે સચોટ અને વિશ્વસનીય માહિતીનો સમયસર પ્રસાર અનિવાર્ય છે. તેમણે નાગરિકોને ઓનલાઈન છેતરપિંડી અને ઠગ એજન્ટો સામે સતર્ક રહેવાની પણ સલાહ આપી હતી.

આવશ્યક ચીજવસ્તુઓની ઉપલબ્ધતા અંગે ખાતરી આપવાથી જનતામાં બિનજરૂરી ડર ફેલાતો અટકાવવામાં મદદ મળશે. જે રાજ્યોના નાગરિકો પશ્ચિમ એશિયામાં વસે છે, તેમને હેલ્પલાઈન સક્રિય કરવા, નોડલ અધિકારીઓની નિમણૂક કરવા અને અસરગ્રસ્ત પરિવારોને મદદ કરવા તથા માહિતીનો સમયસર પ્રવાહ સુનિશ્ચિત કરવા માટે જિલ્લા સ્તરે સહાયતા પ્રણાલી સ્થાપિત કરવા વિનંતી કરવામાં આવી હતી.

### વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતોને પ્રોત્સાહન આપવું

રાજ્યોને વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતો – જેમ કે જૈવિક બળતણ, સૌર ઊર્જા, ગોવર્ધન યોજના અને ઈલેક્ટ્રિક વાહનોના પ્રસારને વેગ આપવા વિનંતી કરવામાં આવી છે – તેમજ પાઈપ્ડ નેચરલ ગેસ જોડાણોના વિસ્તરણને ઝડપી બનાવવા પણ જણાવાયું છે. રાજ્યોના સક્રિય સહકાર સાથે સ્થાનિક તેલ અને કુદરતી ગેસના સંશોધનને વધારવાના મહત્વ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે 'ટીમ ઈન્ડિયા' તરીકે સાથે મળીને કામ કરવાથી રાષ્ટ્ર આ પરિસ્થિતિ પર સફળતાપૂર્વક વિજય મેળવશે. ■



## ખેલો ઈન્ડિયાનો એક દાયકો

# ખેલકૂદ ક્રાંતિને પ્રોત્સાહન

***ભારતમાં, એક સમયે રમતગમત માત્ર બાળકો માટે મનોરંજનનું સાધન હતું-જે ગૃહકાર્ય અને શાળા વચ્ચેના ટૂંકા વિરામ પૂરતું મર્યાદિત હતું. રમતગમત એક સદ્ધર કારકિર્દીનો માર્ગ બની શકે નહીં તેવી ધારણા વ્યાપક હતી. આ માનસિકતા રમતગમતનાં મર્યાદિત માળખા અને રમતગમત કરતાં શિક્ષણને વધુ પ્રાધાન્ય આપવાની સામાજિક વૃત્તિમાંથી જન્મી હતી. આ પૃષ્ઠભૂમિમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વ હેઠળની સરકારે આ માનસિકતાને બદલવાનો પ્રયાસ કર્યો અને રમતગમત ક્ષેત્રે યુવાનોમાં કારકિર્દીની આકાંક્ષાઓ જગાડી. આજે, ભલે તે લદ્દાખના સાયકલ સવાર ત્સેવાંગ નોર્બુ હોય, નાગાલેન્ડના પેરા-ઍથ્લેટ હોકાટો હોટોઝે સેમા હોય, અથવા 'ખેલો ઈન્ડિયા' યોજના હેઠળ તૈયાર થયેલા 2,900થી વધુ રમતવીરો હોય, આ પહેલ આ ખેલાડીઓને અભૂતપૂર્વ ઊંચાઈઓ પર લઈ જઈ રહી છે.***

ખેલો ઈન્ડિયા યોજના રાષ્ટ્રીય રમતગમત વિકાસ કાર્યક્રમ તરીકે શરૂ કરવામાં આવી હતી. 22 એપ્રિલ, 2016ના રોજ, રમતગમતમાં વ્યાપક જનભાગીદારી અને શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવા માટે, સક્ષમ સત્તાધિકારીઓને આ માટેનો મંજૂરી પત્ર મોકલવામાં આવ્યો હતો. 27 સપ્ટેમ્બર, 2016ના રોજ, કાર્યક્રમમાં કેટલાક સુધારા કરવામાં આવ્યા હતા. આ પહેલ હેઠળ, રમતગમતની માળખાકીય સુવિધાઓનાં નિર્માણ અને અપગ્રેડેશન, રમતગમત સ્પર્ધાઓનું આયોજન અને પ્રતિભા વિકાસ, ફિટ ઈન્ડિયા અભિયાન અને રમતગમત દ્વારા સર્વસમાવેશકતાના પ્રોત્સાહન પર ધ્યાન કેન્દ્રિત કરીને કામ શરૂ કરવામાં આવ્યું હતું.

પરિણામે, રમતગમત એક સંગઠિત અને સુવ્યવસ્થિત ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યું છે. છેલ્લા દાયકામાં, રાષ્ટ્રે માત્ર આ ક્ષેત્રોમાં અનેક સીમાચિહ્નો જ હાંસલ કર્યા નથી, પરંતુ આ યોજના દ્વારા મોટા પાયે રમતગમતની પ્રતિભાઓને સફળતાપૂર્વક શોધી કાઢી છે. વિશ્વસ્તરીય માળખાગત સુવિધાઓ, કઠોર તાલીમ અને



## પ્રતિભાને નિખારવા માટે નવી સહાયક પ્રણાલી...

# ખેલો ઈન્ડિયા મિશન

રમતગમતનું ક્ષેત્ર રોજગારી, કૌશલ્ય વિકાસ અને કારકિર્દીની પ્રગતિ માટે અનેક તકો પ્રદાન કરે છે. આ જ કારણે કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ 2026-27નાં બજેટમાં ખેલો ઈન્ડિયા મિશન શરૂ કરવાની જાહેરાત કરી છે. આ મહત્વપૂર્ણ પહેલ હેઠળ, પ્રતિભાની ઓળખ, વિકાસ, શ્રેષ્ઠતાનાં કેન્દ્રો તરીકે સેવા આપતી માળખાગત સુવિધાઓનાં નિર્માણ અને રોજગારીની તકો ઊભી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ખેલો ઈન્ડિયા મિશનનો ઉદ્દેશ્ય પ્રતિભાશાળી રમતવીરોને તેમના પ્રારંભિક તબક્કાથી લઈને વ્યાવસાયિક સ્તર સુધી પહોંચવા માટે જરૂરી દરેક પ્રકારની સહાય પૂરી પાડવા માટે રચાયેલ એક વ્યાપક ઈકોસિસ્ટમ સ્થાપિત કરવાનો છે. આ મિશનના ઉદ્દેશ્યોમાં રાજ્ય સ્તરની યોજનાઓ દ્વારા દરેક જિલ્લામાં ખેલો ઈન્ડિયા તાલીમ કેન્દ્ર સ્થાપિત કરવા; રમતગમત વિજ્ઞાન, રમતગમત મનોવિજ્ઞાન અને પોષણને આવરી લેતા પદ્ધતિસરના પગલાં અમલમાં મૂકવા; વાસ્તવિક સમયના નિરીક્ષણ માટે ડેટા પ્લેટફોર્મ બનાવવું; અને 2036 સુધીમાં ભારતને વિશ્વના અગ્રણી રમતગમત રાષ્ટ્રોમાં સ્થાન અપાવવાનો સમાવેશ થાય છે.

## આંતરરાષ્ટ્રીય સ્તરે ચંદ્રક જીતવાની ઉચ્ચ ક્ષમતા ધરાવતી 14 રમતો પર ભાર

ખેલો ઈન્ડિયા પહેલ અંતર્ગત, કેન્દ્ર સરકારે રાજ્યોના સહયોગથી 'એક રાજ્ય, એક રમત' અભિગમ પર ભાર મૂક્યો છે. તદુપરાંત, આગામી ઑલિમ્પિક રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન સુનિશ્ચિત કરવા માટે, ચંદ્રક જીતવાની ઉચ્ચ સંભાવના ધરાવતી 14 ચોક્કસ રમતગમત શાખાઓની પસંદગી કરવામાં આવી છે. સરકારે રાજ્યોને ખેલો ઈન્ડિયા પહેલ હેઠળના કોઈપણ પ્રસ્તાવ કે કાર્યક્રમોમાં આ 14 રમતોને પ્રાથમિકતા આપવા સૂચના આપી છે, જેનો ઉદ્દેશ્ય વધુમાં વધુ રમતવીરોને આ રમતો તરફ આકર્ષિત કરવાનો અને તેમના પ્રદર્શનમાં શ્રેષ્ઠતા લાવવાનો છે.

## આ મિશનના પાંચ મુખ્ય સ્તંભો

- પ્રતિભાશાળી રમતવીરોની ઓળખ કરવા અને તેમને વ્યાવસાયિક સ્તરની નિપુણતા સુધી માર્ગદર્શન આપવા માટે વિવિધ સ્તરે તાલીમ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે.
- પ્રશિક્ષકો (કોચ) અને સહાયક કર્મચારીઓ માટે કૌશલ્ય વિકાસ અને ક્ષમતા વર્ધન કાર્યક્રમો ચલાવવામાં આવશે.
- રમતગમત ક્ષેત્રે રમત વિજ્ઞાન અને અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગને વેગ આપવામાં આવશે.
- રમતગમતની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા અને યોગ્ય મંચ પૂરો પાડવા માટે વિવિધ સ્પર્ધાઓ અને લીગનું આયોજન કરવામાં આવશે.
- તાલીમ અને સ્પર્ધાઓ એમ બંને માટે અનુકૂળ રહે તે રીતે રમતગમતની માળખાગત સુવિધાઓનો વિકાસ કરવામાં આવશે.

**તીરંદાજી, બૉક્સિંગ, શૂટિંગ, બૅડમિન્ટન, કુસ્તી, હૉકી, વેઈટલિફ્ટિંગ, સાયકલિંગ, ઍથ્લેટિક્સ, ટેબલ ટેનિસ, જ્યુડો, સ્વિમિંગ, ફેન્સિંગ (તલવારબાજી), રોઈંગ (નૌકાયન).**




આર્થિક સહાયથી સશક્ત બનેલા ભારતના યુવાનો હવે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બંને મંચો પર પોતાની હાજરીનો અહેસાસ કરાવી રહ્યા છે; જ્યારે ભારતીય રમતવીરો પૉડિયમ પર ગર્વભેર ઊભા રહે છે, ત્યારે અસંખ્ય આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં હવે રાષ્ટ્રગીતની ગુંજ સાંભળી શકાય છે.

ખેલો ઈન્ડિયા, ટાર્ગેટ ઑલિમ્પિક પૉડિયમ સ્કીમ (ટોપ્સ) અને કીર્તિ (ખેલો ઈન્ડિયા રાઈઝિંગ ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન) જેવી યોજનાઓએ રમતવીરો માટે તેમની કારકિર્દીના દરેક તબક્કે એક વ્યાપક સહાયક માળખું ઊભું કર્યું છે. શાળા અને વિશ્વવિદ્યાલય સ્તરે રમતવીરોની ઓળખ કરી તેમને તૈયાર કરવાની પ્રક્રિયા

# ખેલો ઈન્ડિયા હેઠળ વિકસિત માળખાગત સુવિધાઓ

**1067**
ખેલો ઈન્ડિયા કેન્દ્રો કાર્યરત છે જે 750થી વધુ જિલ્લાઓને આવરી લે છે.

**322**
માન્ય અકાદમીઓ રમતવીરોની તાલીમ માટે કાર્યરત છે.

**27,500**
રમતવીરો હાલ ખેલો ઈન્ડિયા કેન્દ્રોમાં તાલીમ લઈ રહ્યા છે.

## ખેલો ઈન્ડિયાનાં બજેટમાં 8 ગણો વધારો

2016-17: 118 કરોડ રૂપિયા
2026-27: 928 કરોડ રૂપિયા




2,905 જેટલા ખેલો ઈન્ડિયાના ખેલાડીઓ 22 રમતોમાં છે અને તેમને તેમની પશ્ચાદભૂમિકા ગમે તે હોય, વાર્ષિક 6,28,400 રૂપિયાનું સહાય પૅકેજ મળે છે, જેમાં પ્રશિક્ષણ, સાધનો, તબીબી સારવાર અને માસિક ભથ્થાનો સમાવેશ થાય છે.

**344**
નવા રમતગમત માળખાગત પ્રોજેક્ટ્સ 32 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મંજૂર કરવામાં આવ્યા છે.

**3,158** કરોડ રૂપિયા
આ પ્રોજેક્ટ્સનો અંદાજિત ખર્ચ છે.

- 17,000થી વધુ રમતગમત સુવિધાઓનું નકશાંકન કરવામાં આવ્યું છે, જેમાંથી 2,500થી વધુ ઑલિમ્પિક ધોરણો મુજબની છે.
- 47,012 રમતવીરોએ અત્યાર સુધી ખેલો ઈન્ડિયા રમતોમાં ભાગ લીધો છે.
- 1,327 પ્રશિક્ષકો અને સહાયક કર્મચારીઓ હાલમાં સેવામાં કાર્યરત છે.
- 23.68 કરોડ લોકો ફિટ ઈન્ડિયા અભિયાનમાં સહભાગી થયા છે.
- 4,50,445 શાળાઓને ફિટ ઈન્ડિયા ધ્વજ એનાયત કરવામાં આવ્યા છે.

**ખેલો ઈન્ડિયામાં રાષ્ટ્રીય અને પરંપરાગત રમતો: મલ્લખંભ, કલરીપયટ્ટુ, ગતકા, થાંગ-ટા, યોગાસન અને સિલમ્બમ**



***આજે, આપણી પાસે ખેલો ઈન્ડિયા કાર્યક્રમ, યુનિવર્સિટી ગેમ્સ, ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ, ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ અને ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ છે–જે સૂચવે છે કે વિવિધ સ્તરે સમગ્ર વર્ષ દરમિયાન સતત સ્પર્ધાત્મક કાર્યક્રમો યોજાય છે. આનાથી આપણા રમતવીરોનો આત્મવિશ્વાસ વધે છે અને તેમની પ્રતિભાને સાચા અર્થમાં ખીલવાની તક મળે છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

તેમજ મહિલાઓ, પેરા-ઍથ્લેટ્સ અને આદિવાસી રમતવીરોની ભાગીદારી વધારવાના પ્રયાસોને વેગ આપવામાં આવ્યો છે. પરિણામે, છેલ્લા દાયકાને ભારતના રમતગમત પ્રદર્શન માટે સુવર્ણ યુગ તરીકે જોઈ શકાય છે, જેમાં ઑલિમ્પિક્સ, પેરાલિમ્પિક્સ અને એશિયન ગેમ્સ જેવા આંતરરાષ્ટ્રીય મંચો પર વિક્રમી પ્રદર્શન જોવા મળ્યું છે.

કલ્યાણકારી યોજનાઓ અને પહેલ દ્વારા, સરકાર માત્ર પાયાના સ્તરે પ્રતિભાઓને ઓળખીને તેમને નિખારી જ રહી નથી, પરંતુ રમતવીરોને તેમની સમગ્ર કારકિર્દી દરમિયાન અને તે પછી પણ સહાય મળે તે સુનિશ્ચિત કરી રહી છે. માળખાગત સુવિધાઓ, તાલીમ અને રમતવીરોના કલ્યાણમાં નોંધપાત્ર રોકાણ સાથે, ભારત રમતગમત ક્ષેત્રે વૈશ્વિક અગ્રણી બનવાના આશાસ્પદ માર્ગ પર છે.

### ખેલો ઈન્ડિયા રમતગમત વિકાસ માટેનો મંચ બન્યું છે

ખેલો ઈન્ડિયાએ રમતગમત કૌશલ્યોને શોધવા, નિખારવા અને પ્રદર્શિત કરવા માટે તેમજ પ્રતિભાશાળી બાળકોને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે સહાય પૂરી પાડતા મંચ તરીકે પોતાની ઓળખ સ્થાપિત કરી છે. ખેલો ઈન્ડિયા ટ્રાઈબલ ગેમ્સ 2026 સહિત ખેલો ઈન્ડિયા રમતોની 23 આવૃત્તિઓ યોજાઈ છે. જેમાં ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સની સાત આવૃત્તિઓ, ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સની

**અન્ય રમતગમત યોજનાઓ**

## ટોપ્સઃ રમતવીરોને ઑલિમ્પિક વિજય મંચ માટે તૈયાર કરે છે

ટાર્ગેટ ઑલિમ્પિક પૉડિયમ સ્કીમ (ટોપ્સ) વર્ષ 2014થી કાર્યરત છે. તેનો ઉદ્દેશ ઑલિમ્પિક અને પેરાલિમ્પિક રમતોમાં ભારતની ચંદ્રક જીતવાની સંભાવનાઓને વધારવાનો છે. આ યોજના હેઠળ, અસાધારણ ક્ષમતા ધરાવતા રમતવીરોની ઓળખ કરવામાં આવે છે અને તેમને કસ્ટમાઈઝ્ડ, શરૂઆતથી અંત સુધીની સહાય પૂરી પાડવામાં આવે છે. ટોપ્સ તાલીમ, રમત વિજ્ઞાન અને સહાયક સેવાઓ સહિતની વ્યાપક શ્રેણીબદ્ધ સહાય આપે છે – સાથે 'મુખ્ય' રમતવીરો માટે દર મહિને 50,000 રૂપિયા અને 'વિકાસ' (ડેવલપમેન્ટ) રમતવીરો માટે 25,000 રૂપિયાનું માસિક ભથ્થું આપવામાં આવે છે.

### ટોપ્સ હેઠળ પૂરી પાડવામાં આવતી સહાય

**51** મુખ્ય રમતવીરો | **52** પેરા મુખ્ય રમતવીરો

**130** વિકાસ રમતવીરો





## ખેલો ઈન્ડિયા ટ્રાઈબલ ગેમ્સ

આ અગાઉ, ખેલો ઈન્ડિયા પહેલ હેઠળ ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ, ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ, ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ, ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ, ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ અને ખેલો ઈન્ડિયા વોટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે–ખૂબ જ પ્રથમ વખત–ખેલો ઈન્ડિયા ટ્રાઈબલ ગેમ્સનું આયોજન 25 માર્ચથી 6 એપ્રિલ દરમિયાન છત્તીસગઢનાં ત્રણ શહેરોમાં કરવામાં આવ્યું હતુંઃ રાયપુર, જગદલપુર અને સુરગુજા. આ કાર્યક્રમમાં સાત રમતગમત શાખાઓમાં ચંદ્રક સ્પર્ધાઓ યોજાઈ હતીઃ ઍથ્લેટિક્સ, ફૂટબોલ, હૉકી, વેઈટલિફ્ટિંગ, તીરંદાજી, સ્વિમિંગ અને કુસ્તી.



***ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે રમતગમતમાં પોતાનું વર્ચસ્વ વધારવા માટે કામ કરી રહ્યું છે, જે અંતર્ગત શાળા સ્તરે જ રમતગમતની પ્રતિભાને ઓળખીને તેમને તાલીમ આપવામાં આવી રહી છે. 'ખેલો ઈન્ડિયા'થી લઈને 'ટોપ્સ' યોજના સુધી, આ હેતુ માટે એક આખી ઈકોસિસ્ટમ વિકસાવવામાં આવી છે.***

*- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

પાંચ આવૃત્તિઓ, ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સની પાંચ આવૃત્તિઓ, ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સની બે આવૃત્તિઓ, ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સની બે આવૃત્તિઓ અને ખેલો ઈન્ડિયા વોટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલની એક આવૃત્તિનો સમાવેશ થાય છે. આ રમતોમાં 60,000થી વધુ રમતવીરોએ ભાગ લીધો છે.

### 34 રમતોમાં મહિલાઓ માટે લીગનું આયોજન

રમતગમતમાં મહિલાઓની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે ખેલો ઈન્ડિયા મહિલા લીગનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ફેબ્રુઆરી 2026 સુધીમાં, 34 રમતગમત શાખાઓમાં મહિલા લીગનું આયોજન કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં 2,407 સ્પર્ધાઓ યોજાઈ છે અને 2,00,000થી વધુ સહભાગીઓએ તેમાં ભાગ લીધો છે.

### જમ્મુ અને કાશ્મીરના દરેક જિલ્લામાં 5 ખેલો ઈન્ડિયા કેન્દ્રો

ખેલો ઈન્ડિયા યોજના હેઠળ, સામાન્ય માપદંડો મુજબ જમ્મુ અને કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશના દરેક જિલ્લામાં 5 ખેલો ઈન્ડિયા કેન્દ્રો સ્થાપિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીર માટે આ એક વિશેષ પહેલ છે. અત્યાર સુધીમાં, કેન્દ્રશાસિત પ્રદેશમાં 100 ખેલો ઈન્ડિયા કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે.

### કીર્તિઃ બાળકોમાં રમતગમતની પ્રતિભા ઓળખવાની પહેલ

કીર્તિ (ખેલો ઈન્ડિયા રાઈઝિંગ ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન)એ 9થી 18 વર્ષની વયનાં બાળકોમાં રમતગમતની પ્રતિભાને ઓળખવા અને નિખારવા માટેની દેશવ્યાપી પહેલ છે. દેશભરમાં 174થી વધુ પ્રતિભા મૂલ્યાંકન કેન્દ્રો દ્વારા પ્રતિભાઓની ઓળખ કરવામાં આવી રહી છે. આ પહેલ યુવા રમતવીરોની એક મજબૂત શૃંખલા સુનિશ્ચિત કરે છે જે ભારતને વૈશ્વિક રમતગમતમાં નવી ઊંચાઈઓ પર લઈ જઈ શકે છે. કીર્તિનો ઉદ્દેશ ભારતને 2036 સુધીમાં વિશ્વના ટોચના 10 અને 2047 સુધીમાં ટોચના 5 રમતગમત રાષ્ટ્રોમાં સ્થાન અપાવવા માટે રમતવીરોનું એક ટકાઉ અને સુસંગત જૂથ તૈયાર કરવાનો છે. ■

**વિશ્વ ધરોહર દિવસ: 18 એપ્રિલ, 2026**

# વિશ્વ ધરોહરમાં સમાવિષ્ટ

# રાષ્ટ્રનો સાર

આપણી ધરોહર માત્ર પથ્થરો, લિપિઓ અથવા અવશેષોથી બનેલી નથી. તે મંદિરની દીવાલોના દરેક ગુંજારવમાં, પ્રાચીન કિલ્લાઓ પરના દરેક કોતરકામમાં અને પેઢી દર પેઢી ઉતરી આવેલા દરેક લોકગીતમાં જીવંત છે. દર વર્ષે 18 એપ્રિલે ઉજવવામાં આવતો વિશ્વ ધરોહર દિવસ આપણને યાદ અપાવે છે કે આ અમૂલ્ય ખજાનાની માત્ર પ્રશંસા જ નહીં, પણ તેનું જતન કરવું પણ અનિવાર્ય છે...



*"સાંસ્કૃતિક વારસો એ માત્ર ઈતિહાસ નથી; બલકે, તે માનવતાની સહિયારી ચેતના છે. જ્યારે પણ આપણે ઐતિહાસિક સ્થળોને જોઈએ છીએ, ત્યારે આપણું મન વર્તમાન ભૌગોલિક રાજકીય પરિબળોથી પર થઈ જાય છે."*

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



## વિશ્વ ધરોહર દિવસ દર વર્ષે 18 એપ્રિલે ઉજવવામાં આવે છે

વિશ્વ ધરોહર દિવસ દર વર્ષે 18 એપ્રિલે ઉજવવામાં આવે છે. તેને 'સ્મારકો અને સ્થળો માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસ માનવ ધરોહરના સન્માન અને રક્ષણ માટે સમર્પિત છે. આ દિવસની ઉજવણીની શરૂઆત વર્ષ 1982માં ઈકોમોસ (ICOMOS - ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન મોન્યુમેન્ટ્સ એન્ડ સાઈટ્સ) દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ, વર્ષ 1983માં યુનેસ્કો દ્વારા તેને સત્તાવાર રીતે અપનાવવામાં આવ્યો હતો.

## દેશમાં 44 વિશ્વ ધરોહર સ્થળો

સાંસ્કૃતિક વિશ્વ ધરોહર સ્થળો **36**

કુદરતી વિશ્વ ધરોહર સ્થળો **07**

મિશ્ર વિશ્વ ધરોહર સ્થળો **01**



## વર્ષ 2014થી યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં અંકિત ધરોહર સ્થળો



2021

કાકતીય રુદ્રેશ્વર (રામપ્પા) મંદિર, તેલંગાણા



2014

રાણીની વાવ, પાટણ, ગુજરાત



2014

ગ્રેટ હિમાલયન રાષ્ટ્રીય ઉદ્યાન, હિમાચલ પ્રદેશ




2016

નાલંદા મહાવિહાર (નાલંદા વિશ્વવિદ્યાલય)નું પુરાતત્વીય સ્થળ, બિહાર



2016

લી કોર્બુઝિયરનું સ્થાપત્ય કાર્ય, ચંદીગઢ



2025

ભારતના મરાઠા સૈન્ય લેન્ડસ્કેપ્સ, મહારાષ્ટ્ર




2016

ખાંગચેન્ડઝોંગા રાષ્ટ્રીય ઉદ્યાન, સિક્કિમ




2017

અમદાવાદ ઐતિહાસિક શહેર, ગુજરાત



2018

મુંબઈનું વિક્ટોરિયન અને આર્ટ ડેકો એન્સેમ્બલ, મહારાષ્ટ્ર



2019

જયપુર શહેર, રાજસ્થાન



2021

ધોળાવીરા: એક હડપ્પીય શહેર, ગુજરાત



2023

હોયસલાના પવિત્ર મંદિરો, કર્ણાટક



2023

શાંતિનિકેતન, વિશ્વ ભારતી



2024

મોઈદમ્સ - અહોમ વંશની ટીંબા-દફન પ્રણાલી, આસામ

## વર્ષ 2014થી યુનેસ્કોની યાદીમાં અંકિત અમૂર્ત સાંસ્કૃતિક વારસો

| | |
|---|---|
| જંડિયાલા ગુરુ: પંજાબના ઠઠેરાઓ દ્વારા પિત્તળ અને તાંબાના વાસણો બનાવવાની પરંપરાગત કળા | 2014 |
| યોગ, તમામ રાજ્યો | 2016 |
| નવરોઝ, તમામ રાજ્યો | 2016 |
| કુંભ મેળો, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ | 2017 |
| કોલકાતાની દુર્ગા પૂજા, પશ્ચિમ બંગાળ | 2021 |
| ગુજરાતના ગરબા | 2023 |

## વિશ્વ ધરોહર યાદીમાં સમાવેશ કરવા માટે રજૂ કરાયેલા પ્રસ્તાવો



પ્રાચીન બૌદ્ધ સ્થળ, સારનાથ

2025-26



જિંગકિએંગજરી / લ્યુ ચારાઈ સાંસ્કૃતિક લેન્ડસ્કેપ

2026-27



# ભારતની એઆઈ અને સેમિકન્ડક્ટર પહેલ સમગ્ર માનવજાતને લાભ પહોંચાડશે

*આજે, જ્યારે વિશ્વ ભારતની પ્રગતિ અને વિકાસની ગાથા વિશે વાત કરે છે, ત્યારે 'ગુજરાત મૉડલ'ના વ્યાપક વખાણ થાય છે. ગુજરાતે બતાવ્યું છે કે વિકાસ માટે માળખાગત પ્રોજેક્ટ્સ જેટલી જ મહત્વની કલ્યાણકારી યોજનાઓ છે. આ જ દિશામાં, 31 માર્ચના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતને 20,000 કરોડ રૂપિયાથી વધુના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની ભેટ આપી હતી. વધુમાં, તેમણે તેમની મુલાકાત દરમિયાન ધરોહર સાથે સંકળાયેલા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો અને જણાવ્યું હતું કે 21મી સદીનું ભારત માત્ર પરિવર્તનનું સાક્ષી નથી પરંતુ તે પરિવર્તનનું નેતૃત્વ કરવાના મક્કમ સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે...*

ભારતીય નેતૃત્વનું વિઝન એકદમ સ્પષ્ટ છે: સાચો વિકાસ ત્યારે સાકાર થાય છે જ્યારે ગામડાંઓ બજારો સાથે, ખેડૂતો તકો સાથે અને યુવાનો રોજગાર સાથે જોડાય. આ જ વિઝન રાષ્ટ્રને માત્ર માળખાગત સુવિધાઓમાં સતત નોંધપાત્ર રોકાણ કરવા માટે જ નહીં પરંતુ આ પ્રોજેક્ટ્સ સમયસર પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે પણ પ્રેરે છે, જેથી તેના લાભો સીધા નાગરિકો સુધી પહોંચાડવામાં આવે. આ ઉદ્દેશ્યને અનુરૂપ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 31 માર્ચના રોજ ગુજરાત પધાર્યા હતા, જ્યાં તેમણે ત્રણ જાહેર સભાઓને સંબોધિત કરી હતી. વાવ-થરાદમાં, તેમણે ગામડાંઓને બજારો સાથે જોડવા માટે તૈયાર કરાયેલા અનેક રોડ અને રેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સનું શિલાન્યાસ અને ઉદ્‌ઘાટન કર્યું હતું; તે જ સમયે, સાણંદ, અમદાવાદમાં, તેમણે રોજગારની તકોમાં નોંધપાત્ર વધારો કરવા

> **ભારતનો સેમિકન્ડક્ટર ઉદ્યોગ વિવિધ રાજ્યોમાં ઝડપથી આગળ વધી રહ્યો છે, જે અસંખ્ય યુવાનો માટે નવી તકો ઊભી કરી રહ્યો છે. અમે હવે આ પ્રયાસોને વધુ વિસ્તારવા માટે 'સેમિકન્ડક્ટર મિશન 2.0' પર કામ કરી રહ્યા છીએ.**
>
> – નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રીનો આખો કાર્યક્રમ નિહાળવા આ ક્યુઆર કોડ સ્કેન કરો




પ્રધાનમંત્રી મોદીએ 9 સંકલ્પોનું પુનરાવર્તન કર્યું અને

## 10મો સંકલ્પ ઉમેર્યો

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું છે કે જ્યારે આપણે સમાજ અને રાષ્ટ્રનાં લક્ષ્યો માટે કામ કરવા માટે વ્યક્તિગત આકાંક્ષાઓથી ઉપર ઉઠીએ છીએ, ત્યારે દેશનો વિકાસ વધુ વેગ પકડે છે. આ ભાવનાને વિસ્તરતા, પ્રધાનમંત્રી મોદીએ અગાઉ રાષ્ટ્ર સમક્ષ મૂકેલા નવ સંકલ્પોમાં 10મો સંકલ્પ ઉમેર્યો...

1. પ્રથમ સંકલ્પ: પાણી બચાવવું
2. બીજો સંકલ્પ: એક પેડ મા કે નામ
3. ત્રીજો સંકલ્પ: સ્વચ્છતા અભિયાન
4. ચોથો સંકલ્પ: સ્થાનિક ઉત્પાદનો માટે અવાજ ઉઠાવવો (વોકલ ફોર લોકલ)
5. પાંચમો સંકલ્પ: દેશ દર્શન
6. છઠ્ઠો સંકલ્પ: પ્રાકૃતિક ખેતી
7. સાતમો સંકલ્પ: સ્વસ્થ જીવનશૈલી
8. આઠમો સંકલ્પ: યોગ અને રમતગમત
9. નવમો સંકલ્પ: ગરીબોને મદદ કરવી

## સાણંદ 'કેન્સ સેમિકોન' પ્લાન્ટનું ઉદ્ઘાટન

- કેન્સ સેમિકોન પ્લાન્ટમાં અત્યાધુનિક ઈન્ટેલિજન્ટ પાવર મોડ્યુલ્સના ઉત્પાદન સાથે વ્યાપારી ઉત્પાદન શરૂ થયું છે.
- ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સમાં, માઈક્રોન ટેકનોલોજી પછી વ્યાપારી ઉત્પાદન શરૂ કરનારી આ બીજી સેમિકન્ડક્ટર સુવિધા છે.
- પ્લાન્ટના તમામ તબક્કાઓ પૂર્ણ થયા પછી, તેની ઉત્પાદન ક્ષમતા દરરોજ 6.33 મિલિયન યુનિટ સુધી પહોંચશે.
- આ પ્રોજેક્ટ વિશેષ મહત્વ ધરાવે છે કારણ કે તે ભારતના બીજા આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (ઓએસએટી) અથવા એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકિંગ (એટીએમપી) એકમના ઉત્પાદન તબક્કામાં પ્રવેશને ચિહ્નિત કરે છે.
- આ સુવિધા સ્વદેશી સેમિકન્ડક્ટર પૅકેજિંગ ક્ષમતાઓ બનાવવામાં ફાળો આપશે, જેનાથી ભારતની ચિપ ઈકોસિસ્ટમમાં રહેલી મહત્વપૂર્ણ ખામી દૂર થશે.



## 2000 કરોડ રૂપિયાના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ

**વાવ-થરાદમાં, પ્રધાનમંત્રી મોદીએ 20,000 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો, ઉદ્ઘાટન કર્યું અને રાષ્ટ્રને સમર્પિત કર્યા.**

માટે તૈયાર કરાયેલા સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. વધુમાં, તેમણે જળ વ્યવસ્થાપન, પુનઃપ્રાપ્ય ઊર્જા અને પ્રવાસન સંબંધિત વિવિધ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. આ સાથે જ, ગાંધીનગરમાં, પ્રધાનમંત્રી મોદીએ મહાવીર જયંતીના શુભ અવસર પર સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયનું ઉદ્ઘાટન કર્યું. સાણંદ, ગુજરાતમાં, પ્રધાનમંત્રી મોદીએ CENS સેમિકોન OSAT સુવિધાનું ઉદ્ઘાટન કર્યું, જે એક એવું સીમાચિહ્ન છે જે ભવિષ્યની ટેકનોલોજી અને નવપ્રવર્તનમાં વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવવાના ભારતના પ્રયાસોને વધુ વેગ આપશે. પ્રધાનમંત્રી મોદીએ નોંધ્યું હતું કે જ્યારે માઈક્રોન પ્લાન્ટમાં ઉત્પાદન 28 ફેબ્રુઆરીએ શરૂ થયું હતું, ત્યારે CENS ટેકનોલોજીસ સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં ઉત્પાદન આજે, 31 માર્ચથી શરૂ થઈ રહ્યું છે. ભારત માટેની આ નોંધપાત્ર સિદ્ધિ પર વિચાર કરતા તેમણે જાહેર કર્યું: “આ ભારતનો 'ટેકેડ' (ટેકનોલોજીનો દશકો) છે!” ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સેમિકન્ડક્ટરનાં ક્ષેત્રોમાં આપણી પહેલના લાભો સમગ્ર માનવજાત અને સમગ્ર વિશ્વ સુધી પહોંચવા માટે તૈયાર છે. નવા પ્લાન્ટ્સ 'મેક ઈન ઈન્ડિયા' અને 'મેક ફોર ધ વર્લ્ડ'ને વધુ ગતિ આપશે. ભારત માને છે કે 21મી સદીનો આ સમયગાળો માત્ર આર્થિક સ્પર્ધાનો સમય નથી. આ ભવિષ્યના ટેકનોલોજી લેન્ડસ્કેપને આકાર આપવાનો સમય છે. તેથી, હું આ દશકાને ભારતનો 'ટેકેડ' (ટેકનોલોજીનો દશકો) કહું છું. આ દશકામાં ભારત ટેકનોલોજીના ક્ષેત્રમાં જે નિર્ણયો લઈ રહ્યું છે, તે આગામી દશકાઓમાં ભારતનાં નેતૃત્વને સશક્ત

## ઉદ્ઘાટન


## માર્ગ અને રેલવે કનેક્ટિવિટીમાં વધારો

**5,100** કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનેલા અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

**આ એક્સપ્રેસવે પ્રાદેશિક જોડાણને વધારશે અને ધોલેરા વિશેષ રોકાણ ક્ષેત્રમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપશે.**

- ગાંધીનગર-કોબા-એરપોર્ટ રોડ પર સ્થિત પીડીપીયુ જંક્શન ખાતે ફ્લાયઓવરનું ઉદ્ઘાટન.
- કાનાલુસ-જામનગર લાઈન બેવડીકરણ પ્રોજેક્ટ (28 કિમી), રાજકોટ-કાનાલુસ લાઈન બેવડીકરણ પ્રોજેક્ટ (111.20 કિમી)નો એક ભાગ અને ગાંધીધામ-આદિપુર સેક્શન લાઈનનું ચાર માર્ગીયકરણ (10.69 કિમી) રાષ્ટ્રને લોકાર્પણ.
- હિંમતનગર-ખેડબ્રહ્મા ગેજ પરિવર્તન પ્રોજેક્ટ (54.83 કિમી)નું ઉદ્ઘાટન, જે પ્રદેશમાં રેલ જોડાણ અને મુસાફરોની અવરજવરમાં સુધારો કરશે.
- ખેડબ્રહ્મા-હિંમતનગર-અસારવા ટ્રેન સેવાનું પ્રસ્થાન.

## વધારાની સુવિધાઓનું ઉદ્ઘાટન



**3,650** કરોડ રૂપિયાના ખાવડા પૂલિંગ સ્ટેશન-2 અને તેની સાથે સંકળાયેલ 4.5 ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જા ટ્રાન્સમિશન લાઈન પ્રોજેક્ટનું ઉદ્ઘાટન.

- અમદાવાદના અસારવા ખાતે સિવિલ હૉસ્પિટલમાં 858 બેડના આશ્રયસ્થાનનું ઉદ્ઘાટન, સાથે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ અને જીએમઈઆરએસ મેડિકલ કૉલેજમાં સમાન સુવિધાઓનું ઉદ્ઘાટન.
- અંદાજે 1,780 કરોડ રૂપિયાના ખર્ચે બે મુખ્ય પાણીની પાઈપલાઈનના પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત.
- વેજલપુર, અમદાવાદમાં હૉસ્ટેલ સુવિધાનું ઉદ્ઘાટન.

પ્રધાનમંત્રીનો આખો કાર્યક્રમ નિહાળવા આ ક્યુઆર કોડ સ્કેન કરો

## નીચેના પ્રોજેક્ટ્સ માટે શિલાન્યાસ કરવામાં આવ્યો:

- પાકા શોલ્ડર્સ સાથે ચાર-માર્ગીય ઈડર-બડોલી બાયપાસ રોડનું નિર્માણ.
- રાષ્ટ્રીય ધોરીમાર્ગ-754Kના ધોળાવીરા-મૌવાડા-વાઉવા-સાંતલપુર વિભાગ (પૅકેજ-2)નું પાકા શોલ્ડર્સ સાથે બે-માર્ગીય રોડમાં અપગ્રેડેશન.
- માર્ગ માળખાગત સુવિધાના અનેક મુખ્ય પ્રોજેક્ટ્સ, જેમાં ગાંધીનગર-કોબા-એરપોર્ટ રોડ પર ભાઈજીપુરા જંક્શન ખાતે નિર્માણ થનાર ફ્લાયઓવરનો સમાવેશ થાય છે. ફ્લાયઓવરની નીચે વ્યવસ્થિત પાર્કિંગની સુવિધાઓ ઉપલબ્ધ હશે.
- બનાસકાંઠામાં બાલારામ મહાદેવ અને વિશ્વેશ્વર મહાદેવ ખાતે પ્રવાસન માળખાગત કાર્યો માટે શિલાન્યાસ.
- અંબાજી અને તેની આસપાસના ગ્રામીણ વિસ્તારો માટે પાણી પુરવઠા યોજના. આ પહેલથી અંદાજે 1.5 લાખ લોકોને ફાયદો થશે.

અંદાજે **1,000** કરોડ રૂપિયાનું રોકાણ ગાંધીનગર જિલ્લામાં નિર્મિત ત્રણ સાબરમતી રિવરફ્રન્ટ વિસ્તરણ પ્રોજેક્ટ્સમાં કરવામાં આવ્યું છે.

બનાવશે. જો આપણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સ્વીકારવાની વાત કરીએ, તો ભારત વિશ્વમાં દરેક કરતાં આગળ છે. આપણે ભારતીયો ટેકનોલોજીનું અન્વેષણ કરીએ છીએ. ડિજિટલ ઈન્ડિયાની સફળતા, ફિનટેકમાં થઈ રહેલું ભવ્ય કાર્ય, આમાં આપણે ટેકનોલોજીમાં ભારતીયોનો વિશ્વાસ જોઈ શકીએ છીએ; તે બતાવે છે કે ટેકનોલોજી પ્રત્યે ભારતનો અભિગમ અત્યંત સકારાત્મક છે. મહાવીર જયંતીના અવસરે, પ્રધાનમંત્રી મોદીએ ગાંધીનગરમાં કોબા તીર્થ ખાતે સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયનું ઉદ્ઘાટન કર્યું હતું. સમ્રાટ અશોકના પૌત્ર, સમ્રાટ સંપ્રતિનાં નામે સ્થાપિત આ સંગ્રહાલય જૈન ધર્મના પ્રચાર અને પ્રસારમાં તેમની ભૂમિકા માટે જાણીતું છે. તેમણે નોંધ્યું હતું કે એવા સમયે જ્યારે અસ્થિરતા અને અશાંતિની આગ આખા વિશ્વને દઝાડી રહી છે, ત્યારે સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયનો સંદેશ માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર માનવજાત માટે અપાર મહત્વ ધરાવે છે. સેંકડો વર્ષ જૂનું અને તાડપત્રો તથા ભોજપત્રો પર અંકિત દુર્લભ જ્ઞાન કોબા તીર્થ ખાતે સાચવવામાં આવ્યું છે અને તેનું સંકલન કરવામાં આવ્યું છે. આ પ્રયાસ માત્ર આપણા ભૂતકાળને વર્તમાન સાથે જોડવાનો જ નહીં પરંતુ આપણા ભવિષ્ય માટે પણ અત્યંત ઉપયોગી સાબિત થશે. ■

X



PMO India
@PMOIndia

हमारी economy के fundamentals मज़बूत हैं।

और सरकार पल-पल बदलते हालात पर नज़र रखे हुए है।

सरकार, इसके short-term, medium-term और long-term,ऐसे हर प्रभाव के लिए एक रणनीति के साथ काम कर रही है: PM @narendramodi



रक्षा मंत्री कार्यालय/ RMO India
@DefenceMinIndia

लगभग पाँच वर्ष पहले, जब प्रधानमंत्री जी ने, सैनिक स्कूलों में बच्चियों के प्रवेश की शुरुआत का निर्णय लिया, तो वह एक ऐतिहासिक निर्णय था। वह निर्णय, हमारी नारी शक्ति के सशक्तिकरण की दिशा में, एक क्रांतिकारी कदम था। मुझे यह देखकर बड़ी प्रसन्नता होती है, कि इस विद्यालय की होनहार बालिकाओं ने, inter-school बास्केटबॉल, फुटबॉल, एथलेटिक्स तथा cultural programs में, उत्कृष्ट प्रदर्शन करके यह साबित कर दिया है, कि हमारी 'बेटियाँ', किसी भी क्षेत्र में, हमारे 'बेटों' से कम नहीं हैं: रक्षा मंत्री श्री @rajnathsingh



Office of Amit Shah
@AmitShahOffice

AI समिट में देश के युवाओं के लिए जो अवसर बनाने का काम मोदी जी कर रहे थे, उसमें कांग्रेस ने बाधा डालने का काम किया। इसे पूरे देश ने देखा है और इस पर निश्चित रूप से कठोर कार्रवाई होनी चाहिए :केन्द्रीय गृह मंत्री श्री @AmitShah जी
#AmitShahOnTimesNow



Nitin Gadkari
@nitin_gadkari

Union Cabinet, chaired by Prime Minister Shri @narendramodi Ji, has approved the Small Hydro Power (SHP) Development Scheme for FY 2026-27 to FY 2030-31. The initiative will promote projects of 1-25 MW capacity, particularly in hilly and North-Eastern regions with significant untapped potential.



Giriraj Singh
@girirajsinghbjp

माननीय प्रधानमंत्री जी के नेतृत्व में भारत स्मार्टफोन मैन्युफैक्चरिंग के क्षेत्र में एक प्रमुख वैश्विक हब के रूप में उभर रहा है।

स्मार्टफोन अब देश का सबसे बड़ा मर्चेंडाइज निर्यात बन चुका है, और अमेरिका को आपूर्ति के मामले में भारत ने चीन को पीछे छोड़ दिया है।

'मेक इन इंडिया' और PLI योजना के माध्यम से उत्पादन, निवेश, रोजगार और निर्यात में उल्लेखनीय वृद्धि दर्ज की गई है।



Dharmendra Pradhan
@dpradhanbjp

Until 2014, only 54 institutions from India were featured in the QS rankings. Today, that number has risen to 290.

This remarkable growth over the past 11-12 years stands as a global testament to our sustained efforts in strengthening and transforming the education sector.


आत्मनिर्भरता पर ज़ोर | गुजरात के साणंद में सेमीकंडक्टर प्लांट का किया उद्घाटन...

## मोदी ने 'मेड इन इंडिया-मेक फॉर द वर्ल्ड' का मंत्र दिया



## टीम इंडिया की भावना के साथ मिलकर करना होगा काम : मोदी


पश्चिम एशिया संकट पर मुख्यमंत्रियों के साथ बैठक में पीएम ने कहा-जमाखोरी के खिलाफ सख्त कदम उठाएं, हालात नियंत्रण में



जनता का विश्वास बनाए रखने पर जोर

पीएम ने की सराहना

## जल संरक्षण का कोरिया मॉडल बना राष्ट्रीय उदाहरण



## विमान मरम्मत केंद्र से आत्मनिर्भरता बढ़ेगी

प्रयास



संभावनाओं वाला बाजार

## 'युवा भारत' कर रहा राष्ट्र निर्माण : मोदी

चुनौतियों का मिलकर सामना करें देशवासी



## नोएडा एयरपोर्ट 'विकसित भारत-विकसित उत्तर प्रदेश' अभियान का नया अध्याय : पीएम मोदी

जेवर, 28 मार्च (दिनेश शर्मा/ चंद्रिका शर्मा): गौतम बुद्ध नगर के जेवर में निर्मित नोएडा इंटरनेशनल एयरपोर्ट के फेज-1 का लोकार्पण प्रधानमंत्री नरेंद्र मोदी ने शनिवार को किया। इस अवसर पर उन्होंने एयरपोर्ट के अत्याधुनिक कार्गो टर्मिनल

## प्रधानमंत्री की अपील- वैश्विक संकट का मिलकर करें सामना

पीएम मोदी ने कहा कि पश्चिमी एशिया में युद्ध दल

વિશ્વ પૃથ્વી દિવસ: 22 એપ્રિલ

# પૃથ્વીને બચાવવી એ સૌની ફરજ છે

"માતા ભૂમિઃ પુત્રોઽહં પૃથિવ્યાઃ", એટલે કે "આ પૃથ્વી આપણી માતા છે; આપણે તેના સંતાનો છીએ." આ દર્શાવે છે કે માનવતા અને પ્રકૃતિ વચ્ચેનો સંબંધ અતૂટ છે. એટલું જ નહીં, પૃથ્વી જીવનનું પોષણ કરે છે અને આપણા વિકાસ માટે આવશ્યક નિવસનતંત્રોને ટકાવી રાખે છે. આથી જ દર વર્ષે, 22 એપ્રિલને વિશ્વ પૃથ્વી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય પર્યાવરણ સુરક્ષાના હેતુ તરફ ધ્યાન ખેંચવાનો છે. તે જ સમયે, આપણા ગ્રહનાં સ્વાસ્થ્યને બચાવવા અને તેને સુધારવા માટે અત્યંત કાળજી અને પરોપકાર સાથે કામ કરવું એ આપણી ફરજ છે.





"પૃથ્વી દિવસ પર, હું આપણી ધરતીને વધુ બહેતર બનાવવા માટે કામ કરી રહેલા તમામ લોકોની પ્રશંસા કરું છું. પ્રકૃતિ સાથે સુમેળમાં રહેવાની આપણી સંસ્કૃતિને અનુરૂપ ટકાઉ વિકાસને આગળ વધારવા માટે ભારત કટિબદ્ધ છે. - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી


ન્યૂ ઈન્ડિયા
**સમાચાર**
પાક્ષિક

**આર.એન.આઈ., DELGUJ/2020/78812, 16-30 એપ્રિલ, 2026**

આરએનઆઈ DELGUJ/2020/78812 (પ્રકાશન તિથિ- 3 એપ્રિલ 2026, કુલ પાના-54)

મુખ્ય સંપાદક
ધિરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

પ્રકાશક
કંચન પ્રસાદ
મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યુરો

રૂમ નંબર-278, કેન્દ્રીય સંચાર બ્યુરો,
સૂચના ભવન, બીજો માળ, નવી
દિલ્હી- 110003 થી પ્રકાશિત